ગુજરાતી

# યુગ શક્તિ ગાયત્રી



જૂન ૧૯૯૮



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**દંતાલી :** જિલ્લા-આણંદ- વિઠ્ઠલભાઈ પટેલ કે જેઓ ગાયત્રી પરિવારના સક્રિય પરિજનોમાંથી એક હતા. પૂજ્ય ગુરુદેવના વિચારો પ્રત્યે તેમને ખૂબજ શ્રધ્ધા હતી. વિગત મહીનાઓમાં તેઓ શ્રીહરીચરણ થયા. કુંભ મેળામાં ગંગાસ્નાન સમયે તેમના ગંગા સ્વરૂપ પત્નિ કેલાશબેનને વિઠ્ઠલભાઈની સ્મૃતિમાં જ્ઞાનયજ્ઞ કરાવવાની પ્રેરણા થઈ. તેમને શાંતિકુંજમાં પેટલાદ તાલુકાની તમામ ૬૧ હાઈસ્કુલો માટે યુગ શક્તિ ગાયત્રીનું લવાજમ જમા કરાવી દીધું. આવા પુણ્ય કાર્ય માટે તેમના બાળકોએ પણ સાથ-સહકાર આપ્યો.

**સરખડી** જિલ્લા-અમરેલી : ઉપરોક્ત જ્ઞાનયજ્ઞના સમાચાર જાણી શાંતિકુંજમાં ત્રણ મહીનાનો સમયદાન આપી રહેલ શીવગિરિ બાપૂએ પોતાના દેશ હિતમાં શહીદ થયેલ ભારતમાતાના પણોતા પુત્ર રાષ્ટ્રપતિ એવાર્ડ વિજેતા વીર પ્રતાપગિરિની સ્મૃતિમાં જ્ઞાનયજ્ઞ માટે પોતાના તાલુકાની ૨૫ હાઈસ્કુલો માટે તત્કાલ યુગ શક્તિ ગાયત્રીનું લવાજમ જમા કરાવ્યુ. મિશનના સત્કાર્ય કરવા માટે શિવગિરિ બાપુને સ્થાનિક શાખાના કર્મઠ કાર્યકર શ્રીકરસનભાઈ વાળા તરફથી નિયમિત માર્ગદર્શન મળતું રહે છે.

**દેવલી દેદાની, જિલ્લા-અમરેલી :** જ્ઞાનયજ્ઞ માટે જગમાલભાઈ બારડે પોતાના સ્વર્ગસ્થ પિતા શ્રીસીદીભાઈની પુણ્ય તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૦/- તેમજ જગમાલભાઈના મોટાભાઈ સ્વર્ગસ્થ માલાભાઈની પુણ્ય સ્મૃતિમાં રૂા. ૧૦૦૦/- જમા કરાવી કોડીનાર તાલુકાની તમામ હાઈસ્કુલોમાં અખંડ જ્યોતિ હિંદી પત્રિકા તેમજ પ્રજ્ઞા અભિયાન પાક્ષિક માટેનું લવાજમ જમા કરાવ્યું.

**વડોદરા :** ગાયત્રી ચેમ્બર વડોદરાના સંચાલક મંડળ દ્વારા મિશનનો વ્યાપક વિસ્તાર થાય એ માટે વિશેષ પ્રયત્નો થતા રહે છે. વડોદરા શહેરની ભાઈ-બહેનોની ટીમ દ્વારા વડોદરા તેમજ આજુ-બાજુના વિસ્તારમાં થતા ધાર્મિક, સામાજિક કાર્યક્રમોના શુભ પ્રસંગે તે સ્થળે પહોંચી યુગ ઋષિના સાહિત્ય વિતરણના સ્ટોલનું સફળ આયોજન થતું રહે છે. પ્રબુદ્ધ વર્ગમાં પણ સ્થાનિક કાર્યકરોના પરિશ્રમથી મિશનનો વ્યાપક પ્રચાર-પ્રસાર થયો છે. વિચારક્રાંતિ અભિયાન માટે ગાયત્રી ચેમ્બર્સના પ્રયત્નો પ્રશંસનીય છે.

**ગોંડલ :** ચૈત્રી નવરાત્રિ દરમ્યાન ગાયત્રી પરિવાર ગોંડલ તેમજ ક્ષત્રિય યુવા સંઘ, જયપુર ( રાજ. ) ના ઉપક્રમે નવ દિવસ નવ ગામમાં જઈ ૧૦૮ ગાયત્રી મંત્ર આહુતિ તેમજ વ્યસન મુક્તિ અભિયાન ચલાવ્યું. સાથે-સાથે સાહિત્ય, યુગ શક્તિ ગાયત્રી નાની પોકેટ બુકો હિંમત ન હારો વગેરે સદ્સાહિત્યનું વિતરણ થયું.

## સ્વાસ્થ્ય સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ ગાયત્રી પરિવાર દ્વારા દેવાત્મા હિમાલયની ગોદમાં મેડીકલ કેમ્પ

પરમપૂજ્ય ગુરુદેવના સંકલ્પને પૂર્ણ કરવા અમદાવાદ ગાયત્રી પરિવારની એક ટોળી તા. ૧૨/૩/૯૮ હોળીના દિવસે સવારે ૫ વાગે ગાયત્રી શક્તિપીઠ શાહીબાગથી હરિદ્વાર શાંતિકુંજ રવાના થઈ. ત્યાંથી ટોળી મેડીકલ કેમ્પ માટે આલ્મોડા પહોંચી.

અમદાવાદ ગાયત્રી પરિવારના સુપ્રસિધ્ધ ડોક્ટર શ્રીભીખુભાઈ પટેલે આ કેમ્પનું નેતૃત્વ કરેલ. આ ટીમ ૧૫/૩/૯૮ ના રોજ આલ્મોડા પહોંચી સમગ્ર ઉત્તરાખંડ કુમાઊ ગાયત્રી પરિવારના પરિજનોની માહિતી પ્રમાણે તા. ૧૫/૩ થી ૨૪/૩ સુધીમાં ૯ સ્થળો એ મેડીકલ કેમ્પોનું સફળ આયોજન કર્યું. આશરે ૫૦૦૦ દર્દીઓ એ લાભ લીધો..

આ મેડીકલ કેમ્પમાં અમદાવાદ ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા મંગળભાઈ પટેલ, શાંતાબેન પટેલ, ઉમેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, મધુબેન પટેલ અને ચાલક મગનભાઈ રાજપુત સાથે જોડાઈ સમયદાન, શ્રમદાન અને સેવા પ્રદાન કરી હતી.

**નાશિક :** ગાયત્રી પરિવાર પંચવટી શાખામાં ચૈત્ર નવરાત્રી નિમિત્તે સામૂહિક ગાયત્રી અનુષ્ઠાન કચ્છી લોહાણા વાડી, પંચવટીમાં ગુડીપડવાથી રામનવમી સુધી આયોજીત કરવામાં આવું. અનુષ્ઠાનની પૂર્ણાહુતિ રામનવમીના શુભ પર્વ પર ૧૧ કુંડી મહાયજ્ઞ તથા રામજન્મોત્સવ ઉજવીને કરવામાં આવી. શ્રીમોહનભાઈ શાસ્ત્રી પરિવ્રાજક સુરતથી પધાર્યા હતા, જેમણે સંચાલન કર્યું. શ્રીમોહનભાઈ શાસ્ત્રી દ્વારા સંસ્કારો, ગાયત્રી મંત્ર દીક્ષા આપવામાં આવી. તેઓશ્રીનું ગાયત્રી મંત્ર, ગાયત્રી યજ્ઞ, ગાયત્રી દૈનિક ઉપાસનાના મહત્વ પર વિશેષ પ્રવચન પ્રશંસનીય રહ્યું. આ પ્રસંગે સાહિત્ય વેચાણ પણ ખૂબજ થયું.

**જુનાગઢ :** ગાયત્રી શક્તિપીઠ દ્વારા સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ પર પ્રથમ એવા કુદરતી ઉપચાર કેમ્પનું આયોજન તા.૧૫/૩/૯૮ થી તા. ૨૬/૩/૯૮ સુધી મુંબઈનાં સુવિખ્યાત ડો. મનહરભાઈ પારેખ સાહેબ તથા તેમનાં ધર્મપત્નિ મંજુબેન પારેખની સેવાઓ દ્વારા સફળ આયોજન થયું છે.

આશરે ૫૦૦ દર્દીઓએ લાભ લીધો. જેમાંથી નિયમીત સારવાર લેનાર મોટા ભાગનાં દર્દીઓને પણ જુના સમયનાં શ્વાંસ, ડાયબિટીસ, સ્ત્રીઓનાં દર્દ, હાર્ટ, વાલ્વ, કીડની, હરસ, લીવર તથા સાંધાના દુઃખવા જેવા ગંભીર અસહ્ય રોગ પણ કુદરતી ઉપચાર દ્વારા સાધ્ય થયા છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

આ અંકની સંપાદિકા :

ડૉ. સરોજબાલા ચૌધરી

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૯ અંક - ૬

જૂન - ૧૯૯૮


## પ્રજ્ઞાવતારનો પાવન અવસર

અંધકાર જ્યારે ગાઢ થતો જાય ત્યારે તેની ચરમસીમાની નજીક જ પ્રભાતન બ્રાહ્મમુહૂર્ત પણ સંકળાયેલું હોય છે. ગરમીની પરાકાષ્ઠા સાથે વર્ષાના આગમનન અનુમાન સંકળાયેલું હોય છે અને તે સાચું પણ પડે છે. જાણે કોઈ અણધાર્યો ચમત્કાર થયો હોય તેમ ચોમેર શેકાયેલી ધરતી ઉપર લીલોતરી છવાઈ જાય છે. દીવો હોલવાઈ જવાની તૈયારીમાં હોય ત્યારે તેની જ્યોત વધારે તેજસ્વી બનીને ઝળહળતી હોય છે. મરણાસન્ન દરદીમાં ચેતનનો ઝબકારો થાય છે અને તે અસામાન્ય રીતે લાંબા ઊંડા શ્વાસ લેવા માંડે છે ત્યારે દરેકને ખ્યાલ આવી જાય છે કે હવે મોતની ઘડીઓ ગણાય છે. મૃત્યુ પામતા પહેલાં કીડીને પાંખો ફૂટતી હોય છે.

આ બધાં ઉદાહરણો આજના યુગસંધિકાળ અને પ્રજ્ઞાવતારના આગમનના પુણ્ય પ્રયોજનની વ્યાખ્યા માટે આપવામાં આવ્યાં છે. અત્યારે આસુરી તત્ત્વો છેવટનો સંગ્રામ ખેલી રહ્યાં છે. તેનો નાશ થવાનો જ છે. 'હતાશાને કારણે એકાદ ઉગ્ર સ્વરૂપ વધારે' - આ સંદર્ભમાં એનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. અનીતિનું થોડુંઘણું પ્રમાણ નીતિવાનો માટે પડકારરૂપ બનીને તેમને અણછાજતી બાબતો સામે લડવાનો ઉત્સાહ અને સાહસ પૂરાં પાડે છે. લોકોને દુષ્ટતા અને અનીતિનો પરાજય થતો જોવા મળે છે. જ્યારે અનીતિની આસુરી વિષમતાઓ દેવત્વમાં આક્રોશનું જોમ પૂરે છે, ત્યારે જ જાગૃતિ, આદર્શો અને હિંમત પ્રકાશમાં આવે છે. આ રીતે જોતાં અનીતિનું અસ્તિત્વ દુઃખદ હોવા છતાંય છેવટે તો ઉત્કૃષ્ટતાને પ્રખરતાપૂર્વક પ્રગટાવવાની શક્યતાઓને ઉજાગર કરતું હોય છે.

તેમ છતાંય ક્યારેક ક્યારેક સંતો, સુધારકો અને શહીદોને તેમના પરાક્રમનો પરાજય થતો હોય અને વિષમતાઓ સામે લડતા રહેવા છતાંય તેનાં સારાં પરિણામોની આશા ધૂંધળી દેખાતી હોય એવા સંજોગો પણ ઊભા થતા હોય છે. આવે વખતે પ્રજ્ઞાવતારનું પરાક્રમ પ્રગટ થઈને બાજી પલટાવી નાખે અને અશક્યને પણ શક્ય બનાવી નાખે એવા સંજોગોનું નિર્માણ કરે છે. આપત્તિના કપરા સમયે હંમેશાં આમ બનતું આવ્યું છે અને ભવિષ્યમાં પણ આ જ ક્રમ ચાલતો રહેશે. અત્યારે આ મહાસત્ય-પરમસત્ય-સ્પષ્ટરૂપે સાક્ષાત્ દેખાઈ રહ્યું છે. યુગપરિવર્તનના આ પુનિત અવસરે જ્ઞાનીઓની તીક્ષ્ણ દૃષ્ટિ પ્રજ્ઞાવતારની પ્રખર ભૂમિકા'તદાર્થ થતી સહેલાઈથી જોઈ શકાશે.

— પરમપૂજ્ય ગુરુદેવ

(અખંડજ્યોતિ, ઑગસ્ટ ૧૯૬૯)




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગપરિવર્તન માટે અત્યારે જ યોગ્ય સમય છે

સંસારના તમામ વિદ્વાનો, જ્યોતિષીઓ તેમજ દિવ્યદૃષ્ટિ ધરાવનારાઓ હવે યુગપરિવર્તનનો સમય આવી ચૂક્યો છે, એ બાબતે એકમત છે. એમના પ્રમાણે આ યુગસંધિકાળ છે. આ દિવસોમાં દુનિયામાં અધર્મ, અશાંતિ, અન્યાય, અનીતિ અને અરાજકતાનું જે વર્ચસ્વ જોવા મળે છે, એ જોતાં સંજોગોની વિષમતા તેની ચરમસીમાએ પહોંચી ગઈ છે એમ જરૂર કહી શકાય. આવા જ સમયે ધર્મના રક્ષણ અને અધર્મના નાશ માટે ઈશ્વરનો અવતાર થાય છે તેવી શાસ્ત્રીય માન્યતા છે. ઈશ્વરીય શક્તિ 'યદા યદા હી ધર્મસ્ય'ની પ્રતિજ્ઞા પ્રમાણે આવી અસમતુલાને સ્થિરતા પ્રદાન કરવા માટે કટિબદ્ધ છે અને સૂક્ષ્મ જગતમાં સમતોલન સાધવા માટે એની જ પ્રેરણા વડે પરિવર્તનકારી હિલચાલો થઈ રહી છે.

યુગપરિવર્તનના સમયે ઈશ્વરીય શક્તિના પ્રાગટ્ય અને અવતાર પ્રક્રિયાનો સમાવેશ સૃષ્ટિના ક્રમમાં થયેલો છે. અસમતુલાને સમતોલનમાં ફેરવવા માટે અને પોતાના પ્રેરણા તેમજ પુરુષાર્થ પ્રગટ કરવા માટે ભગવાન પ્રતિજ્ઞાબદ્ધ છે. ભગવાને ગીતામાં આપેલી 'તદાત્માનં સૃજામ્યહં'ની હૈયાધારણ આવા સમયે જ સાચી પડે છે. વર્તમાન સંજોગો જ એવા છે કે જેમાં ભગવાનની પ્રતીક્ષા થઈ રહી હોય અને સૂક્ષ્મ ઈશ્વરીય શક્તિની અવતારપ્રક્રિયા ચાલી રહી હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

આ સમય જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે કલિયુગના અંત તથા સત્ યુગના આરંભનો છે. એટલા માટે પણ હાલના સમયને યુગસંધિકાળ કહેવાય છે. જોકે કેટલાક રૂઢિવાદી પંડિતોના કહેવા પ્રમાણે યુગ ૪ લાખ ૩૨ હજાર વર્ષનો હોય છે. તેમના મત પ્રમાણે હજી એક ચરણ એટલે કે ૧ લાખ ૮ હજાર વર્ષ જ પૂરાં થયાં છે. એ હિસાબે તો હજી નવો યુગ આવવા આડે ૩ લાખ ૨૪ હજાર વર્ષ બાકી છે. હકીકતમાં આ ગણતરી છેતરામણી છે. શાસ્ત્રોમાં એક યુગ ૪ લાખ ૩૨ હજાર વર્ષનો હોવાનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. સેંકડો વર્ષ સુધી ધર્મ અને શાસ્ત્રો ઉપર પંડિતો અને ધર્મગુરુઓનું જ વર્ચસ્વ રહેવાને કારણે આ બાબતે સામાન્ય લોકો ભ્રમમાં જ રાચતા રહ્યા. યુગની આવી લાંબી ગણતરીએ લોકોમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પતનની નિરાશા ફેલાવી, તેની પ્રેરણા આપી, એટલું જ નહીં પરંતુ શ્રદ્ધાળુ ભારતીય પ્રજાને સારું કે ખરાબ - જેવા હોય તેવા - પ્રારબ્ધવાદમાં જકડાઈ રહેવાની ફરજ પાડી. આવી માન્યતાને કારણે જ પુરુષાર્થ અને પરાક્રમમાં વિશ્વાસ ધરાવનાર ભારતીયોને અફીણના ઘૂંટડા જેવી ભયાનક કલ્પનાઓનો ડર બતાવીને અત્યાર સુધી બૌદ્ધિક ગુલામીમાં જકડી રાખ્યા છે.

આ બાબતે જાણવા જેવું એ છે કે યુગની ગણતરીનું આવું અંતિમવાદી પ્રતિપાદન જે શાસ્ત્રીય સંદર્ભોને આધારે કરવામાં આવ્યું છે એનું સગવડિયું કે ઊલટું અર્થઘટન જ થયેલું છે. આવા અર્થઘટનના ટેકામાં જે સંદર્ભોને રજૂ કરવામાં આવ્યા છે એ હકીકતમાં જ્યોતિષના ગ્રંથો છે. એનું કથન ખોટું નથી, પરંતુ અર્થઘટન જ ખોટું થયેલું છે. ઉપરાંત મૂળ શાસ્ત્રીય કથનો પોતાના વિશિષ્ટ અર્થો ધરાવતા હોય છે. એમાં ગ્રહ-નક્ષત્રોની જુદી જુદી પરિભ્રમણ ગતિ અને જ્યોતિષવિદ્યાના અભ્યાસમાં સરળતાની દૃષ્ટિએ જ સમયની આ ગણતરી કરવામાં આવી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૂર્ય પોતાના બ્રહ્માંડની એક પરિક્રમા પૂરી કરે એટલા.સમયગાળાને ચાર મુખ્ય ભાગમાં વહેંચીને ચાર દેવયુગની કલ્પના કરવામાં આવી છે અને દરેક યુગને ૪ લાખ ૩૨ હજાર વર્ષનો માનવામાં આવ્યો છે. આવી યુગ ગણતરી સાથે યોગ્ય સંકલન જાળવવા માટે નાના યુગોને 'આંતર્દશા' એવું નામ આપવામાં આવ્યું, એને કારણે આવો ભ્રમ ઉત્પન્ન થયો. નહીંતર મનુસ્મૃતિ, લિંગપુરાણ કે ભાગવત વગેરે આદ્યગ્રંથોમાં યુગની જે ગણતરી દર્શાવી છે, તે બિલકુલ અલગ છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે –

**બ્રાહ્મસ્ય તુ ક્ષપાહસ્ય યત્પ્રમાણં સમાસતઃ ।**
**એકૈકશો યુગાનાં તુ ક્રમશસ્તન્નિબોધત ॥**
**ચત્વાર્યાહુ સહસ્ત્રાણિ વર્ષાણાં તત્કૃતં યુગમ્ ।**
**તસ્ય તાવચ્છતી સંધ્યા સંધ્યાંશશ્ચ તથાવિધઃ ॥**
**ઇતરેષુ સસંધ્યેષુ સસંધ્યાંશેષુ ચ ત્રિષુ ।**
**એકાપાયેન વર્તન્તે સહસ્ત્રાણિ શતાનિ ચ ॥**
**- મનુસ્મૃતિ–૧-૬૭-૬૯**

અર્થાત્ - બ્રહ્માજીના એક દિવસ અને એક રાતમાં એટલે કે સૃષ્ટિના આદિથી માંડીને અંત સુધીમાં આ પ્રમાણે યુગની ગણતરી કરવામાં આવી છે. ચાર હજાર વર્ષ અને ૪૦૦ વર્ષની પૂર્વસંધ્યા તેમજ ૪૦૦ વર્ષની ઉત્તરસંધ્યા એમ થઈને કુલ ૪૮૦૦ વર્ષનો સત્‌યુગ, એ જ પ્રમાણે ૩૬૦૦ વર્ષનો ત્રેતાયુગ, ૨૪૦૦ વર્ષનો દ્વાપરયુગ અને ૧૨૦૦ વર્ષનો કળિયુગ.

હરિવંશ પુરાણના ભવિષ્યપર્વમાં પણ યુગ ગણતરી દર્શાવવામાં આવી છે. તે આવી છે :

**અહોરાત્રં ભજેત્સૂર્યો માનવં લૌકિકં પરમ્ ।**
**તામુપાદાય ગણનાં, શ્રુણુ સંખ્યામરિન્દમ ॥**
**ચત્વાર્યેવ સહસ્ત્રાણિ વર્ષાણાં તુ કૃતં યુગમ્ ।**
**તાવચ્છતી ભવેત્સંધ્યા સંધ્યશશ્ચ તથા નૃપ ॥**
**ત્રીણિ વર્ષસહસ્ત્રાણિ ત્રેતા સ્યાત્પરિમાણતઃ ।**
**તસ્યાશ્ચ ત્રિશતી સંધ્યા સંધ્યાશશ્ચ તથાવિધઃ ॥**
**તથા વર્ષ સહસ્ત્રે દ્વે દ્વાપરં પરિકીર્તિતમ્ ।**
**તસ્યાપિ દ્વિશતી સંધ્યા સંધ્યાંશશ્ચ તથાવિધઃ ॥**
**કલિર્વર્ષસહસ્ત્રં ચ સંખ્યાતાઽત્ર મનીષિભિઃ ।**
**તસ્યાપિ શતિકા સંધ્યા સંધ્યાંશશ્ચૈવ તદ્વિધઃ ॥**

અર્થાત્ - હે અરિદંભ, મનુષ્યલોકના દિવસરાતનો જે સમયગાળો કહેવાયો છે એ મુજબ યુગોની ગણતરી સાંભળો. ચાર હજાર વર્ષનો એક સત્‌યુગ હોય છે અને ચારસો વર્ષની સંધ્યા તેમજ ૪૦૦ વર્ષનો સંધ્યાંશ હોય છે. ત્રેતાયુગ ૩૦૦૦ વર્ષનો અને તેના સંધ્યા તેમજ સંધ્યાંશ દરેક ૩૦૦ વર્ષના હોય છે. દ્વાપરયુગ ૨૦૦૦ વર્ષનો અને તેના સંધ્યા તેમજ સંધ્યાંશ દરેક ૨૦૦ વર્ષના હોય છે. કલિયુગ ૧૦૦૦ વર્ષનો અને તેના સંધ્યા તેમજ સંધ્યાંશ દરેક ૧૦૦ વર્ષના હોય છે.

લિંગપુરાણ અને શ્રીમદ્‌ભાગવતમાં પણ આવી જ યુગગણના જોવા મળે છે. ભાગવતના ત્રીજા સ્કંધમાં કહ્યું છે –

**ચત્વારિ ત્રીણિ દ્વે ચૈકં કૃતાદિશુ યથાક્રમમ્ ।**
**સંખ્યાતાનિ સહસ્ત્રાણિ દ્વિગુણાનિ શતાનિ ચ ॥**
**- ભાગવત ૩/૧૧/૧૯**

અર્થાત્ - સત્‌યુગ, દ્વાપર, ત્રેતા અને કલિયુગ વગેરે યુગોમાં ચાર, ત્રણ, બે અને એક એવા ક્રમમાં દ્વિગુણી સૈકાઓની સંધ્યા હોય છે. મતલબ કે પહેલાં ૪૦૦૦ વર્ષમાં ૮૦૦ વર્ષ ઉમેરતાં કુલ ૪૮૦૦ વર્ષનો સતયુગ માનવામાં આવ્યો છે. તે જ પ્રમાણે બીજા ત્રણે યુગનો સમય માની લેવો. અમુક જગ્યાએ માણસના વ્યવહાર પૂરતો બાર વર્ષનો એક યુગ માનવામાં આવ્યો છે જેને ૧૦૦૦ વડે ગુણવાથી એક દેવયુગ બને છે. આવા દેવયુગમાં ચારે મહાયુગોનો સમાવેશ થઈ જાય છે. બારસો વર્ષના આવા એક દેવયુગને ફરીવાર ૧૦૦૦ વડે ગુણવાથી એક કરોડ ૨૦ લાખ વર્ષનો બ્રહ્માનો એક આખો દિવસ થાય છે, જેમાં સૃષ્ટિનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આરંભથી માંડીને અંત થઈ જાય છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ આવા યુગની વાત કરી છે –

**સહસ્ત્રયુગપર્યંત મહર્યદ્બ્રહ્મણો વિદુઃ ।**
**રાત્રિં યુગસહસ્ત્રાન્તાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥**

રાતદિવસનો તાત્ત્વિક અર્થ જાણનારા લોકો સમજે છે કે બ્રહ્માજીનો એક દિવસ હજાર મહાયુગ જેટલો હોય છે અને રાત્રિ પણ એવા જ એક હજાર યુગની હોય છે. એનો અર્થ સ્પષ્ટ કરતાં લોકમાન્ય ટિળકે લખ્યું છે કે મહાભારત, મનુસ્મૃતિ અને યાસ્કનિરુક્તમાં આ યુગગણતરીનું સ્પષ્ટ વિવરણ આપવામાં આવ્યું છે. તેમના જણાવ્યા પ્રમાણે આપણું ઉત્તરાયણ એ દેવોનો દિવસ છે અને આપણું દક્ષિણાયન એ તેમની રાત છે. સ્મૃતિગ્રંથો અને જ્યોતિષશાસ્ત્રની સંહિતાઓમાં દેવતા મેરુપર્વત એટલે કે ઉત્તરધ્રુવ ઉપર રહે છે. એટલે છ છ મહિનાનાં બંને 'અયનો'નું મળીને થતું આપણું એક વર્ષ દેવતાઓના એક સંપૂર્ણ દિવસ (દિવસ અને રાત) બરાબર થાય છે અને આપણાં ૩૬૦ વર્ષ દેવતાઓના ૩૬૦ દિવસ રાત એટલે કે એક વર્ષ બરાબર થાય છે. કૃત (સત) દ્વાપર, ત્રેતા અને કલિ – આ ચાર યુગ માનવામાં આવ્યા છે. યુગોના સમયને આ રીતે ગણાવવામાં આવ્યા છે. સત્યુગ ૪૦૦૦ વર્ષનો, ત્રેતાયુગ ૩૦૦૦ વર્ષનો, દ્વાપરયુગ ૨૦૦૦ વર્ષનો અને કલિયુગ ૧૦૦૦ વર્ષનો; પરંતુ એક યુગ પૂરો થયા પછી બીજા યુગની શરૂઆત એકદમ નથી થતી. બે યુગો વચ્ચેના સંધિકાળમાં કેટલાંક વર્ષો વહી જાય છે. આ રીતે સત્યુગની શરૂઆત અને અંત સમયે દરેક વખતે ૪૦૦ વર્ષનો, ત્રેતાયુગની પહેલાં અને પછી દરેક વખતે ૩૦૦ વર્ષનો, દ્વાપરયુગની પહેલાં અને પછી દરેક વખતે ૨૦૦ વર્ષનો અને કલિયુગની પહેલાં અને પછી દરેક વખતે ૧૦૦ વર્ષનો સંધિકાળ હોય છે. ચારે યુગનો ભેગા મળીને કુલ સંધિકાળ ૨૦૦૦ વર્ષનો થાય છે. આ ૨૦૦૦ વર્ષો અને અગાઉ દર્શાવાયેલા સાંખ્ય મત પ્રમાણે ચારે યુગના મળીને ૧૦,૦૦૦ વર્ષ એમ કુલ ૧૨,૦૦૦ વર્ષ થાય છે. (ગીતારહસ્ય ભૂમિકા પાનું ૧૯૩).

આ ગણતરીઓ પ્રમાણે હિસાબ કરવાથી ખ્યાલ આવે છે કે, અત્યારનો સમય સંક્રાન્તિકાળ છે. પ્રાચીન ગ્રંથોમાં આપણા ઇતિહાસને પાંચ કલ્પોમાં વહેંચવામાં આવ્યો છે : (૧) **મહત કલ્પ** – વિક્રમ સંવત પૂર્વે ૧૦૯૮૦૦ વર્ષથી માંડીને વિ. સં. પૂર્વે ૮૫૮૦૦ વર્ષ સુધી. (૨) **હિરણ્યગર્ભ કલ્પ** – વિ. સ. પૂર્વે ૮૫૮૦૦ વર્ષની માંડીને વિ. સં. પૂર્વે ૬૧૮૦૦ વર્ષ સુધી. (૩) **બ્રાહ્મ કલ્પ** – વિ. સં. પૂર્વે ૬૧૮૦૦ વર્ષથી માંડીને વિ. સં. ૩૭૮૦૦ વર્ષ સુધી. (૪) **પાક્ષ કલ્પ** – વિ. સં. પૂર્વે ૩૭૮૦૦ વર્ષથી માંડીને વિ. સં. પૂર્વે ૧૩૮૦૦ વર્ષ સુધી. (૫) **વારાહ કલ્પ** – વિ. સં. પૂર્વે ૧૩૮૦૦ વર્ષથી માંડીને તે આજદિન સુધી, જે આજે ચાલી રહ્યો છે.

રાજા પુલકેશીને કલિયુગ સંવતની શોધ કરવા માટે વિદ્વાન જ્યોતિષીઓ દ્વારા ગણતરી કરાવી હતી. દક્ષિણ ભારતના 'ઈહોલ' નામના સ્થળેથી મળી આવેલા એક શિલાલેખમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. જેનાથી એવું સાબિત થાય છે કે કલ્કિ અવતાર એ દિવસોમાં જ થયો હોવો જોઈએ. મથુરાના પુરાતન ઇતિહાસ સંશોધન સંસ્થાનના સંશોધકોએ પણ એ વાતને સમર્થન આપ્યું છે અને જ્યોતિષના આધારે એ સાબિત કર્યું છે કે, અત્યારે બ્રહ્મરાત્રિનો અંધકારમય સંધિકાળ ચાલી રહ્યો છે.

આવા સંક્રાન્તિકાળમાં અસમતુલા ઊભી થતી હોય છે. દૈવી શક્તિઓ ઉપર આસુરી શક્તિઓ છવાઈ જાય છે અને અનીતિભરેલી અનિચ્છનીયતાઓ ઉત્પન્ન થાય છે. નવનિર્માણ કરનારી સર્જનાત્મક શક્તિઓ આવા સમયે જ પ્રગટતી હોય છે કારણ કે. એ ગાળામાં કેટકેટલીયે નકારાત્મક પરિસ્થિતિ ઉત્પન્ન થતી હોય છે. માનવજનિત આપત્તિઓ અને કુદરતી આફતોનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વધારો જ્યારે ચરમસીમાએ પહોંચે છે ત્યારે એવા સમયે જ સર્જનશક્તિ પ્રગટ થાય છે અને એક બાજુ અનીતિ, અધર્મ, અન્યાય અને દુરાચાર માઝા મૂકે છે, ત્યારે એવી શક્તિઓ ધર્મ, સંસ્કૃતિ, સદાચાર, સદ્‌ગુણો અને સદ્‌ભાવનાઓ વધારીને સંસારમાં સુખશાંતિ જાળવવા માટે પ્રયત્નશીલ થાય છે.

સંક્રાન્તિકાળમાં કેવા સંજોગો ઊભા થાય છે અને કેવી ઘટનાઓ આકાર લે છે એ વિષે મહાભારતના વનપર્વમાં આવી રીતે ઉલ્લેખ થયેલો છે —

**તતસ્તુમુલ સંઘાતે વર્તમાને યુગક્ષયે ।**
**દ્વિજાતિપૂર્વકોલોકઃ ક્રમેણ પ્રભવિષ્યતિ ॥**
**તતઃ કાલાંતરેઽન્યસ્મિન્પુનર્લોક વિવૃદ્ધયે ।**
**ભવિષ્યતિ પુનર્દૈવમનુકૂલંય દચ્છયા ॥**
**યદા સૂર્યશ્ચચંદ્રશ્ચતથાતિષ્યબૃહસ્પતિ ।**
**એકરાશૌ સમેષ્યંતિ પ્રપત્સ્ય તિતદા કૃતમ્ ॥**
**કાલવર્ષી ચ પર્જન્યો નક્ષત્રાણિ શુભાનિચ ।**
**પ્રદક્ષિણા ગ્રહાશ્ચાપિ ભવિષ્યંત્યનુ લોમગાઃ ।**
**ક્ષેમં સુભિક્ષમારોગ્યં ભવિષ્યતિ નિરામયમ્ ॥**

અર્થાત્ - જ્યારે એક યુગ પૂરો થઈને બીજા યુગની શરૂઆત થવાની હોય છે ત્યારે સંસારમાં સંઘર્ષો અને તીવ્ર વિચારો ઉત્પન્ન થાય છે. જ્યારે ચંદ્ર, સૂર્ય, ગુરુ અને પુષ્યનક્ષત્ર એક રાશિમાં આવશે ત્યારે સત્‌યુગની શુભ શરૂઆત થશે. ત્યાર બાદ શુભ નક્ષત્રોમાં કૃપાદાનોની વર્ષા થશે. સાધનો વધવાને કારણે સુખસમૃદ્ધિ વધશે અને લોકો પ્રસન્ન તેમજ સ્વસ્થ જણાશે. આવો ગ્રહયોગ થોડાં વર્ષો પહેલાં જ આવી ચૂક્યો છે. જુદી જુદી ગણતરીઓના આધારે પણ અત્યારે યુગપરિવર્તનનો બરાબર યોગ્ય સમય છે એમ સાબિત થાય છે. હવે બરાબર આવા જ સમયે યુગ બદલાવો જોઈએ. વિનાશને રોકીને સર્જનમાં વધારો કરાવનારી દિવ્યશક્તિઓનો પ્રબળ પુરુષાર્થ આ યુગસંધિકાળમાં પ્રગટ થશે, જે ઈ.સ. ૧૯૮૦થી ૨૦૦૦ વચ્ચેનાં ૨૦ વર્ષોની ઉપલબ્ધિ છે.

*બાલિક રાજાએ પોતાના મુખ્યમંત્રી વિશ્વદર્શનને પદભ્રષ્ટ કરીને દેશનિકાલ કરી દીધો. વિશ્વદર્શન એક ગામમાં રહેતા હતા. પદભ્રષ્ટ થયા પછી તેઓ ત્યાં જઈને ખૂબ મહેનતભર્યું જીવન વિતાવવા લાગ્યા.*

*એક દિવસ બાલિક રાજાને વિશ્વદર્શનની દશા કેવી છે તે જાણવાની જિજ્ઞાસા થઈ. એથી તેઓ વેશપલટો કરીને એ ગામ તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈને તેમણે જોયું કે વિશ્વદર્શનના ઘર આગળ વીસ-પચીસ માણસો બેઠાં બેઠાં આનંદથી વાતચીત કરી રહ્યાં છે. વિશ્વદર્શન પોતે પણ આનંદમાં હોય એવું લાગતું હતું.*

*વેશપલટો કરેલા રાજા બાલિકે તેમને પૂછ્યું, "મહાશય, તમને તો રાજાએ હાંકી કાઢ્યા છે, તેમ છતાંય તમે આટલા પ્રસન્ન જણાવ છો તેનું રહસ્ય શું છે ?*

*"માનવતા" વિશ્વદર્શને રાજાને ઓળખી લીધો અને હસતાં હસતાં કહ્યું, "મહારાજ પહેલાં તો લોકો મારાથી ડરતા હતા, પરંતુ હવે એવો ડર નથી તેથી લોકો મુક્ત રીતે મને મળે છે. તેમની સાથે વાતો કરવામાં, તેમની સેવા કરવામાં, તેમના પ્રત્યે હમદર્દી દાખવવામાં ખૂબ આનંદ આવે છે."*

*મહારાજ બાલિકે અનુભવ્યું કે લોકો પદથી ખરેખર ડરતા હોય છે. બાકી સાચું સન્માન તો માનવતાના સારા ગુણોનું જ થાય છે. રાજા પાછા ફર્યા ત્યારે વિશ્વદર્શનને પોતાની સાથે લઈ ગયા અને તેમને તેમના મૂળ પદ ઉપર પુનઃસ્થાપિત કર્યા.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રખ્યાત જ્યોતિષીઓની નજરે – યુગસંધિનો આરંભ, મધ્ય અને અંત

યુગપરિવર્તનના સંધિકાળના સમયમાં ઘણીબધી ઉથલપાથલો થવાની શક્યતા છે. આ વિષે પ્રખ્યાત જ્યોતિષીઓએ કેટલાક મહત્ત્વપૂર્ણ અભિપ્રાયો વ્યક્ત કર્યા છે. એમાંના કેટલાય જે તે સમયે સાચા સાબિત થયેલા છે. કેટલાક ભવિષ્યને લગતા છે. કેટલાક આંતરરાષ્ટ્રીય બાબતો વિષે છે, તો કેટલાક ભારતને લગતા છે. ભૂતકાળની માફક ભવિષ્યમાં પણ તેમની આગાહીઓ સાચી ઠરે છે કે નહીં એ તો વખત આવે જ ખ્યાલ આવશે.

આવી આગાહીઓમાંથી જે ભારત સાથે સીધી સંકળાયેલી છે, તે જોતાં આવનારા દિવસો ભારે કપરા હશે એવો સાર નીકળે છે. એમાં જો કે ભારતને ઘણું સહન કરવું પડશે. તેમ છતાંય આખી દુનિયાને નવો પ્રકાશ પૂરો પાડવામાં અને સર્જનાત્મક સત્પ્રવૃત્તિઓમાં વધારો કરવામાં ભારત વિશેષ ભાગ ભજવશે, એવું એક અન્ય સત્ય પણ ઉપસી આવે છે. ભૂતકાળમાં પણ વિશ્વશાંતિ અને માનવીય પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભારતે ઘણું કર્યું છે. હવે એનું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે. આપણા દેશના ઋષિતુલ્ય મહાત્માઓ પ્રાચીનકાળની માફક જનકલ્યાણ માટે ઘણું બધું કરી છૂટવાની તૈયારીમાં લાગી ગયા છે. એમના આવા પ્રયાસોના પરિણામે નવનિર્માણને કેટલું બળ મળ્યું અને આફતો ખાળવામાં કેટલી સફળતા મળી એ તો વખત જ બતાવશે. આ સંદર્ભમાં પ્રખ્યાત જ્યોતિષીઓની કેટલીક આગાહીઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે :

સપ્ટેમ્બર ૧૯૭૨માં દુનિયાના મુખ્ય જ્યોતિષીઓનું એક અધિવેશન ભરાયું હતું. કોરિયાના સિઓલ શહેરમાં ભરાયેલા એ સંમેલનમાં ૧૦૪ ભવિષ્યવેત્તાઓ એકઠા થયા હતા. પોતાના જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન પ્રમાણે સૌએ સંમતિથી જે આગાહીઓ કરી હતી. એમાંની કેટલીક આ મુજબ છે :

ઈ. સ. ૧૯૮૪ની આજુબાજુમાં રશિયા અને અમેરિકા વચ્ચે યુદ્ધ થવાની શક્યતા છે, પરંતુ તેમની વચ્ચે ચર્ચા દ્વારા એવી કોઈ સંભાવના ના હોય એવું વાતાવરણ ઊભું થશે.

જર્મની, વિયેટનામ અને કોરિયા જેવા, મહાસત્તાઓ દ્વારા વિભાજિત થયેલા દેશો ભવિષ્યમાં ફરી પાછા સંયુક્ત થઈ જશે. એમની સરકાર પણ એક જ હશે. રાષ્ટ્રવાદી અને બાહ્ય સત્તાઓના દબાણ સામે ઝૂક્યા વગર કામ કરનારી હશે.

"ભારતદેશ વ્યાપાર, અનાજ, ખેતીવાડી, પશુપાલન, વિજ્ઞાન તેમજ ટેક્નોલોજીના ક્ષેત્રે સમગ્ર એશિયા ખંડ ઉપર પ્રભુત્વ મેળવશે."

"ચીન લાંબા સમય સુધી વિભાજનની રાજનીતિમાં સફળ રહેશે અને બળવાન દેશોને છેતરવામાં તેમજ ભાઈચારાનું નાટક કરવામાં સફળતા મેળવશે. પરંતુ તેમની પોલ તુરત જ ખુલી જશે. પોતાના આંતરવિગ્રહને કારણે જ તેનું પતન થવાની શક્યતા છે. વિશ્વના કેટલાય આગળ પડતા રાજનેતાઓની હત્યાઓ થવાના યોગ છે."

આમાંની મોટા ભાગની આગાહીઓનો સમય ૧૯૮૦ પછીનો દર્શાવાયો છે. એ સંમેલનના અધ્યક્ષ શ્રી હર્સારોં અસાનોં કે જેઓ પોતે પણ કોરિયાના જગવિખ્યાત જ્યોતિષી છે. તેમણે એની સંયુક્ત યાદી પ્રકાશિત કરી છે. તેમાં લખ્યું છે કે આમાં જેમની ૮૦ ટકાથી વધુ ભવિષ્યવાણીઓ સાચી ઠરી હોય, માત્ર તેવા જ્યોતિષીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ સંમેલનના સમાચાર અને આ ભવિષ્યવાણીઓ દુનિયાનાં લગભગ તમામ સમાચારપત્રોમાં વિગતવાર પ્રસિદ્ધ થયા હતા. ભારતમાં પણ એના સમાચાર 'ઇન્ડિયન એક્સપ્રેસ' દૈનિકમાં ૧૯૭૨ની ૧૨મી સપ્ટેમ્બરે ટૂંકમાં પ્રસિદ્ધ થયા હતા. એમાં ઉપરોક્ત ઘટનાઓની ચર્ચા ઉપરાંત વિશ્વવ્યાપી બૌદ્ધિક પરિવર્તનોનો પણ સંકેત હતો. એ યાદીમાં જણાવ્યું છે કે આવનારા દિવસોમાં એશિયામાં જબરજસ્ત ઉથલપાથલ થશે. આવી ઉથલપાથલ એક બાજુ વિચારક્રાંતિના સ્વરૂપે દેખાશે, તો બીજી બાજુ એક વાર કારમો દુકાળ પડશે. ત્રણ ભીષણ ધરતીકંપ થશે."

વિચારક્રાંતિની અસરો આખી દુનિયા ઉપર પડશે. આવી બૌદ્ધિક ક્રાંતિની લહેર જમણેરી તેમજ ડાબેરી સામ્યવાદી દેશોમાં પણ ફેલાઈ જશે. ક્રાંતિનું સ્વરૂપ આધ્યાત્મિક અને ધાર્મિક વિચારોનું હશે. મતભેદોના, ભાષાના, જાતિના અને સંપ્રદાયોના ભેદભાવ દૂર થઈ જશે અને લોકોમાં ધાર્મિક સદ્દભાવના અને મિત્રાચારીની ભાવનાનો બહોળો ફેલાવો થશે.

જ્યારે એક સુનિશ્ચિત વિધાન પ્રમાણે પરિવર્તન થવાનું છે ત્યારે તેનો દોરીસંચાર કોના હાથમાં રહેશે એ બાબતે પણ જ્યોતિષીઓએ ચર્ચાવિચારણા કરી હતી. બધા જ્યોતિષીઓ એશિયાના એક દેશમાં જન્મેલા કોઈક મહાન સંત વિશ્વમાં મહાન પરિવર્તનો લાવવા માટે કાર્યરત છે, એ વાત ઉપર એકમત હતા. આ સદીના અંત સુધીમાં એ સંતના પ્રયત્નો જેના ગૌરવનું મૂલ્ય કલ્પના બહારનું હોય એટલી હદે સફળ થશે.

જ્યોતિષવિદ્યાના આધારે આગાહી કરનાર વિખ્યાત જ્યોતિષી કીરોએ વર્તમાન પરિસ્થિતિઓ માટે કહ્યું હતું કે — યૂરોપની ખ્રિસ્તી જાતિ ફરી એક વાર પેલેસ્ટાઈનમાં યહૂદીઓને વસાવશે, જેને કારણે અરબસ્તાન અને તેના ઇસ્લામી મિત્ર દેશો ભડકી ઉઠશે. (બીજા વિશ્વયુદ્ધ પછી યહૂદીઓને જર્મની વગેરે દેશોમાંથી તગેડીને પેલેસ્ટાઈનમાં વસાવાયા હતા અને ઇઝરાઇલ નામનું નવું રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું હતું). એ વારંવાર ઇંગ્લૅન્ડ અને અમેરિકા વિરુદ્ધ બળવો પોકારે રાખશે. યહૂદીઓને તેમની સાથે સંઘર્ષમાં ઉતરવું પડશે. એમ છતાંય એમની તાકાત વધશે. ઓછી સંખ્યામાં હોવા છતાંય યહૂદીઓ આરબોને હરાવશે અને તેમના ઘણાખરા પ્રદેશો પર કબજો મેળવશે. ૧૯૮૦ પછી ગમે ત્યારે એકવાર ભીષણ યુદ્ધ થશે. જેમાં આરબ રાષ્ટ્રો ખેદાનમેદાન થઈ થશે. આ ભયંકર વિનાશી તાંડવ પૂરું થયા બાદ એક નવી સનાતન સંસ્કૃતિનો ઉદય થશે અને આખી દુનિયામાં તેનો ફેલાવો થશે.

કીરોએ આવી આગાહી ૧૯૨૭માં કરી હતી. ત્યારે ઇઝરાઇલ વિષે કોઈને કલ્પના પણ નહોતી. ત્યાર પછીનાં લગભગ વીસ વર્ષમાં જ દુનિયાભરમાંથી યહૂદીઓ પેલેસ્ટાઈનમાં આવી વસ્યા. ખ્રિસ્તીઓએ ખરેખર તેમને મદદ કરી અને એક નાનું પણ શક્તિશાળી વાઘ કે બાજ જેવું રાષ્ટ્ર ઇઝરાઇલ અસ્તિત્વમાં આવ્યું. તેણે એક જ ઝાટકે જોર્ડનની કમર તોડી નાખી અને મિસરનો આખો સિનાઈ પ્રાંત જ હડપ કરી લીધો.

પ્રો. કીરોએ કહ્યું હતું કે આરબોની નાઈલ નદી યહૂદીના કબજામાં હશે. એ પણ સાચું પડ્યું છે. એટલે હવે એની આગાહીના ઉત્તરાર્ધની પ્રતિક્ષા થઈ રહી છે. જો કોઈને પ્રો. કીરોની આગાહીઓની સચ્ચાઈની ખાતરી કરવી હોય તો ઈ. સ. ૧૯૪૩ના જાન્યુઆરીનો 'અખંડ જ્યોતિ'નો અંક વાંચી જવો જોઈએ. તેના ૨૩મા પાને લખ્યું છે — ઇંગ્લૅન્ડ ભારતને સ્વતંત્ર કરી દેશે, પરંતુ કોમી રમખાણોમાં ભારત બરબાદ થઈ જશે. આખું હિન્દુસ્તાન હિન્દુઓ, મુસ્લિમો અને બૌદ્ધો વચ્ચે વિભાજિત થઈ જશે.

આ આગાહીઓ છપાઈ હતી એ દિવસોમાં અંગ્રેજ દમનનો દોર પૂરજોશમાં ચાલતો હતો. ભારત આઝાદ થાય તેવી તો કોઈને કલ્પના પણ નહોતી. પરંતુ પ્રો. કીરોની આગાહી હતી કે 'ભારતનો સૂર્ય ગ્રહ બળવાન છે અને તે કુંભ રાશિમાં છે તેથી તેની ઉન્નતિને દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે. આ આગાહી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો સાચી પડી; પરંતુ તેની દેશના ભાગલા પડી જવાની વાત ઉપર તો કોઈને સહેજ પણ વિશ્વાસ ન હતો. તેમ છતાંય કટ્ટરવાદી ભાગલા પડ્યા અને પાકિસ્તાન અલગ થયું એ આખી દુનિયાએ જોયું. એ જ પાકિસ્તાન આજે ભારત માટે માથાના દુઃખાવા સમાન બની ગયું છે.

બરારના વિદ્વાન શાસ્ત્રી શ્રી ગોપીનાથ શાસ્ત્રી ચુલેટને એક રાત્રે સ્વપ્ન આવ્યું કે, 'નવા યુગનું પ્રાગટ્ય નજીકમાં છે. તેમણે ઊઠીને આ સ્વપ્નસમયની કુંડળી બનાવી.

એ લગ્નકુંડળી બનાવીને તેનો અભ્યાસ કર્યા બાદ તેમાંથી ચોક્કસ તારણો કાઢીને પછી તેમણે 'યુગપરિવર્તન' નામનું પુસ્તક લખ્યું જે આકોલા મહારાષ્ટ્ર ખાતેથી પ્રકાશિત થયું છે. તેમાં તેમણે જ્યોતિષશાસ્ત્રના આધારે જણાવ્યું છે કે આ દિવસોમાં યુગપરિવર્તનની શરૂઆત થાય છે. અત્યારે યુગસંધિકાળ ચાલે છે. જેમાં અગાઉના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થશે અને નવયુગના અરૂણોદયનો ઉજાસ સતત વધતો જશે. આ સમય એક તરફ ભારત માટે ઉગ્ર હિલચાલો, ઉથલપાથલો અને પરિવર્તનોનો છે, તો આખી દુનિયા માટે પણ કપરો છે. શાસ્ત્રીજીએ કરેલી ભવિષ્યવાણીઓ વખતોવખત સાચી ઠરી છે. એના આધારે એમની યુગપરિવર્તનની આગાહી પણ વિશ્વસનીય જાણી શકાય.

ઈ. સ. ૧૯૪૫ અને ૧૯૫૦ના મધ્યભાગમાં ભારત આઝાદ થવાની તેમની આગાહી સાચી નીવડી છે. તેમણે ૧૯૩૮માં જ ગાંધીજીના અવસાનનો ચોક્કસ સમય જણાવ્યો હતો, એ પણ સાચો ઠર્યો. શાસ્ત્રીજીએ ભવિષ્યવાણી ભાખી હતી કે ઈ. સ. ૧૯૭૦ની આજુબાજુમાં અમેરિકાનો એક માણસ ચંદ્રની પરિક્રમા કરશે. કલિવર્જ્ય પ્રકરણમાં શાસ્ત્રીજીએ, પૃથ્વીની પ્રદક્ષિણા કોઈએ ન કરવી, એનું ખંડન કરતાં કહ્યું છે કે, ભારતીય અવકાશયાનો આદિકાળથી જ પૃથ્વી તેમજ અન્ય ગ્રહોની પ્રદક્ષિણા અને યાત્રા કરતા આવ્યા છે. નજીકના ભવિષ્યમાં ૧૯૭૦ સુધીમાં કોઈ અમેરિકન માણસ ચંદ્ર ઉપર ઉતરાણ કરશે એ ઘટના પણ જોવા મળશે. એટલા માટે આપણે ભારતીયોએ પણ અંતરીક્ષવિદ્યાનાં સંશોધનો કરવાં જોઈએ. શાસ્ત્રીજીની આગાહીઓમાંથી ઉત્તર તરફથી આક્રમણની (ચીનના યુદ્ધની) આઝાદી પણ સાચી ઠરી છે. તેથી એમના યુગપરિવર્તન વિષેના ભવિષ્યકથનને વિશ્વસનીય ગણી શકાય.

હરિયાણાના પ્રખ્યાત સંત બાંગડે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે –

**"સંવત વીસા દ્વૌ વીસા કું, અસ જોગ અનોખા આવે સૈ. નૌ ગ્રહ મિલસી એક રાશિ પર, ગુરુ દશા વિચલાવૈ સૈ. ફાલ્ગુણ માસે સૂર્યગ્રહણ દશ્ય દિખાવૈ સૈ, રાજા પ્રજા કો ઘણા દુઃખનૂ સૌ, કોહરામ મચાવૈ સૈ. પડ સી વિકટ અકાલ બાદ સૂં, અનાવૃષ્ટિ દિખલાવૈ હૈ, ધરતી ફટે આકાશ ટૂટિ કે, મહાણાસ સમહાવૈ હૈ. અસા વખત નો જ્યોતિ પ્રગટ્યા, સબકો યહ રાહ દિખાવૈ હૈ. કહ બાંગડ કી બાત જૂઠ ના, કતૈ કણૈ હ્યૈ પાવૈ હૈ, લડસી દયાખ્યા ગોરા - તુરકાં, રાજ રાજસા ધણી ધણી, તુરક તબારા મિટસી દેખી, અમરિસા ઘેર છણી. ઉસૈ જંગડી જંગ ચબારા, ધરણી કોય દેખાવેણી. દુઃખ પર દુઃખ પાવસી દુણિયાં, ધુન્ધ કોણ લી છાવૈસી."**

અકબરના સમકાલીન આ મહાન સંતનો ઉલ્લેખ 'ફરમાને રશીદી' નામના પુસ્તકમાં જોવા મળે છે. ઉપરના છંદમાં જે સંજોગો દર્શાવ્યા છે તે વર્તમાન સાથે બંધબેસતા આવે છે. લોકસાહિત્ય તરીકે પ્રચલિત આ પંક્તિઓ કેટલાય જૂના માણસોને મોંઢે છે. ઉપરાંત 'ફરમાને રશીદી'માં પણ સંત બાંગડની આવી આગાહીઓ જોવા મળે છે. આ છંદનો ભાવાર્થ આમ છે. સંવત ૨૦૪૦માં એવો વિચિત્ર સંયોગ થવાનાં છે જેને કારણે દુનિયા પર અસંખ્ય આપત્તિઓ અને ભયંકર વિપત્તિઓ ઉતરી આવશે. જ્યારે નવે ગ્રહ એક જ રાશિમાં આવી જશે અને ફાગણ માસમાં સંપૂર્ણ સૂર્યગ્રહણ થશે ત્યારે આવી સંભાવના નજરોનજર જોઈ શકાશે. (અહીં એ ઉલ્લેખ જરૂરી છે કે, ૧૬મી ફેબ્રુઆરી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૧૯૮૦ના રોજ થયેલું સૂર્યગ્રહણ ફાગણ માસમાં જ થયું હતું અને આવનારા દિવસોમાં નવ ગ્રહો સૂર્યની એક સીધાણમાં જ આવવાના છે). આવા યોગને કારણે શાસકો ઉપરાંત પ્રજાને પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ધરતીકંપ, ઉલ્કાપાત વગેરે કુદરતી આફતો ઉપરાંત ઘણાખરા દેશોમાં યુદ્ધ ફાટી નીકળવાની પણ શક્યતા છે. સંત બાંગડે અંગ્રેજો અને મુસ્લિમો વચ્ચે યુદ્ધ થવાની પૂરેપૂરી શક્યતા બતાવી છે. માનવસર્જિત આપત્તિઓ અને કુદરતી આફતોને કારણે કેટલાય દેશો ખેદાનમેદાન થઈ જવાની અને જનજીવન સાવ વેરણછેરણ થઈ જવાની શક્યતા ઉપરની પંક્તિઓમાં સ્પષ્ટ દર્શાવી છે. તેમના જણાવ્યા પ્રમાણે આ તો શરૂઆત જ છે. બાકી વીસ વર્ષમાં ઘણા મોટાપાયે ફેરફાર થતો રહેશે.

પટનાની 'ખુદાબક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી'માં બુખારાના જાણીતા સંત શાહનિયા મતુલ્લા વલ્લી સાહેબનું લખેલું ફારસી કશીદાઓ (કવિતાઓ)નું એક પુસ્તક છે. એ પુસ્તકમાં એમણે લખ્યું છે – જાપાન અને રશિયામાં યુદ્ધ થશે. (૧૯૦૪માં જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ થયું હતું) જાપાનમાં ભયંકર ધરતીકંપ થશે (૧૯૧૩માં જાપાનમાં ભૂકંપ થયો હતો). પહેલા વિશ્વયુદ્ધમાં અંગ્રેજો અને જર્મનો લડશે તેમાં અંગ્રેજોનો વિજય થશે. પરંતુ યુદ્ધમાં ૧ કરોડ ૩૧ લાખ લોકો માર્યા જશે. (બ્રિટીશ કમિશનના રિપોર્ટમાં એ વિશ્વયુદ્ધમાં ખરેખર એટલા જ લોકો મરી ગયા હોવાની વિગતો દર્શાવાઈ છે). બંને જર્મની (પૂર્વ અને પશ્ચિમ) વચ્ચે ભયંકર તણાવવાળી પરિસ્થિતિઓ ઉત્પન્ન થશે. બીજા વિશ્વયુદ્ધમાં અણુબૉંબ ફેંકાવાની તેમની આગાહી સાચી ઠરી છે. આમ તેમની એક પણ ભવિષ્યવાણી આજ સુધીમાં ખોટી પડી નથી.

ભારત વિષે વલીસાહેબે લખ્યું છે કે, આ દેશ મુસલમાનોના હાથમાંથી પરદેશીઓના હાથમાં ચાલ્યો જશે અને ત્યારબાદ હિંદુ-મુસ્લિમ ભેગા થઈને તેમની સામે યુદ્ધ કરશે. પરદેશીઓ અહીંથી જતા તો રહેશે પણ દેશના બે ભાગલા પાડીને જશે.

વલીસાહેબે ત્રીજા વિશ્વયુદ્ધ વિષે લખ્યું છે કે એ યુદ્ધ ખૂબ ભયંકર હશે. ગોરી જાતિ ખૂબ નબળી પડશે. એક સર્વોચ્ચ સત્તા તરીકે ભારતનો ઉદય જરૂર થશે. પરંતુ એને માટે તેણે કપરો સંઘર્ષ ખેડવો પડશે. જોવામાં તો આવી પરિસ્થિતિઓ ખૂબ દુઃખદ લાગશે, પરંતુ આ દેશમાં એક એવો દેવદૂત પાકશે કે જે અસંખ્ય નાના અને સામાન્ય લોકોને સંગઠિત કરીને એવી વિરાટ શક્તિ ઊભી કરી બતાવશે કે એ જ સામાન્ય માણસો દુનિયામાં સીધા અને સાચા માણસોનું માન વધે અને સુખશાંતિ ફેલાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી દેશે.

મિસરના એક પુરાતન મિનારા પર એવી ભવિષ્યવાણી કોતરાયેલી છે કે, ચૌદમી સદી પૂરી થયા બાદ (હિજરી સંવત પ્રમાણે અત્યારે ચૌદમી સદી પૂરી થઈ ગઈ છે) પ્રલય ફાટી નીકળશે. એટલે કે ભીષણ સર્વનાશ અને સંઘર્ષો ઊભા થશે. એ જ મિનારા ઉપર બીજી એક એવી આગાહી કોતરેલી છે કે, એવો નવો આવશે કે જેમાં સત્ય એ જ ધર્મ હશે. ન્યાયુગ એ જ કાયદો હશે. દુનિયાભરના લોકો એક પરિવારની માફક ભાઈચારાથી જીવશે અને કોઈને કોઈના પ્રત્યે વેરભાવ નહીં હોય. ચારે બાજુ સુખશાંતિ ફેલાઈ જશે. પરંતુ એની પહેલાં દુનિયાની મોટાભાગની વસ્તી નાશ પામે એવાં પ્રચંડ યુદ્ધો, દુકાળો અને કુદરતી આફતો ઉતરી આવશે. આ નવયુગનું નિર્માણ બહુ જૂજ લોકો દ્વારા જ થશે એવી ભવિષ્યવાણી પણ એ મિનારા ઉપર કોતરાયેલી છે.

*જે માણસો અત્યારે આપણને ખરાબ અને આપણા દુશ્મન લાગે છે તેમના કેટલાક અપકારોની વાતને વિચારવી છોડીને, જો ઉપકારોને, તેમના દ્વારા કરાયેલા સદ્‌વ્યવહારોને યાદ કરીએ તો ચોક્કસ તેઓ આપણને દુશ્મન નહીં લાગે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આસ્થા-સંકટની ભયાનકતા અને તેનાથી છૂટકારો

આમ તો પ્રાકૃતિક આરોહ-અવરોહ પણ દરેક સજીવો ઉપર અસરકર્તા હોય છે અને એના કારણે પણ તેઓને ઘણી અગવડ-સગવડો વેઠવી પડે છે. પરંતુ આ સત્ય મોટેભાગે સાધારણ પ્રાણીઓ ઉપર જ લાગુ પડે છે. માણસની વિલક્ષણ બુદ્ધિ તેને પ્રાકૃતિક પ્રતિકૂળતાઓથી દૂર રાખવામાં અને અનુકૂળ સંજોગો ઊભા કરવામાં મદદ કરતી હોય છે. માણસ કુદરતને પૂરેપૂરી વશમાં તો નથી લાવી શકતો, પરંતુ અનુકૂલન સાધવામાં ખાસ્સી સફળતા મેળવી છે, એટલું તો નક્કી છે. આવનારા દિવસોમાં આવી સફળતાનું પ્રમાણ અને પરિમાણ ઘટશે નહીં પરંતુ વધતું જશે.

માણસની વર્તમાન વ્યક્તિગત અને સામૂહિક મુશ્કેલીઓનું કારણ શોધતી વખતે ક્યાંક કુદરતી પ્રતિકૂળતાઓને માથે જ દોષનો ટોપલો ઓઢાડી ના દેવાય એ કારણસર આ સત્યની ચર્ચા અહીં કરવામાં આવે છે. માણસની બધી મુશ્કેલીઓ ગ્રહનક્ષત્રોને કારણે, ભાગ્યને કારણે તેમજ કુદરતી પરિબળોને કારણે ઊભી થયેલી છે, એવું ઘણા પ્રારબ્ધવાદી લોકો કહેતા હોય છે. આફત આવે ત્યારે તેમજ કોઈ સુખસગવડ મળે ત્યારે એ તમામનો દોષ અને શ્રેય સંજોગો તેમજ ભાગ્યને જ આપતા રહે છે. આવું અપવાદરૂપે કોઈક વાર બનતું પણ હશે, બાકી સામાન્ય રીતે માણસની સારી-નરસી સ્થિતિ માટે મોટેભાગે તેના આચાર-વિચાર જ જવાબદાર હોય છે. કુદરતી પ્રતિકૂળતાઓ પણ અમુક અંશે ભાગ ભજવે છે ખરી, પરંતુ માણસને સંજોગો સામે જ ઝઝૂમવાનો એટલો બહોળો અનુભવ છે કે તે તેનાથી બચવાના ઉપાયો યેનકેન પ્રકારેણ શોધી જ કાઢે છે. સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને આજ સુધીનો ઘટનાક્રમ માણસના પ્રકૃતિ સાથેના સંઘર્ષનો સાક્ષી છે કે, માણસે કદી હાર માની નથી. પૂરી જીત ભલે નથી મેળવી, છતાંય અનુકૂલન સાધવામાં આશાજનક સફળતા મેળવવામાં તેની બુદ્ધિ અને કુશળતાએ હંમેશાં પોતાના ચમત્કારો દાખવ્યા છે.

જમાનો ખરાબ છે. કલિયુગ છવાઈ ગયો છે. સંજોગો વિપરીત છે. નસીબ યારી નથી આપતું - આવાં કારણો બતાવીને મન તો હલકું કરી શકાય છે, પરંતુ તેનાથી કોઈ સમસ્યાનું સમાધાન મળી જતું નથી. મોટા રાજનેતાઓને, ફિલોસોફરોને, ધર્મગુરુઓને, સેનાપતિઓને કે ધનવાનોને પણ પરિસ્થિતિઓ માટે જવાબદાર ઠેરવી શકાય છે. પરંતુ લોકમાનસ સાવ નિર્દોષ છે એવું ના કહી શકાય. હકીકત તો એ છે કે, મૂર્ધન્ય માણસો પણ કાંઈ આકાશમાંથી ઉતરી આવતા નથી, જનતામાંથી જ બહાર આવે છે. લોકમાનસની કક્ષા જ પ્રતિભાઓ ઉત્પન્ન કરે છે અને તેમને યોગ્ય માર્ગે વાળે છે. માણસ પોતાની રીતે સંપૂર્ણ છે. તેની અંતર્ચેતનામાં અનંત સંભાવનાઓ બીજરૂપે પડેલી છે. જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે વ્યક્તિત્વનો વિકાસ થાય છે અને તેના આધારે ઘડાયેલી પ્રતિભા પોતાનો ચમત્કાર દેખાડે છે. વિચક્ષણ પ્રતિભાઓના નિર્માણ પાછળ અને પુરુષાર્થનો માર્ગ પકડવા પાછળનું તત્ત્વજ્ઞાન આ જ છે. પરિસ્થિતિઓ માટેનો દોષ અને યશ તો આપવા ખાતર ગમે તેને આપી શકાય; પરંતુ જો મૂળ કારણ શોધીને તથ્ય શોધી કાઢવું હોય તો આ જ સાર નીકળે કે, માણસનું અંતઃકરણ જ તેની પ્રગતિ કે અધોગતિ માટે કારણભૂત હોય છે. જેઓ આજની વિષમતાઓને બદલાવવા ઈચ્છે છે, તેઓને પાયાનાં કારણો સુધી પહોંચવું જ જોઈશે, નહીંતર સુકાતા-કરમાતા વૃક્ષને નવપલ્લવિત કરવા માટે મૂળની ઉપેક્ષા કરીને પાંદડાને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાણી છાંટવા જેવી વિટંબણા ચાલતી જ રહેશે અને થાક તેમજ નિરાશા સિવાય બીજું કશું જ હાથ નહીં આવે.

સામાન્ય રીતે માણસનાં કર્મોને પરિસ્થિતિઓ માટે જવાબદાર માની શકાય. ભૌતિકવાદીઓ તો માત્ર એટલું જ જોઈ શકે છે. પરંતુ ઊંડું નિરીક્ષણ કરી શકનારા સૂક્ષ્મવાદીઓને ખ્યાલ આવશે કે જડ પદાર્થોનું બનેલું શરીર તો એક સાધન માત્ર છે. તેમાં ક્રિયાશીલતા તો છે પરંતુ કર્મણ્ય-અકર્મણ્યનો વિવેક તેનામાં નથી. એ નક્કી કરવાનું કામ મનનું છે. શરીર મનની આજ્ઞાઓનું પાલન કરનાર સેવક છે. તેમાં તમામ કાર્યો મનના નિર્દેશો પ્રમાણે જ ચાલતા હોય છે. સારી કે નરસી ટેવો દેખાય છે તો શરીરને લગતી, પરંતુ હકીકત એ છે કે, ગુણ, કર્મ અને સ્વભાવનું સમગ્ર માળખું મનોજગતમાં ઘડાય છે. શરીરને તો એના ઇશારે કઠપૂતળીની માફક નાચવાનું જ હોય છે. શરીર દ્વારા થતી તમામ ક્રિયા માટે માનસિક કક્ષા જ કારણભૂત હોય છે.

એનાથી આગળનો પણ એક તબક્કો છે કે જ્યાં પહોંચવાથી વ્યક્તિત્વના આધારભૂત મર્મસ્થળને જાણી શકાય છે. એ છે માણસની આસ્થાનું કેન્દ્ર એટલે કે અંતઃકરણ. ત્યાં જ ભાવનાઓ, સંવેદનાઓ ઉત્પન્ન થાય છે. રુચિ અને ઇચ્છા પણ ત્યાં જ જન્મે છે. સામાન્ય બુદ્ધિ તો શારીરિક ક્રિયાઓને જ પરિસ્થિતિનું નિર્માણ કરનાર પરિબળ સમજે છે. પરંતુ સૂક્ષ્મ બુદ્ધિ એથી પણ આગળ જોઈ શકે છે. એટલે તે માનસિક સ્થિતિ અને વિચારજગતને મહત્ત્વ આપે છે. એના પછી સત્યની શોધ કરનારી પ્રજ્ઞાના વિવેચન અને પ્રતિપાદનના તબક્કાની શરૂઆત થાય છે. તેમાં પ્રવર્તમાન પરિસ્થિતિઓ માટે અમુક હદ સુધી માણસનાં કાર્યો અને વિચારોને જવાબદાર માનવામાં આવે છે. એનો અંતિમ નિર્ણય એવો હોય છે કે, અંતઃકરણની કક્ષા જ વિચારજગતમાંથી તેને યોગ્ય અને અનુકૂળ હોય તેનો જ સ્વીકાર કરે છે. માણસ જે કાંઈ વિચાર કરે છે તે બધું હકીકતમાં આસ્થા અને ઇચ્છાના ઉદ્ગમસ્થાન એટલે કે અંતઃકરણના જ આદેશો હોય છે.

સામાન્ય પરિસ્થિતિઓ દરેક માટે એકસરખી જ હોય છે. સાધનસગવડની તક અમુકને તો વારસા દ્વારા કે યોગાનુયોગ મળી જતી હોય છે, પરંતુ સામાન્ય રીતે માણસની તમામ પ્રાપ્તિઓ તેની આંતરિક અભિરૂચિને અનુરૂપ જ હોય છે. એ જ માણસને પોતાની કક્ષાના વિચારો, સાધનો કે મનુષ્યોને પોતાની તરફ આકર્ષિત કરનારા ચુંબકત્વનું ઉદ્ગમસ્થાન છે. વ્યક્તિત્વની વાસ્તવિક મૂડી કે ચાવી એ જ છે. કહેવા ખાતર તો કહી શકાય કે જે જેવું વિચારે છે, તેવો જ તે બની જાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, જેના આસ્થા કે વિચારો જેવા હોય તેવા જ વિચારો આવતા હોય છે. મનમાં જે વિચારો ઠસી જાય છે તે જ વિચારો શિલ્પીના ટાંકણાની માફક શરીરને પોતાની મરજી મુજબ ઘડતા-કોતરતા કે ચલાવતા રહે છે.

ગીતામાં આ છેવટના પરમ સત્યના રહસ્યને પ્રગટ કરતાં કહેવાયું છે –

"શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ" વ્યક્તિત્વ શ્રદ્ધાનું જ પરિણામ છે. દરેકની જેવી શ્રદ્ધા હોય, તેનું વ્યક્તિત્વ બિલકુલ તેને જ અનુરૂપ હોય છે.

મનુષ્યનો દેખાવ અને રોજિંદાં કાર્યો મોટેભાગે એકસમાન હોય છે. દરેકનાં શરીર ખાનપાનની લગભગ એકસરખી જ શૈલી અપનાવે છે. દરેક જણ નાહવા-ખાવા, સુવા કે જાગવા જેવાં હલનચલનો અને ફાવે તે પ્રકારનાં સાધન-સગવડ મેળવવા માટે સમાનરૂપે ઇચ્છુક હોય છે. ઋતુઓનો પ્રભાવ તેમજ સમયનો પ્રભાવ દરેકને સમાનરૂપે અસરકર્તા હોય છે. દરેક ઇચ્છાધારીને વધતા-ઓછા પ્રમાણમાં પ્રગતિના અવસરો પણ મળી જ રહેતા હોય છે. આ બધું જોતાં કોઈ માનસિક રીતે પછાત હાલતમાં સબડ્યા કરે, કોઈ જીવવા ખાતર જીવવાની જેમ દિવસો ગુજારે, કોઈ પ્રગતિશીલ હોય તો કોઈ મૂર્ધન્ય બુદ્ધિપ્રતિભા સંપન્ન હોય - આ બધું આશ્ચર્યજનક લાગે છે. આવા આભજમીનના તફાવતનું એકમાત્ર કારણ અંતઃકરણમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેલી આસ્થાઓ અને ઇચ્છાઓ જ હોય છે. તે જીવનની દિશા નક્કી કરતી હોય છે.

મનમાં એકસાથે અનેક વિચારો આવતા હોય છે. એમાંથી કોને અનુસરવું કે કોનો અમલ કરવો એનો નિર્ણય અંતઃકરણ પોતાની આસ્થાઓ અને ઇચ્છાઓ અનુસાર કરે છે. શું આયોજન કરવું ? કોનો સંપર્ક રાખવો ? કેવી હાલતમાં રહેવું ? કેવું વાતાવરણ પસંદ કરવું - આ બધી બાબતોમાં આખરી નિર્ણય બહારની કોઈ અન્ય વ્યક્તિ નથી કરતી. એની સૂચના કે પ્રેરણા વાતાવરણને કારણે મળતી હોય એવું માત્ર દેખાય જ છે. હકીકત એ છે કે, માણસનું સ્વ (સ્વતંત્ર અસ્તિત્વ) એના અંતઃકરણમાં રહેલું હોય છે. નિર્ણય-નિર્ધારણ બધું અંતઃકરણમાં જ થાય છે. મન અને શરીર કોઈ સ્વામીભક્ત સેવકની જેમ અંતઃકરણની ઇચ્છા પૂરી કરવામાં તત્પરતા અને નિષ્ઠાથી રચ્યાંપચ્યાં રહે છે. એકસરખા વાતાવરણમાં જન્મેલા અને ઉછરેલા માણસો એકસમાન પ્રસંગોએ પણ અલગ અલગ દિશા મુજબ કાર્યો કે વિચારો કરતા હોય છે અને બંને વચ્ચે આભજમીનનો તફાવત સ્પષ્ટ જણાઈ આવે તેવાં પરિણામો ઉત્પન્ન કરતા હોય છે. આવા અકળ કોયડાનું સમાધાન એ જ છે કે, માણસોની આસ્થા જ તેમને એને અનુરૂપ વિચારવા અને એને અનુરૂપ સારી કે નરસી પરિસ્થિતિઓમાં ધકેલી દેવાની ફરજ પાડતી હોય છે. અંતઃકરણ એ જ વ્યક્તિત્વ છે – તત્ત્વજ્ઞાનીઓનો આવો નિર્ણય શબ્દશઃ સાચો છે. આસ્થા (શ્રદ્ધા) જ વિચારો અને વર્તનની દિશા નક્કી કરતી હોય છે. કોણ કઈ રીતે અને કેવી પરિસ્થિતિઓમાં જીવ્યો એનું નિમિત્ત કારણ તેના અંતઃકરણની કક્ષા જ હોય છે. ચડતી કે પડતીનાં ભાગ્યવિધાન અંતઃકરણમાં જ લખાતાં હોય છે. કદાચ આ મર્મકેન્દ્ર જ 'વિધાતા' તરીકે ઓળખાતું હશે. જો ખરેખર ભાગ્ય કે ભવિષ્ય લખાતું હશે તો એની વિધિ અંતઃકરણના મર્મકેન્દ્રમાં જ સંપન્ન થતી હશે.

કેટલીક વાર પરિસ્થિતિઓ પણ માણસને શું માંથી શું બનાવી દેતી હોય છે. પરંતુ એને માત્ર અપવાદ જ ગણી શકાય. આટલી વિશાળ દુનિયામાં થોડીઘણી ચમત્કારિક ઘટનાઓ બનતી રહે તે બનવાજોગ છે. ગેરલાયક માણસોને પણ ઘણી વાર ઉત્તમ સંજોગો મળી રહેતા હોય એ શક્ય છે. એ જ પ્રમાણે લાયક માણસો કેટલાક સમય પૂરતા ઘૃણાસ્પદ હાલતમાં સબડતા રહે એ પણ શક્ય છે. તેમ છતાંય માણસની કક્ષા અને પરિસ્થિતિ વચ્ચે જો વિસંગતતા હોય તો તે લાંબો સમય ટકી રહેતી નથી, એ વાત ચોક્કસ છે. અયોગ્ય માણસો શ્રેષ્ઠતાને કાયમ જાળવી રાખે કે યોગ્ય માણસો કાયમ ઘૃણાસ્પદ હાલતમાં સબડ્યા કરે એ શક્ય નથી.

પ્રાચીન યુગ અને અર્વાચીન યુગ વચ્ચે જે સાપેક્ષ વિસંગતતાઓ દેખાય છે એનું કારણ બહારનું વાતાવરણ નહીં પરંતુ અંતઃકરણ છે. પરિસ્થિતિની નજરે જોતાં આજે સાધન-સગવડોનું પ્રાધાન્ય છે. સંપત્તિ, શિક્ષણ, ચિકિત્સા, લલિતકળાઓ, વ્યવસાય, વિજ્ઞાન વગેરે ક્ષેત્રોમાં આપણે આપણા પૂર્વજો કરતાં અનેકગણા સમૃદ્ધ અને ભાગ્યશાળી છીએ. પરંતુ આરોગ્ય, માનસિક સ્વસ્થતા, સ્નેહ અને સહયોગ જેવા જીંદગીનાં તમામ મહત્ત્વનાં ક્ષેત્રોમાં સ્મશાન જેવી ભીષણ ભયાનકતાઓ છવાયેલી છે. જ્યારે એનાથી ઊલટું ખરેખર તો માણસો વધારે સમૃદ્ધ અને સુસંસ્કારી હોય તેમજ જાતે પ્રસન્ન રહેતા અને બીજાને પ્રસન્ન રાખતા હોય એમ બનવું જોઈતું હતું. લોકો જાતે પ્રગતિ કરતા અને બીજાને પ્રગતિનો માર્ગ દર્શાવતા હોય એમ બનવું જોઈતું હતું. જે ક્ષમતાઓ સહયોગ અને સર્જનમાં વપરાઈને સંસારમાં સ્વર્ગીય વાતાવરણ ઊભું કરી શકે તેમ હતી, તે આજે એકબીજાને પરાસ્ત કરવામાં કેમ વપરાય છે ? આવો દુરુપયોગ શેને કારણે થયો ? સર્જનાત્મક ક્ષમતાઓ વિનાશમાં કેમ વપરાવા લાગી ? આ વિટંબણાનું કારણ એક જ છે કે આદર્શવાદી આસ્થાઓની ઊણપ, અંતઃકરણની કક્ષાનું અધઃપતન. આવી વિસંગતતાનું પરિણામ વ્યક્તિ અને સમાજ સામે મોં ફાડીને ઊભી રહેલ અનેકાનેક સમસ્યાઓ, આપત્તિઓ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભયાનકતાના રૂપમાં દેખાઈ રહ્યું છે.

પ્રાચીનકાળના લોકો નહિવત્ સાધનોથી ચલાવી લેતા હતા. સાધનોની આજના કરતાં ઘણી વધારે તંગી (ઊણપ) તેમને ખટકતી નહોતી. કારણ એટલું જ કે તે વખતે એમ વિચારાતું હતું કે, જીવન ઉચ્ચ કક્ષાના હેતુઓ માટે છે. જીવનનિર્વાહ માટે ખપ પૂરતાં સાધનોની જોગવાઈથી સંતોષ માનીને વધારાની ક્ષમતાઓ સારા ઉદ્દેશ્યો પાછળ વાપરવી જોઈએ. આદર્શવાદી પરંપરાઓ અપનાવવામાં ગર્વ થવો જોઈએ. પરમાર્થ કરીને પ્રસન્નતા પામવી જોઈએ. આપણા મહાન પૂર્વજો સ્વર્ગીય પરિસ્થિતિઓનું નિર્માણ કરી શક્યા હતા. ઉપરાંત આખી દુનિયાને હજારો વરદાનોનો લાભ આપીને લોકશ્રદ્ધા પામ્યા હતા તેમજ દેવમાનવ તરીકે ઓળખાવાનું સૌભાગ્ય મેળવી શક્યા હતા. એની પાછળ આવી ઉમદા વિચારસરણી જ છે.

આજે શ્રદ્ધાઓનો સ્તર નીચો આવ્યો છે. સંકુચિત સ્વાર્થીવૃત્તિને વિલાસી રીતે પોષે રાખવી એ જ જીવનધ્યેય બની ગયું છે. લોકોને વૈભવો મેળવીને તેનો દુરુપયોગ કરવાનું જ ગમે છે. આદર્શો એ માત્ર કહેવા સાંભળવાના બુદ્ધિવિલાસ બનીને રહી ગયા છે. સમૃદ્ધિની સાથે સાથે બુદ્ધિચાતુર્યનું પ્રમાણ પણ વધતું ગયું છે. પ્રતિભાની કે કાર્યકુશળતા દાખવવાના અવસરોની ખોટ નથી, તેમ છતાંય શ્રેષ્ઠતાઓમાં વધારો અને અધમતાની નાબૂદી થઈ શકી નથી. આ બાબતે એક જ મુશ્કેલી નડી રહી છે કે લોકમાનસ ઉપર પાશવી પ્રવૃત્તિઓનું ભૂત સવાર થઈ ગયું છે. ન તો આદર્શો પ્રત્યે શ્રદ્ધા છે કે નથી આદર્શોની ઈચ્છા. એવી કક્ષાના વિચારો જ નથી આવતા. આદર્શો કે ઉમદા વિચારોને અપનાવવામાં ગર્વ અનુભવવાની ભાવના ક્યાંય શોધી મળતી નથી. આવા સંજોગોમાં પૂરા મનોયોગ વગર શ્રેષ્ઠતાનું પોકળ સમર્થન આપવાથી તેમજ એને અમલમાં મૂકવામાં પ્રમાદ સેવવાથી; વિનાશને અટકાવીને નિર્માણ કરી શકે તેવો કોઈ પાયો કે આધાર રચી ના શકાય.

આપણે આસ્થા સંકટના કપરા દિવસોમાં જીવી રહ્યા છીએ. શ્રદ્ધાનો જાણે દુકાળ પડ્યો છે. આપણે દરેક સમસ્યાઓ આર્થિક, રાજકીય કે સામાજિક ક્ષેત્રમાંથી ઉદ્ભવી છે એમ માનીએ છીએ. એટલે એમાં સુધારા કરવા માટે આંદોલનો ચલાવીએ છીએ. આપણે આરોગ્ય કથળવાનું કારણ અસંયમને નહીં પરંતુ બૅક્ટેરિયાને માનીએ છીએ. માનસિક વિકારોનું કારણ ઉમદા ચિંતનના અભાવને નહીં પરંતુ સ્વચ્છંદતા ઉપરના નિયંત્રણને માનીએ છીએ. આર્થિક સમસ્યાનું કારણ કરકસર અને મહેનતના અભાવને નહીં પરંતુ સંપત્તિની અસમાનતાને માનીએ છીએ. અપરાધોને રોકવા માટે આસ્તિકતા અને આધ્યાત્મિકતાના તત્ત્વજ્ઞાનને હૃદયમાં ઉતારવાની ઉપેક્ષા કરવામાં આવે છે અને એનું સમાધાન કોર્ટ કે પોલીસ દ્વારા મેળવવા મથીએ છીએ. બધા મહત્ત્વાકાંક્ષી માણસો રાજકીય સત્તાને સુધારણાની જાદુઈ લાકડી માનીને સત્તા ઉપર સામ્રાજ્ય જમાવવાના લાલચુ થઈ ગયા છે. ધર્મસંસ્થાનમાં સુધારો કરીને અને એના આધારે આસ્થાસંકટની પળોજણ નિવારવાનો માર્ગ કોઈનેય સૂઝતો નથી. આ બધા વાહિયાત પ્રયત્નો છે, હવાતિયાં છે. રક્તવિકાર સુધાર્યા વગર ગૂમડા ઉપર પાટા બાંધ્યા કરવાનો માર્ગ ખૂબ લાંબો અને ધાર્યાં પરિણામો મેળવવાની દૃષ્ટિએ એકદમ સંદિગ્ધ છે. તેમ છતાંય આવા હવાતિયાંની ભ્રમજાળ ઊભી કરવાની જાણે હુંશાતુંશી ચાલી રહી છે. મૂળ કારણ શોધ્યા સિવાયના આવા ઊલટા પ્રયાસો ક્યારે અને કેટલી હદે સફળ થશે, એનું કાંઈ નક્કી નહીં.

આપણા યુગની અનેક સમસ્યાઓ, આફતો અને ભયાનકતાઓનું એકમાત્ર કારણ માણસના અંતઃકરણમાં સમાયેલી શ્રદ્ધાઓનું અવમૂલ્યન છે, એ વાત હજાર વાર સમજવી અને લાખવાર સમજાવવી જોઈએ. કીચડમાંથી માખી, મચ્છર, જીવાત, કીડા અને દુર્ગંધ જ ઉત્પન્ન થાય છે. ગટરમાં જામેલા સડા કે ગંદકીને ધોઈને સાફ કરી નાખવો એ જ એનો છેવટનો ઉપાય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોઈ શકે, જો શ્રદ્ધામાં ઘર કરી ગયેલો સડો દૂર ના કરી શકાય અને અંતઃકરણમાં શ્રેષ્ઠતાનો વધારો ના કરી શકાય તો સુધારાના કે પરિવર્તનના તમામ પ્રયાસો રેતીમાંથી તેલ કાઢવાની કોશિશની માફક નિષ્ફળ જ જશે એમ સમજી લેવું જોઈએ. ઉજ્જવળ ભવિષ્યનાં સોનેરી સ્વપ્નો દિવાસ્વપ્નની જેમ માત્ર કલ્પના જ બની રહેશે.

બાહ્ય ઉપચારનો કોઈ વિરોધ નથી. એ થાય છે તેમ થતા રહેવા જોઈએ. પરંતુ અંતઃકરણને લગતા ઉપચારોનું મહત્ત્વ સમજવું જોઈએ. યુગપરિવર્તનનો સાચો અર્થ – અંતઃકરણમાં રહેલી આસ્થાઓમાં ઉત્કૃષ્ટતામૂલક સુધારો એ જ છે. તમામ સમસ્યાનું સમાધાન આ એક જ ઉપાય ઉપર આધારિત છે કારણ કે અંતઃકરણમાં વિકારો ઉત્પન્ન થવાને કારણે જ બધી ગુંચવણ સર્જાય છે. ખાદ્યસંકટ, ઊર્જાસંકટ, આરોગ્યસંકટ અને સુરક્ષાસંકટની માફક આસ્થાસંકટના વ્યાપક ક્ષેત્ર અને તેની વ્યાપક અસરોને ઊંડાણપૂર્વક સમજવી જોઈએ. યુગ સમસ્યાઓનું સમાધાન શોધવા માટે એનાથી કશું ઓછું ચાલશે નહીં અને એનાથી કશું વધારે ખપશે નહીં. લોકોને આશ્વાસન મળતું રહે તે દૃષ્ટિએ બાહ્ય સુધારા અને સંવર્ધનના પ્રયાસો થતા રહે એમાં કાંઈ ખોટું નથી. પરંતુ જ્યારે જનસમુદાયના અંતઃકરણમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધાઓનું નિરૂપણ અને અભિવૃદ્ધિ કરવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ઉપાડી લેવામાં આવશે ત્યારે જ કાંઈ નક્કર પરિણામ આવી શકશે. એક જ સમસ્યા છે અને એક જ સમાધાન છે. માણસ ભલે એ સમજવામાં થાપ ખાય પરંતુ મહાકાળને તો એ હકીકતની જાણકારી છે એ લોકમાનસમાં આસ્થાઓનો નવસંચાર કરવા માટે પ્રજ્ઞાવતારને મોકલી રહ્યો છે. એનો મુખ્ય હેતુ અશ્રદ્ધાઓને શ્રદ્ધામાં ફેરવી નાખવાનો જ છે.

*કર્તવ્યપાલન ઉપર આધારિત આકાંક્ષાઓ અંગે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તેમાં બીજા કોઈનો હસ્તક્ષેપ ના હોય. પોતાની જેવી યોગ્યતા છે અને પરિસ્થિતિ છે તે મુજબ જ દરેક માણસ કર્તવ્યપાલન કરી શકે છે અને સાથે સાથે સંતોષ પણ પ્રાપ્ત થઈ શકે છે. ગીતકારે વારંવાર એ સ્પષ્ટ કર્યું છે કે "મનુષ્યનો અધિકાર માત્ર કર્તવ્યપાલન સુધી જ સીમિત છે. પરિણામો ઉપર તેનો કોઈ અધિકાર નથી." જે વસ્તુ ઉપર આપણો અધિકાર નથી તેની ઉપર પોતાની પ્રસન્નતાનો આધાર રાખવો તે ભૂલ છે. પોતાના આનંદને બીજાના હાથમાં વેચી દેવા જેવું છે. તેથી જીવનને સુખી બનાવવા માટે આપણે જીવનને સર્વાંગી ઉન્નતિ તરફ આગળ ધપાવવા માટે પૂરી સચ્ચાઈ અને શ્રમશીલતા સાથે પ્રયત્ન કરીએ તેવી નીતિ જ સર્વોત્તમ ગણાય. આ પ્રયત્નશીલતાને પોતાનો ધર્મ અને કર્તવ્ય માનીએ અને પ્રત્યેક પળે એ વાતનો સંતોષ અને ગર્વ અનુભવીએ કે કર્તવ્યપાલનમાં આપણે પૂરી તત્પરતા અને ઈમાનદારી સાથે જોડાયેલાં છીએ. આપણા સંતોષ અને આનંદ માટે આટલું જ પૂરતું છે.*

❖

***સંતોષ, ક્ષમા, સહિષ્ણુતા, પ્રસન્નતા અને નિર્વાહની ભાવનાથી દાંપત્યપ્રેમ સ્થિર રહી શકે છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હવે ભવિષ્યના કાર્યક્રમો આવા હશે

## (ભવિષ્યના કાર્યક્રમની રૂપરેખા)

આ દિવસોમાં ભારતભરમાં યુગ નિર્માણ યોજના શાંતિકુંજ હરદ્વારના પ્રજ્ઞા અભિયાનની સંસ્કાર મહોત્સવ શૃંખલાની અંતર્ગત ઠેકઠેકાણે કાર્યક્રમોની હારમાળા ચાલી રહી છે. આવાં આયોજનોની જે સ્વરૂપમાં કલ્પના કરવામાં આવી હતી તેમાં સંસ્કારોના મહત્ત્વને મુખ્ય માનીને યજ્ઞો તેમજ કુંડોની સંખ્યાને બીજા ક્રમે અગ્રીમતા આપવામાં આવી હતી. થયું છે એવું કે અશ્વમેધાદિ યજ્ઞ કરનારા અને દેવસંસ્કૃતિને લોકો સુધી પહોંચાડનારા અમારા યુગસૈનિકો લાગણીના આવેશમાં કે ઉત્સાહમાં ક્યાંક અટવાઈ ગયા હોય એવું લાગે છે. ભપકો, વિશાળતા અને જડતાનો જમેલો — એ અમારું ધ્યેય નથી. કાર્યક્રમોનું સ્વરૂપ પણ એવું હરગીજ નહોતું રખાયું. ધ્યેય એ હતું કે વધુને વધુ લોકો સંસ્કારી બનીને પરિવાર નિર્માણની પ્રક્રિયા પૂરી કરે જેથી કરીને યુગઋષિની ભવ્ય સમાજ રચવાની ભવ્ય કલ્પના સાકાર થઈ શકે. પરંતુ આ ભગીરથોને કોણ જાણે શું થઈ ગયું છે કે, તેઓ પોતાના મુખ્ય ધ્યેયથી વિમુખ થઈને યજ્ઞયાગાદિ કરીને જ આયોજનો પાર પાડ્યાનો સંતોષ મેળવવા લાગ્યા છે. આ સમીક્ષા ચૂંટણીઓ માટેના વિરામ પહેલાંના અડધા ઉપરના કાર્યક્રમોને લાગુ પાડી શકાય એમ છે. વિરામ પછી હવે વીસમી માર્ચથી ફરીથી છૂટાછવાયા કાર્યક્રમો શરૂ થઈ ગયા છે. આ હારમાળા જૂનના ત્રીજા સપ્તાહ સુધી ચાલશે. એમાં પણ દરેકને સાંસ્કૃતિક ચેતના, યજ્ઞ જેવું જીવન જીવવાની પ્રેરણા અને મહાપૂર્ણાહુતિમાં ભાગીદાર બનવાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનું કહેવામાં આવ્યું છે. પુસંવનથી લઈને આદર્શ વિવાહ, યજ્ઞોપવીત વિદ્યારંભ, અન્નપ્રાશન વગેરે સંસ્કારો મોટા પ્રમાણમાં કરવા-કરાવવા એ પણ એક લક્ષ્ય છે. જો આ લક્ષ્ય પાર પડશે તો પરમપૂજ્ય ગુરુદેવ અને પરમ વંદનીયા માતાજીની અણુએ અણુમાં વ્યાપી રહેલી સૂક્ષ્મ શક્તિ બધાને કરોડો આશીર્વાદ આપશે. તે સિવાય સુધારાત્મક, સંઘર્ષાત્મક કાર્યક્રમોની હારમાળા પણ ઔપચારિક-અનૌપચારિક રીતે ચાલી રહી છે. ક્યાંક નશાવિરોધી રેલી નીકળે છે, તો ક્યાંક આદર્શ લગ્નોના સમર્થન અને દહેજના વિરોધ માટે આંદોલન ચાલે છે. આ સારી નિશાની છે. જ્ઞાનયજ્ઞના કાર્યક્રમ હેઠળ ઠેકઠેકાણે સાહિત્યકેન્દ્રો સ્થપાયાં છે. એ પણ સારી બાબત છે.

હવે વર્ષના ઉત્તરાર્ધના કાર્યક્રમોનો વારો છે, એનું આયોજન અત્યારથી કરવામાં આવી રહ્યું છે. એ બાબતે બધા અત્યારથી જ વિગતવાર જાણી લે તો વધારે સારું. બાળકોના કૌતુકની માફક અહીંતહીં ઉછળીને બધું માંગે રાખવાની ભૂલભરેલી ભાવનાને ન સમજી શકનારા લોકોને પાછળથી પસ્તાવું ના પડે એટલા માટે સ્પષ્ટ ભાષામાં લખવામાં આવી રહ્યું છે. પરિવારના ઘણા સભ્યો આગ્રહ કરે છે કે આપણે ત્યાં પ્રજ્ઞાપુરાણની કથાઓ મુખ્ય હોય તેવો કોઈ કાર્યક્રમ થવો જોઈએ. આવું આયોજન પાંચ કે સાત દિવસોનું હોવું જોઈએ અને તેમાં ચૂંટેલા માણસોએ ભાગ લેવો જોઈએ. આ બધાને અમે સ્પષ્ટ કહેવા માગીએ છીએ કે પોતાની અભિનવ શૈલીને કારણે પ્રજ્ઞાપુરાણના કાર્યક્રમોમાં બહુ મોટી મેદની જમા થાય છે, એ ખરું. પણ માત્ર મનોરંજન એ અમારો મુખ્ય ઉદ્દેશ્ય નથી. જનકલ્યાણની દિશામાં કેવા સંકલ્પો થાય છે ? શું માણસો ગુરુદક્ષિણાના નામે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની ખરાબ વસ્તુઓનો ત્યાગ કરવા તૈયાર થાય છે? શું પોતાની જીવનશૈલી બદલીને યજ્ઞીય જીવન જીવવાની પ્રેરણા તેને મળે છે? કાર્યક્રમોને આવી બધી કસોટીથી મૂલવવા જોઈએ. આ દિવસોમાં શાંતિકુંજમાં લગભગ ચાલીસ જેટલા ટુકડીનાયક કક્ષાના વરિષ્ઠ કાર્યકરો, ખૂબ સરસ ચિંતનપૂર્ણ ભાષામાં પ્રજ્ઞાપુરાણની કથાઓ કહી શકે એ કક્ષાના છે. બધા એક એકથી ચઢિયાતા છે. આ વર્ષમાં ચાલનારી પ્રશિક્ષણ શિબિરો પૂરી થયા બાદ તેમની સંખ્યા બમણી થઈ જશે. એટલે જો કથાપ્રધાન આયોજન કરવું હોય તો તે કેવું કરવું એ માટે શાંતિકુંજથી માર્ગદર્શન મેળવી લેવું. કથાની સાથે સંપૂર્ણ કાર્યક્રમ કોણે આયોજિત કરવાનો છે તેનો નિર્ણય શાંતિકુંજના વ્યવસ્થાતંત્ર ઉપર છોડી દેવો.

આ વર્ષના સપ્ટેંબરના ત્રીજા સપ્તાહથી શરૂ થનારા કાર્યક્રમોમાં ધરમૂળથી ફેરફારો કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમો સ્થાનની અનુકૂળતા પ્રમાણે ચાર દિવસના હશે. અપવાદરૂપે ક્યાંક પાંચ દિવસના પણ હશે. એમાં સવારે યજ્ઞ અને ધ્યાન, બપોરે સામાજિક અને બૌદ્ધિક ક્રાંતિ અંગે માર્ગદર્શન અને સાંજે પ્રજ્ઞાપુરાણની કથાના આયોજન દ્વારા લોકશિક્ષણનો સમાવેશ કરવામાં આવશે. પહેલા દિવસે કળશયાત્રાની સાથે પ્રજ્ઞાપુરાણની શોભાયાત્રા. એમાં ભાગ લેનારા યજમાનોને વિશિષ્ટ જવાબદારીની સોંપણી અને સાંજે પ્રજ્ઞાપુરાણ કથાના પ્રથમ સોપાનનું આયોજન કરવામાં આવશે. બીજે દિવસે સવારે ધ્યાન અને યોગાભ્યાસનું પ્રશિક્ષણ, ચોવીસકુંડીય યજ્ઞ સાથે સંસ્કારો આપવા. બપોરે સમાજના જુદા જુદા વર્ગોની બૌદ્ધિક ગોષ્ઠિ દ્વારા લોકશિક્ષણ અને સાંજે પ્રજ્ઞાપુરાણ કથાનું બીજું સોપાન. ત્રીજે દિવસે આ જ ક્રમ — પરંતુ કથાનું સ્વરૂપ ઓછું, માત્ર નામ પૂરતું જ રહેશે અને દીપયજ્ઞ મુખ્ય થઈ જશે. છેલ્લા દિવસે પૂર્ણાહુતિ સાથે પ્રજ્ઞાપુરાણની કથાનું અંતિમ સોપાન. બપોરે પૂરું કરીને સાંજે ટુકડી કાર્યકરોની અવિધિસરની ગોષ્ઠિ. અપવાદરૂપે કથા બપોરે અને સાંજે બેત્રણ વિભાગમાં બૌદ્ધિક ઉદ્‌બોધન પણ હોઈ શકે.

આ નૂતન અભિનવ આયોજન માટે માત્ર ત્રણ ટુકડીઓ ૨૨મી જાન્યુઆરી સુધીના સમય માટે નક્કી કરવામાં આવી છે. એની સંખ્યા અને તારીખો બદલવામાં નહીં આવે. ૨૨મી જાન્યુઆરી પછી વધારવામાં આવશે. આ દિવસે વસંતપંચમી છે અને એ દિવસથી સાધના વર્ષની શરૂઆત થશે. એના સ્વરૂપ વિષે ગુરુપૂર્ણિમા ગાયત્રીજયંતીના પર્વ સુધીમાં બધાને જાણ કરાશે. કાર્યક્રમ અંગેના નક્કી કરેલા ફોર્મ (પ્રારૂપ) ભરીને પરત આવ્યા બાદ બધી બાબતો ઉપર વિચારવિનિમય કરીને કાર્યક્રમો ઘડવામાં આવશે. અગાઉ નક્કી કરાયેલા તમામ કાર્યક્રમોમાં આ પ્રમાણે ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

***જીવનને શાંતિપૂર્ણ રીતે પસાર કરવાની રીત એ છે કે આપણે આપણી મુશ્કેલીઓનું મૂલ્ય વધુપડતું ના આંકીએ. પરંતુ એટલું જ સમજીએ જેટલું વાસ્તવમાં તેનું મૂલ્ય છે. તેમ કરવાથી આપણી અનેક ખોટી ચિંતાઓ સરળતાથી નાશ પામશે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવ

# ❖ આવૃત્તિ ❖

૪ એપ્રિલ ૧૯૯૮

## પૂજ્ય પં. લીલાપત શર્માના ૮૭ માં વર્ષ ઉપલક્ષમાં આયોજીત અમૃત મહોત્સવ અને સન્માન સમારોહ

**આયોજક**

**પં. લીલાપત શર્મા અમૃત મહોત્સવ સમિતિ**

ભિંડ ( મ. પ્ર. )

**આયોજન સ્થળ**

**ગાયત્રી શક્તિપીઠ તીર્થ**

ગાયત્રી નગર, પુરાના સર્રાફા

ભિંડ (મ. પ્ર. )



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પં. લીલાપત શર્મા અમૃત મહોત્સવ તથા પરમ પૂજ્ય ગુરૂદેવ તેમજ વંદનીયા માતાજીની પ્રતિમાઓનો પ્રાણપ્રતિષ્ઠા સમારોહ અને મિશનનાપ્રમુખ કવિઓનું સન્માન

પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવ, ભિંડ (મ.પ્ર.)માં સંમિલિત થવા તારીખ ૩-૪-૯૮ના પ્રાતઃ દસ વાગે પૂજ્ય પંડિતજી, શ્રી દ્વારિકાપ્રસાદ ચૈતન્ય તથા અન્ય કાર્યકર્તાઓએ ડૉ. સતીશચંદ્ર શુક્લાની સાથે યાત્રા પ્રારંભ કરી. રસ્તામાં ઔરંગાબાદ, આગરા, ફિરોજાબાદ, શિકોહાબાદ, જસવંતનગર, ઇટાવામાં સેંકડોની સંખ્યામાં ગાયત્રી પરિજનોએ પૂજ્ય પંડિતજીનું હર્ષોલ્લાસ સાથે અભિવાદન કર્યું. મધ્યપ્રદેશની સીમામાં પ્રવેશ કરતા જ કૂપ કસ્બામાં નવ નિર્મિત પ્રજ્ઞાપીઠના ગાયત્રી ગર્ભગૃહનો શિલાન્યાસ પૂજ્ય પંડિતજીએ હજારોની સંખ્યામાં ઉપસ્થિત જનસમૂહની વચ્ચે કર્યો.

તારીખ ૪-૪-૯૮ના સાંજે ૬ વાગ્યાથી શાંતિકુંજ હરિદ્વારના વ્યવસ્થાપક શ્રી બલરામસિંહજીની અધ્યક્ષતામાં અમૃત મહોત્સવ તથા સન્માન સમારોહનો પ્રારંભ થયો. જેમાં મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, પં. બંગાળ, હરિયાણા તથા દિલ્લીથી પધારેલ હજારો ગાયત્રી પરિજન ઉપસ્થિત રહ્યા. મંચ પર શ્રદ્ધેય પંડિતજી, શ્રી બલરામસિંહજી, શ્રી દ્વારિકાપ્રસાદ ચૈતન્યજી, માનનીય કવિ મંગલ વિજય 'વિજય વર્ગીય', શ્રી લાખનસિંહ ભદોરિયા, શ્રીમતી માયા વર્મા, શ્રી વીરેન્દ્ર અગ્રવાલ (જયપુર), શ્રી મેજર બી. કે. ખરે (લખનૌ), તથા શ્રી હરીશંકર ગોયલ (ગ્વાલિયર) વિરાજમાન હતા. સર્વપ્રથમ ત્રણેય પ્રમુખ કવિઓને પંડિત શ્રીરામ શર્મા આચાર્ય સ્મૃતિ ગાયત્રી શક્તિપીઠ પુરસ્કારથી સન્માનિત કર્યા જેમાં તેમને ૨૪૦૦/- રૂપિયા રોકડા, શૉલ, શ્રીફળ, સન્માન પત્ર તથા અભિનંદન પત્ર ભેટ આપ્યા. ત્યારબાદ શાંતિકુંજ હરિદ્વારના વ્યવસ્થાપક શ્રી બલરામસિંહજી પરિહારને ૧૧૦૦૦/- રૂપિયા, શૉલ, શ્રીફળ, અભિનંદન પત્ર ભેટ આપી તેમનું સ્વાગત કર્યું. તેના પછી વિચારક્રાંતિ અભિયાન, ગાયત્રી તપોભૂમિના વ્યવસ્થાપક શ્રી દ્વારિકાપ્રસાદ ચૈતન્યજીને ૫૦૦૦/- રૂપિયા શ્રીફળ, શૉલ, અભિનંદન પત્ર ભેટ આપ્યા. અંતમાં પૂજ્ય પંડિતજીને પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવ સમિતિ, ભિંડ દ્વારા ૮૭૦૦૦/- રૂપિયાની સન્માન રકમ તથા શ્રી હરીશંકર ગોયલ દ્વારા ચાંદીની જ્ઞાનયજ્ઞની મશાલ ભેટ આપી અને તેમને અભિનંદન પાઠવ્યા. ૮૭૦૦૦ રૂપિયા સન્માન રકમ, પૂજ્ય પંડિતજીએ જ્ઞાનયજ્ઞમાં લગાવવાની ઘોષણા કરી. આ રકમથી મહાકાલનું દિવ્ય ચિંતન પુસ્તક છપાવી નિઃશુલ્ક વિતરણ કરવાની ઘોષણા કરી. રજત મશાલ પૂજ્ય પંડિતજી દ્વારા સંયોજક ડૉ. સતીશચંદ્ર શુક્લાને ભેટ આપી જેને ડૉ. શુક્લાએ મસ્તક પર લગાવતા જ્ઞાનયજ્ઞમાં પોતાનું તન-મન-ધન લગાવવાનું આશ્વાસન આપતા તેને ગાયત્રી તપોભૂમિ મથુરાના મંદિરમાં પ્રતીક રૂપે સ્થાપિત કરવાનું નિવેદન કરી પૂજ્ય પંડિતજીને પાછી આી. આ અવસર પર શ્રી ચૈતન્યજી, શ્રી પરિહારજી તથા પૂજ્ય પંડિતજીના મહત્ત્વપૂર્ણ ઉદ્‌બોધન થયા.

આ કાર્યક્રમમાં નિમ્નલિખિત સંકલ્પો ક્ષેત્રના વિભિન્ન પ્રાણવાન પરિજનો દ્વારા લેવાયા. ૮૭ સેટ કર્મકાંડ ભાસ્કરનાં શ્રી જે. એસ. યાદવ દ્વારા ૮૭ સેટ (૧૫ પુસ્તકોનો) જિલ્લાના વિદ્યાલયોમાં તથા ૮૭ સેટ (૧૫ પુસ્તકોનો) સામાજિક સંસ્થાઓમાં વિતરિત કરવાનો સંકલ્પ મુન્નીલાલ રાધેશ્યામ કુચિયા ગેસ એજન્સી ભિંડ દ્વારા, ૮૭ સેટ પ્રજ્ઞા પુરાણ (ચાર ખંડ) મૂલ્ય ૧૭૦/- રૂપિયા મહત્ત્વપૂર્ણ શિક્ષા સંસ્થાનો, પુસ્તકાલયો તથા વાચનાલયોમાં સ્થાપિત કરવાનો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંકલ્પ શ્રી શિવરાજસિંહ પરમાર, ભૂમિ વિકાસ બેંક ભિંડ દ્વારા લેવામાં આવ્યા.

૨૦૦ ઝોલા પુસ્તકાલય સાહિત્યના અડધા મૂલ્ય પર વેચાણ કર્યા.

૮૭ સ્કૂલોમાં ૧૦૦-૧૦૦ રૂપિયાનું સાહિત્ય શ્રી કન્હૈયાલાલ વંસલ, પ્રો. સાહિત્ય ભવન આગરા દ્વારા ૨૫ સેટ ૪૦/- ૪૦/- રૂપિયાના સામાજિક સંસ્થાઓમાં સ્થાપિત કરવાનો સંકલ્પ. ડૉ.હરિશચંદ્ર મહરોત્રા આગરા દ્વારા લેવામાં આવ્યો.

૮૭૦૦ રૂપિયાનું સાહિત્ય વ્યક્તિગત તથા ૮૭૦૦૦ રૂપિયાનું સાહિત્ય પૂરા ક્ષેત્રમાં વિતરિત કરાવવાનો સંકલ્પ શ્રી બનવારીલાલ અજ્ઞાનીજી પરિવ્રાજક પ્રજ્ઞાપીઠ, કટૈના-હરસા, જિલ્લા-ફિરોજાબાદ દ્વારા, ૮૭૦૦૦ રૂપિયાનું સાહિત્ય પૂરા ક્ષેત્રમાં વિતરિત કરાવવાનો સંકલ્પ શ્રી ડૉ.હરીબાબુ ગુપ્તા, દિવિયાપુર ઓરૈયા દ્વારા લેવામાં આવ્યો.

૮૭૦૦ રૂપિયાનું સાહિત્ય પૂરા ક્ષેત્રમાં વિતરિત કરાવવાનો સંકલ્પ શ્રી સુધરસિંહ કુશવાહા, ગામ-કૈલોર જિલ્લા-જાલૌન દ્વારા કરવામાં આવ્યો.

૧૦૮ થેલા, ૧૪૦ રૂપિયા પ્રતિ થેલા, ૧૦૮ ગામોમાં સ્થાપિત કરાવવાનો સંકલ્પ શ્રી કલ્પનાથ યાદવ, જમશેદપુર જિલ્લા-સુલતાનપુર દ્વારા લેવામાં આવ્યો.

૫૦૦૦ કોપીઓ મહાકાલ કી પુકાર સુનેં (હિંદી) પુસ્તક વ્યક્તિગત રૂપથી નિઃશુલ્ક વિતરણનો સંકલ્પ શ્રી ત્રિભુવન શાસ્ત્રી રાહિયાવાસ રેવાડી, હરિયાણા દ્વારા કરવામાં આવ્યો.

બધા પ્રદેશોના ભાઈઓએ પોત-પોતાના ક્ષેત્રના ૮૭ ગામોમાં ૮૭૦૦ રૂપિયાથી લઈ ૮૭૦૦૦ રૂપિયા સુધીનું સાહિત્ય નિઃશુલ્ક વિતરણનો સંકલ્પ લીધો.

ગાયત્રી શક્તિપીઠ ભિંડ દ્વારા ૮૭ સાડીઓ શાંતિકુંજ હરિદ્વારને ભેટ આપવામાં આવી.

તારીખ ૫-૪-૯૮ના પ્રાતઃ ૬ વાગે પરમ પૂજ્ય ગુરુદેવની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા શાંતિકુંજ હરિદ્વારના વ્યવસ્થાપક શ્રી બલરામસિંહ પરિહાર દ્વારા તથા વંદનીયા માતાજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા ગાયત્રી તપોભૂમિ, મથુરાના વ્યવસ્થાપક પં. લીલાપત શર્મા દ્વારા સંપન્ન થઈ. મહાકાલેશ્વરની પ્રાણ પ્રતિષ્ઠા બંને સન્માનિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી, ત્યારબાદ અશ્વમેઘ કીર્તિસ્તંભનું અનાવરણ શ્રી બલરામસિંહ પરિહારની અધ્યક્ષતામાં પૂજ્ય પં. લીલાપત શર્મા દ્વારા કરવામાં આવ્યું.

બધા પ્રાંતોથી આવેલ આત્મીય પરિજનોએ જ્ઞાનયજ્ઞને પ્રાથમિકતા આપતા સન્-૨૦૦૦ સુધી પૂજ્ય ગુરુદેવના સાહિત્યને ઘેર-ઘેર પહોંચાડવાનો સંકલ્પ લીધો અને આગામી યજ્ઞોમાં જ્ઞાનયજ્ઞ માટે બજેટ રાખવાનો સંકલ્પ લીધો. આગામી વર્ષોમાં મોટા મોટા નિર્માણ કાર્યોને સ્થગિત કરી પૂરા વિશ્વમાં ગુરુદેવનું સાહિત્ય પહોંચાડવાનું વ્રત લેવાયું. બધા કાર્યકર્તા ભાઈઓ એક નવા જોશ સાથે સંકલ્પ લઈ પોત-પોતાના પ્રદેશો તરફ રવાના થયા.

આયોજનને સફળ બનાવવામાં સર્વશ્રી ડૉ.સતીશચંદ્ર શુક્લ, રામબહાદુરસિંહ કુશવાહા, સૂરજ સહાય, અશર્ફીલાલ શ્રીવાસ્તવ, રૂસ્તમસિંહ ભદોરિયા, રામલખન શર્મા, યોગેન્દ્રકુમાર શ્રીવાસ્તવ, વિશાલસિંહ ચૌહાણ, રાજેન્દ્ર શ્રીવાસ્તવ, અજબસિંહ ચૌહાણ, બૃજેન્દ્રસિંહ ભદોરિયા, લોકેન્દ્રસિંહ તૌમર, જ્ઞાનપ્રકાશ શુક્લા, મધુરાજસિંહ કુશવાહા, શિવરાજસિંહ પમાર, રાધેશ્યામ કુચિયા, ભોગીરામ ભદોરિયા, જે.એસ.યાદવ, હરીશંકર ગોયલ, કૃષ્ણપાલસિંહ ભદોરિયા, હરિશચંદ્ર ગુપ્તા, કેશવ દયાલ શર્મા, શ્રીમતી કૃષ્ણા શર્મા, સ્નેહલતા અગ્રવાલ તથા શાંતિ શુક્લાનું વિશેષ યોગદાન રહ્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવ તથા અમારું કર્તવ્ય

પૂજ્ય પંડિત લીલાપત શર્માના ૮૭ વર્ષના ઉપલક્ષ્યમાં અમૃત મહોત્સવનું આયોજન પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવ સમિતિ, ભિંડ દ્વારા ૪થી એપ્રિલ ૧૯૯૮ ના રાખવાની ઘોષણા સમિતિના સંયોજક ડૉ.સતીશચંદ્ર શુક્લાએ કરી દીધી. તેનાથી પરિજનોના મનોમાં આ અમૃત મહોત્સવના કાર્યક્રમ વિષે ઉથલપાથલ થવા લાગી કે મિશનમાં વ્યક્તિગત સન્માન તથા થેલી ભેટ કરવી, રાજનૈતિક નેતાઓની જેમ ક્યાં સુધી યોગ્ય છે. આ આયોજનમાં પૂજ્ય ગુરુદેવ, વંદનીયા માતાજી, મહાકાલેશ્વર, પાર્વતી, ગણેશ, કાર્તિકેયજીની પ્રતિમાઓની પ્રાણ પ્રતિષ્ઠા, અશ્વમેઘ યજ્ઞની સ્મૃતિમાં કીર્તિ સ્તંભનું અનાવરણ મિશનના પ્રમુખ કવિ શ્રીમતિ માયા વર્મા, શ્રી મંગલવિજય, શ્રી શચીન્દ્ર ભટનાગર તથા શ્રી લાખનસિંહ ભદોરિયાનું સન્માન, 'ગુરુકૃપા' સ્મારિકાનું વિમોચન, રાષ્ટ્રીય સ્તરના કાર્યકર્તાઓનું સંમેલન તથા સંકલ્પ ગોષ્ઠી, ધર્માચાર્યોને કર્મકાંડ ભાસ્કર ભેટ, વિદ્યાલયો તથા સામાજિક ધાર્મિક સંસ્થાઓને સાહિત્ય ભેટ, કોલેજોમાં પ્રજ્ઞાપુરાણની સ્થાપના, ઝોલા પુસ્તકાલયના સંચાલકોને અડધા મૂલ્ય પર સાહિત્ય આપવું, ક્રાંતિ વિશેષાંકોનું વિતરણ, ગામોમાં યજ્ઞ, સદ્‌વાક્ય લેખન, સન્માન યોગ્ય વ્યક્તિઓના અભિવાદનની પરંપરા પ્રારંભ કરવી, પત્રિકાઓના સદસ્ય બનાવવા વગેરે કાર્યક્રમ પણ સંપન્ન થયા તથા સંકલ્પ લેવાયા.

આ કાર્યક્રમનું આયોજન નવા ઢંગથી કાર્યક્રમોને ચલાવવાની સાથે કરવામાં આવી રહ્યું હતું. જેથી સારાય દેશમાં ચર્ચાનો વિષય બન્યો. ઘણાં પરિજનોએ અભિનંદનીય સહયોગ સમર્થન પણ આપ્યું. તો ઘણાએ ભ્રમવશ અસહયોગ પણ કર્યો, પરંતુ પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ સત્તાના આશીર્વાદથી કાર્યક્રમ બહુ પ્રભાવશાળી તથા પ્રેરણાદાયક રહ્યો તથા અભૂતપૂર્વ સંકલ્પો સાથે સંપન્ન થયો જેનાથી બધાના મનોમાં વ્યાપેલ ભ્રમ આપમેળે જ દૂર થઈ ગયો.

વ્યવસ્થાપક શાંતિકુંજ હરિદ્વારના શ્રી બલરામસિંહજી પરિહારે કાર્યક્રમની અધ્યક્ષતાની નજરે બતાવ્યું કે પૂજ્ય ગુરુદેવે 'સત્કાર્યો કા અભિનંદન કિયા જાય' પુસ્તક લખ્યું છે. તેમણે મથુરામાં પણ શ્રી સત્યભક્તજી તથા પ્રો. રામચરણ મહેન્દ્રજીના અભિનંદનસમારોહ કર્યા હતા. બંને મહાનુભાવ મિશનના પ્રમુખ લેખક, વિચારક તથા સેવક હતા. આ સન્માન પૂજ્ય પં. લીલાપત શર્માના સ્થૂળ શરીરનું નથી. આ સન્માન પૂજ્ય પંડિતજીની શ્રદ્ધા, નિષ્ઠા તથા સમર્પણનું છે. પૂજ્ય પંડિતજી પોતે આને પરમ પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજીના વિચારો તથા ભાવનાઓનું સન્માન માને છે. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે સન્માન વ્યક્તિનું નહીં સદ્‌ગુણોનું થાય છે. પૂજ્ય પંડિતજીમાં પરમ પૂજ્ય ગુરુદેવને કંઈક મહત્ત્વપૂર્ણ લાગ્યું ત્યારે તો તેમણે ૩૦-૯-૬૧ના પત્રમાં પૂજ્ય પંડિતજીને લખ્યું છે. જે પત્ર 'પત્ર પાથેય' નામના પુસ્તકમાં પ્રકાશિત થયો છે.

"દસ વર્ષ હજી અમારે અહીંયા રહેવાનું છે. આ સમયમાં આપને એ સ્તર પર પહોંચાડવાનો અમારો વિચાર છે. જેની પર આજે અમે પોતે છીએ. આ જીવન આપનું પૂરી રીતે સફળ અને સાર્થક બને એવી અમારી આંતરિક કામના છે."

"ઋષિઓના વિચાર જ અમારી વાણી અને લેખની દ્વારા નીકળતા રહે છે તેનો વિસ્તાર કરવો, ઋષિ ઋણ ચુકાવ્યા સમાન છે અમે અને આપ એક જ કાર્યમાં લાગેલ છીએ."

તા. ૧૪-૧૦-૬૬ના પૂજ્ય ગુરુદેવ લખે છે કે - 'અમે અમારું સ્થાન ખાલી કરી રહ્યા છીએ, તેની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂર્તિ તમારે કરવાની છે. ગાયત્રી પરિવારનું મોટું કાર્ય છે તેને હમણાં સુધી અમે સંભળાતા રહ્યા છીએ. હવે તેને આપ સંભાળનાર છો. અમારે આગળ બહુ મોટા કામ કરવાના છે તેથી વર્તમાન જવાબદારી બીજાને સોંપવી જરૂરી છે. આ ખભા મજબૂત હોવા જોઈએ. તમારામાં એ મજબૂતી અમે જોઈ રહ્યા છીએ અને અમારી પાછળ પણ તેવો જ પ્રકાશ બન્યો રહે તે વિષે નિશ્ચિત છીએ.'

અખંડ જ્યોતિ પત્રિકા મે ૭૧ના પૃષ્ઠ ૬૦ પર લખેલ છે કે "ગાયત્રી તપોભૂમિની કાર્યકર્તા ટીમનું નેતૃત્વ કરવા માટે અમે શ્રી લીલાપત શર્માને નિયુક્ત કરી દીધા છે. તપોભૂમિની વ્યવસ્થા, શાખાઓનું સંગઠન તથા ક્ષેત્રીય કાર્યક્રમોને પણ તે જ સંભાળશે. તેમને અમારા પ્રતિનિધિ માનવામાં આવે. આ ફેંસલો અમે બહુ સમજી વિચારીને કર્યો છે. અમને આશા છે કે સર્વ તેમને મોટાભાઈની માફક અમારા સંગઠનાત્મક ઉત્તરાધિકારીની જેમ જ સ્વીકારાશે અને વ્યવસ્થાત્મક અનુશાસન બનાવી રાખવામાં આવશે.

ગાયત્રી તપોભૂમિ સ્થિત યુગ નિર્માણ યોજનાનું કેન્દ્ર અમારી પ્રગટાવેલી મશાલને ભવિષ્યમાં અમારાથી સારી રીતે પ્રજ્વલિત રાખવામાં સમર્થ થશે. આ ઈશ્વરીય પ્રયોજન પાછળ ભગવાનનું, અમારા ગુરુદેવનું, અમારું તથા ઉત્તરાધિકારીઓનાં ભાવભર્યા પુરુષાર્થનું જે પ્રચંડ બળ છે તે તેને પડવા કે ઘટવા નહીં દે. અભિયાન ગતિશીલ થશે અને વિશ્વ માનવના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં ઐતિહાસિક ભૂમિકા પ્રસ્તુત કરશે."

પૂજ્ય ગુરુદેવના ઉપરોક્ત વિચારોનું ચિંતન કરવાથી એ સારી રીતે અનુભવી શકાય છે કે પૂજ્ય પંડિતજી નિમિત્ત માત્ર છે. ભિડનો અમૃત મહોત્સવ પૂજ્ય ગુરુદેવની વિચારધારાનું સન્માન છે. સન્માન રકમ ભેટ કરવી તે કોઈ નવી અને ખોટી પરંપરા નથી. મિશનના ઉદ્દેશ્યો તથા કાર્યક્રમોમાં સહયોગ માટે રકમ સમર્પિત કરવાની પરંપરા છે. ગ્વાલિયર મ.પ્ર.માં રાજમાતા વિજયારાજ સિંધિયા દ્વારા પૂજ્ય ગુરુદેવને થેલી ભેટ કરી હતી, જેનું ચિત્ર 'ગુરુકૃપા' સ્મારિકામાં પ્રકાશિત કર્યું છે. પૂજ્ય ગુરુદેવને આપેલ ધન, મિશનના કાર્યોમાં ઉપયોગ થતું રહ્યું, એ પરંપરાનો નિર્વાહ પૂજ્ય પંડિતજીએ કર્યો છે. તેમણે પ્રાપ્ત થયેલ સમસ્ત સન્માન રકમથી ૫૦ હજાર પુસ્તકો 'મહાકાલ કા દિવ્ય ચિંતન' (હિંદી) છપાવી પોસ્ટેજ ખર્ચ સંસ્થા દ્વારા લગાવી સમગ્ર દેશમાં પહોંચાડવાનો નિશ્ચય કર્યો અને ૧૦ હજાર પ્રાણવાન હિરાનું આહ્વાન કર્યું. આપ સર્વેને અમારો અનુરોધ છે કે પોતાના ક્ષેત્રના પ્રાણવાન વ્યક્તિઓના નામ-સરનામા સ્પષ્ટ સ્વચ્છ લખી અથવા ટાઈપ કરી અમને મોકલશો જેથી તેમને અમે પુસ્તકો મોકલવાની વ્યવસ્થા કરી શકીએ.

મિશનના કાર્યકર્તાઓ માટે આ સમય પોતાના સમસ્ત દ્વેષ, અહં, ભેદભાવ ભૂલી પૂજ્ય ગુરુદેવના સ્વપ્નોને સાકાર કરવાના છે આ આપત્તિકાળ છે, આ યુગસંધિકાળ છે, આ કરો અથવા મરોનો સમય છે. પૂજ્ય પંડિતજીનો દૃઢ સંકલ્પ છે કે વંદનીયા માતાજીએ જ તેમને જીવન દાન આપ્યું છે, આ સમયને તે મહત્ત્વપૂર્ણ સમજે છે. આ દિવસોમાં તેમનાં આત્મામાં એક જ બેચેની રહે છે કે જ્ઞાનયજ્ઞની મશાલ સંભાળનાર દસ હજાર પ્રાણવાન સમર્થ ભાઈ-બહેન મળી જાય જે સક્રિય સંગઠન બનાવી યુદ્ધ સ્તરે કાર્ય કરવા માટે તત્પર રહે.

પૂજ્ય પંડિતજીએ બધા પ્રાંતોમાંથી આવેલ પ્રતિનિધિઓને સંબોધિત કરતા પોતાના મનની વ્યથા, વેદનાની ચર્ચા પોતાના વ્યક્તિઓ સમક્ષ ખોલીને કરી છે. તે પણ પૂજ્ય ગુરુદેવની માફક શક્તિપીઠોની સ્થિતિથી બહુ દુઃખી છે. નવેમ્બર ૧૫ની અખંડ જ્યોતિમાં પ્રકાશિત અમૃતવાણીમાં પૂજ્ય ગુરુદેવ કહે છે - "દરેક શાખામાં વાદ-વિવાદ, મને મેનેજર બનાવો, આ મેનેજરને કાઢો. અમે શાખા તથા શક્તિપીઠો એટલા માટે નહોતી બનાવી. દેવતાને એટલા માટે નહોતા બેસાડ્યા કે લોકોનો અહંકાર વધે. અમે ટ્રસ્ટી એટલા માટે નહોતા બનાવ્યા કે તેને બરબાદ કરો..... શું શક્તિપીઠો અમે એટલા માટે બનાવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતી..... એ માટે સંગઠન બનાવ્યું હતું કે તમે લોકો અહંકારી બની જાઓ અને અંદરોઅંદર એકબીજામાં ખેંચાતાણી કરો. તમે એવી પૂજા બંધ કરો. તમે નાસ્તિક થઈ જાઓ પણ આ રીતનું સંગઠન બનાવવું બંધ કરો."

આવી સ્થિતિ જોઈ અમારા કાર્યકર્તા ભાઈ બિલકુલ નિરાશ ન થાય. તે એકલા જ ચાલે. પૂજ્ય ગુરુદેવે કહ્યું છે કે –

"તમે એકલા ચાલો. આપણા પૂજ્ય ગુરુદેવ એકલા ચાલ્યા હતા, અમે એકલા ચાલ્યા છીએ, તમે પણ એકલા ચાલો. તમને બોલતા નથી આવડતું. તમે કહો છો બોલતા શીખવાડી દો. તમે છો કોણ ? અમને બતાવો. ભાષણથી શું થશે ? તમે અમારી વાત માનો. તમે પોસ્ટમેનનું કામ કરો. અમે બોલતા શીખવાડીશું."

પૂજ્ય ગુરુદેવનો આદેશ છે કે - "અમારું એક કામ જરૂર કરવાનું છે, તે એ છે કે અમારા વિચાર, અમારી આગને લોકો સુધી પહોંચાડવા. અમે લેખક નથી. અમારા લખેલ શબ્દોમાં આગ નીકળે છે. વિચારોની આગ, ભાવનાઓની, ક્રાંતિની આગ નીકળે છે. આજે જનતા પણ તરસી, અમે પણ તરસ્યા. આ અમારી વિચારધારાની આગ છે. અમે આગને બહાર કાઢીએ છીએ. અમારા મસ્તિષ્કમાંથી નીકળતી આગ, અમારી આંખોમાંથી નીકળતી આગ, સંવેદનાઓની આગને આપ ઘેર-ઘેર પહોંચાડો – ..... અરે આ પુસ્તક વેચવાનું નથી ભાઈ, મારા વિચારો ઘેર-ઘેર પહોંચાડવાના છે. અમારી આગને વિખેરી દો, વાતાવરણને ગરમ કરી દો તેનાથી અજ્ઞાનતાને સળગાવી દો."

'દરેક સમાજ સેવીએ નોંધ કરવું જોઈએ કે શ્રેય પામવા, દરેક પ્રસંગમાં પોતાને અગ્રણી સિદ્ધ કરનાર લોક જનસાધારણની દૃષ્ટિમાં નીચા સ્તરના સમજવામાં આવે છે, અને લોકસેવીનું પહેરણ પહેરવા છતાં બહુ નીચા સમજવામાં આવે છે, તેમને જો સન્માન દગાથી પણ મળી જાય તો તે કાગળના ફૂલની માફક થોડા જ સમયમાં પોતાનું આકર્ષણ ગુમાવી બેસે છે. નેતા બનવા માટે લાલચુ લોકો નામ છપાવવા, ચહેરા મટકાવવા અને માઈક પર છવાયેલ રહેવાની કોશિશ કરે છે. મોટાઈ દેખાડવા માટે વ્યાકુળ લોકો હાથમાં કંઈક રહ્યું હોય તો તેને પણ ગુમાવી બેસે છે. એના અનેક વિરોધી ઉભા થઈ જાય છે. એવા વિગ્રહોના પરિણામે તેં સંગઠન કે મંચને પણ બદનામ કરે છે, જેના પર ચાલી તે ઊંચા બનવા માંગે છે. તે સ્વયં બદનામ થાય છે અને તે સંગઠનને લઈ ડૂબે છે, પોતાને નેતા કહેવડાવા માંગે છે.

ગાંધીજી સાદગી, સજ્જનતા અને વિનમ્રતા પ્રસિદ્ધ હતા. તેથી તે કોંગ્રેસ કે કોઈ નિયુક્ત નેતા પદાધિકારી ન હતા પણ સમુદાય માટે પ્રાણ બનેલા હતા. વ્યક્તિત્વ વિકસાવવાનો આ રાજમાર્ગ છે. નેતાગીરી માટે ઉછળકૂદ કરનારા તો માત્ર નટનર્તક સ્તરના અભિનેતા બની રહી જાય છે. પ્રામાણિકતાના અભાવમાં કોઈ લાંબો સમય શ્રદ્ધાસ્પદ નથી રહી શકતા અને તેની નેતાગીરી વધુ સમય ટકતી નથી. સૃજન શિલ્પી આ તથ્યથી યોગ્ય રીતે જાણકાર રહે તો બરોબર છે.

નવેમ્બર-૧૯૯૪ની અખંડ-જ્યોતિમાં પ્રકાશિત અમૃતવાણીમાં લખેલ છે કે – "પ્રજ્ઞાવતારે શું માંગ્યું છે ? પ્રજ્ઞાવતારે એ માંગ્યું છે કે અમે લોકોના મગજની સફાઈ કરીએ. તમે ભણેલા-ગણેલા લોકો સુધી અમારો અવાજ પહોંચાડી દો. અમારી સળગતી ચિનગારીઓ પહોંચાડી દો. લોકોને તમે એવું ના કહેશો કે ગુરુજી મોટા સિદ્ધ પુરુષ છે, મોટા મહાત્મા છે, તે એક એવા વ્યક્તિનું નામ છે જેના પેટમાંથી આગ નીકળે છે. જેમની આંખોમાંથી અંગારો નીકળે છે, તમે એવા ગુરુજીનો પરિચય કરાવશો, સિદ્ધ પુરુષનો નહીં. વિચારક્રાંતિ અભિયાનને અમે યુગ સાહિત્યના રૂપમાં લખ્યું છે અને દરેક વ્યક્તિને સ્વાધ્યાય કરવા માટે મજબૂર કર્યા છે. તમારા નજીકમાં જેટલા પણ માણસ હોય તેમના સુધી તમે અમારા વિચાર ફેલાવી દો. આ કામ તમારા કામ સાથે પણ કરી શકો છો. તમે યુગ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાહિત્ય લઈ વંચાવશો. તમારા પડોશીઓને વંચાવવાનું શરૂ કરી દો.... અમારી સંપૂર્ણ શક્તિ અમારા વિચારોમાં સીમાબદ્ધ છે. દુનિયાને બદલી નાંખવાનો અમે જે દાવો કરીએ છીએ, તે સિદ્ધિઓથી નહીં પોતાના સશક્ત વિચારોથી કરીએ છીએ. તમે આ વિચારોને ફેલાવવામાં અમારી સહાયતા કરો. હવે અમને નવી પેઢી જોઈએ. તેના માટે આપ ભણેલા-ગણેલા વિચારશીલ લોકોમાં જાઓ. તેમની ખુશામત કરો, તેમનો જન્મદિવસ મનાવો, દરવાજા ખખડાવો અને અમારી વિચારધારા તેમના સુધી પહોંચાડો."

એપ્રિલ ૮૨ અખંડ જ્યોતિમાં પૂજ્ય ગુરુદેવે વરિષ્ઠ ભાઈ-બહેનો માટે લખેલ છે કે - "પોતાનો કાફલો વરિષ્ઠોનો છે, વિશિષ્ટોનો છે. તેમને નીચલી કક્ષાની વાતો વિચારતા, નાસમજ જેવી વર્તણૂંક કરતા દેખાશે તો સ્વાભાવિક રીતે ખૂબ ચિંતા થશે. ઊંડી ચિંતાનું કારણ તેમની પોતાની અવગણના સુધી સીમિત નહીં પરંતુ તેમની સાથે જોડાયેલ તે જવાબદારીઓનો પણ પ્રશ્ન છે જે આપત્તિકાળમાં જીવનમરણ બની માનવીય અસ્તિત્વની ગરદન પર ખુલ્લી તલવારની જેમ લટકેલ છે. વરિષ્ઠ પડશે તો બચશે કોણ ?

યુગ બદલાઈ રહ્યો છે એ કહેવામાં અને માનવામાં આવે તો તેની સાથે એટલું વધારે જોડવું પડશે કે આ કાર્ય વરિષ્ઠોની પોતાની આગવી દિશાધારા બદલાતાની સાથે શરૂ થશે. પ્રતિભાઓ આગળ વધે તો જ અનુયાયીઓની લાઈન પાછળ ચાલે છે.

આ આપત્તિકાળ છે. એમાં આપત્તિ ધર્મનું જ પાલન કરવું જોઈએ. આપત્તિધર્મનું તાત્પર્ય છે કે સામાન્ય સુખ-સુવિધાઓની વાત બાજુપર રાખી અને તે કરવામાં લાગી જવું જોઈએ જેના માટે મનુષ્યનો ગરિમાભર્યો અંતરાત્મા પોકારતો રહે. આજે કોઈ જાગૃત આત્માને એ વિચારવાનો અવકાશ ન હોવો જોઈએ કે તેનો વૈભવ કેવી રીતે વધે, કુટુંબ કેવી રીતે વધે ? આજ ન પદવીધારી બનવાની આવશ્યકતા છે અને ન મોટા માણસોમાં પૂછાવવા માટે ચિત્ર-વિચિત્ર ઉછળ-કૂદ કરવાની શાંતિનો સમય હોત તો એ બાળક્રીડાઓ પણ કોઈને કોઈ દરગુજર કરવામાં આવતી આછકલા, હલકાં લોકો, જો આ ઉથલી વર્તણૂંકોમાં અટવાયેલ રહેત તો પણ કોઈ વાંધો ન હતો. પણ વરિષ્ઠો પર હલકા સ્તરનો અવસાદ ચઢે દોડે તો તેનાથી તેની વિશિષ્ટતા પર લાગેલ કલંક ગ્રહણ જ કહેવાશે.

તેઓ ઇચ્છે છે કે બની ચૂકેલ પ્રજ્ઞાપીઠો, શક્તિપીઠો અને શાખાઓને હલાવતા ડોલાવતા રહેવું જોઈએ જેથી તેમની મૂર્છા હટે અને પ્રાણ ચેતનાના લક્ષણ પ્રકટે સાથે જ તેમની એક વધુ ઇચ્છા પણ છે કે કરોડોના વિશાળકાય પરિવારમાંથી ઓછામાં ઓછા દસ હજાર વ્યક્તિ એવા નીકળે જેને ઇંટ, ચૂનાથી નહીં, હાડકાં-માંસથી બનેલ ભાવનાશીલ અને ક્રિયાશીલ શક્તિપીઠ કહી શકાય.

પરમ પૂજ્ય ગુરુદેવે નવેમ્બર ૯૪ની અખંડ જ્યોતિમાં પ્રકાશિત લેખમાં લખેલ છે - "આજે લોકમાનસ નીચામાં નીચા સ્તર તરફ વેગથી ઢળી રહ્યું છે. તેને સંભાળવાની અને સુધારવાની ખૂબ આવશ્યકતા છે, પણ આ કાર્ય આત્મબળ વગર તપશ્ચર્યાથી વિહીન વ્યક્તિઓ દ્વારા સંપન્ન ન થઈ શકે, ભલે તે સભા, સોસાયટીઓ દ્વારા, ભાષણો, લેખો યોજનાઓ, પ્રદર્શનો દ્વારા તેના માટે તનતોડ પ્રયત્ન કરતા રહે. આ મહાન કાર્ય મહાન આત્માઓ જ કરી શકશે અને આત્માઓના અનેક ગુણોમાં પ્રમુખ એક તપશ્ચર્યા પણ છે, જેની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. ઇતિહાસના પૃષ્ઠ અમને એ તરફ નિર્દેશ કરે છે કે લોકમાનસની શુદ્ધિનો મહાન ભાર વાચાલોના નહીં, તપસ્વીઓના ખભા પર રહેશે. યુગની આવશ્યકતા આજે આવા જ તપસ્વીઓની પ્રતીક્ષા કરી રહી છે. લોક નાયકોએ એવું કરવું જોઈએ કે જનતાને પોતાના ઉચ્ચ સ્તરીય કાર્યો તથા આદર્શો દ્વારા પ્રેરણા મળે, શ્રેષ્ઠ વાતાવરણ બનાવવા માટે સૂજેતા સ્તરના તપસ્વી જ સાચું યોગદાન આપી શકશે."

પૂજ્ય ગુરુદેવની ઉપરોક્ત અમૃતવાણી આજે પણ એટલી સાર્થક છે. પૂજ્યવરની બેચેની જ પૂજ્ય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પંડિતજીની બેચેની છે. તેમને એ દર્દ છે કે મિશનના કરોડો ભાઈ બહેનોને આજે પૂજ્ય ગુરુદેવની અભિલાષા અનુસાર યુગ સંધિ પુરશ્ચરણની પૂર્ણાહુતિ સુધી એક કરોડ નૈષ્ઠિક સાધક, એક લાખ યુગ સૈનિક, એક લાખ વિદ્યા વિસ્તાર પ્રચારક, એક લાખ ગામોને તીર્થનું સ્વરૂપ પ્રદાન કરી જાગૃત કરવા, એક લાખ પ્રજ્ઞા પરિવારોનું સંગઠન, એક લાખ ગાયત્રી જ્ઞાનમંદિરોની સ્થાપના, એક લાખ ગાયત્રી યજ્ઞોના માધ્યમથી જન-જનને સંસ્કારિત કરી યજ્ઞીય જીવન જીવવાનું પ્રશિક્ષણ આપવું, કરોડો વ્યક્તિઓ સુધી પૂજ્ય ગુરુદેવની વિચારધારા દરેક ભાષામાં પ્રકાશિત કરી પહોંચાડવી, મહિલાઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો, બ્રાહ્મણત્વનું જાગરણ, સમાજમાં વ્યાપ્ત કુરિતિઓ હટાવવી વગેરે કાર્યોને કેવી રીતે પૂર્ણ કરવામાં આવે, જેનાથી મનુષ્યમાં દેવત્વ તથા ધરતી પર સ્વર્ગનું અવતરણ થઈ શકે તથા એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્યનો સંકલ્પ પૂર્ણ થતો હોય, એ સર્વે કાર્ય પ્રાણવાન હીરાઓ દ્વારા પોતાના સમાન ૧૦-૧૦ હીરાઓ શોધી એક લાખ પ્રચારકોના માધ્યમથી પૂર્ણ થશે. પૂજ્ય પંડિતજી હવે એવા જ હીરાઓની શોધમાં છે જેને જ્ઞાનયજ્ઞની મશાલ પકડાવી શકાય. દેશમાં એવા ૧૦૦ કેન્દ્રો સ્થાપિત કરવાના છે જે ૧૦૦-૧૦૦ હીરાઓ શોધી ૧૦૦૦૦નું લક્ષ્ય પૂરું કરી શકે. જે શક્તિપીઠો અથવા પ્રજ્ઞાપીઠો આ જવાબદારી ઉઠાવશે. તેને જ જાગૃત શક્તિપીઠો માનવામાં આવશે. બાકીને અમે પરંપરાગત ગાયત્રી મંદિર જ માનીશું. પૂજ્ય ગુરુદેવ મંદિરોને જનજાગરણનું કેન્દ્ર બનાવવા ઇચ્છે છે જે મંદિર આ જવાબદારી પૂર્ણ કરી શકે, તેને મંદિર કહેવું પણ ઉચિત નથી.

અનેક સ્થાનોથી પોતાને ત્યાં અમૃત મહોત્સવ કરાવવા માટે પૂજ્ય પંડિતજી પાસે આવે છે, પરંતુ પૂજ્ય પંડિતજીની ઇચ્છા ફક્ત પ્રદર્શનકારી કાર્યક્રમ કરી માળા પહેરવા અને થેલી ભેટ લેવાની નથી. જે રીતે ભિંડની શક્તિપીઠે જ્ઞાનયજ્ઞ, સંગઠનને મજબૂત બનાવવા, ઉપાસક બનાવવાના મહત્ત્વપૂર્ણ સંકલ્પ લઈ એક જાગૃત શક્તિપીઠનું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. અન્ય શક્તિપીઠોએ પણ તેનું અનુસરણ કરી ઉક્ત કાર્યક્રમ કરી પોતાની શક્તિપીઠને જાગૃત બનાવવી જોઈએ. જે શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો અથવા જિલ્લા સ્તર પર પરિજન મળી ઉપર વર્ણિત કાર્યક્રમોને ચલાવનારા એક હજાર કાર્યકર્તા તૈયાર કરશે તેમના અભિનંદન કરવા માટે પૂજ્ય પંડિતજીનું સ્વાસ્થ્ય ઠીક હશે તો તે સ્વયં પધારશે અથવા પોતાના પ્રતિનિધિ મોકલી તેમના અભિનંદન કરાવશે.

જ્ઞાનયજ્ઞની મશાલ થામવા માટે વ્યક્તિઓની આવશ્યકતા પડશે. વ્યક્તિત્વ નિર્માણના સૂત્ર ઉપાસના, સાધના, આરાધનાના સંબંધમાં આગળ વિસ્તૃત ચર્ચા કરીશું. બધા પરિજનોએ પત્રિકાના નવીન સદસ્ય બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. દરેક પાઠકે પોતાના મિત્રો, સંબંધીઓને આ પત્રિકાનું વાર્ષિક શુલ્ક જમા કરી ઉપહાર સ્વરૂપે પહોંચાડવી જોઈએ. તેનાથી તમારા આત્મીય સંબંધ વધુ પ્રગાઢ બનશે. આ પત્રિકા હવે વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણની મહત્ત્વપૂર્ણ પત્રિકા છે. આ પત્રિકાને વધુને વધુ વ્યક્તિઓ સુધી પહોંચાડવી આજનો યુગ ધર્મ છે.

આશા છે બધા પરિજન અમારો આત્મીય અનુરોધ, પૂજ્ય પંડિતજીની વ્યથા તથા પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણીને આત્મચિંતન સાથે વારંવાર વાંચશે અને આત્મામાંથી જે કોઈ કાર્ય કરવાની પ્રેરણા મળે, ઉમંગ ઉઠે, તેનો સંકલ્પ લઈ પૂર્ણ કરવામાં લાગી જશે. તમારા દ્વારા કરાયેલ પ્રયાસોનો અમને પૂરા નામ, સરનામા લખી જાણકારી કરાવતા રહેશો. આ અનુરોધને પોતાને ત્યાં તથા સમીપવર્તી શાખાઓના આત્મીય કર્મઠ પરિજનોની વિચાર ગોષ્ઠીઓમાં વંચાવવાનો પ્રયાસ કરશો. સામૂહિક રૂપથી વિચાર વિનિમય કરી કાર્યક્રમ બનાવી લક્ષ્યની પૂર્તિમાં પોતાનો સહયોગ આપવો, એ પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ તથા પૂજ્ય પંડિતજીનું સાચું સન્માન થશે. પૂજ્ય ગુરુદેવ તથા વંદનીયા માતાજીની અસીમ શક્તિઓ સદા તમારી સાથે રહી તમારું માર્ગદર્શન કરશે, એવી અમારી કામના છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.




↑ **पूज्य पंडित जी उद्बोधन करते हुए**

↓ पं. लीलापत शर्मा अमृत महोत्सव समिति की ओर से पूज्य पंडित जी को ८७ हजार रुपए की सम्मान निधि भेंट की जा रही है।




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.




पूज्य पंडित जी द्वारा अश्वमेध यज्ञ के कीर्ति स्तंभ का अनावरण ↑

श्री हरीशंकर गोयल पूज्य पंडित जी को ज्ञानयज्ञ की मशाल भेंट करते हुए। ↓





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

अश्वमेध महायज्ञ भिंड का कीर्ति स्तंभ →





विचार क्रांति अभियान के व्यवस्थापक श्री द्वारिका प्रसाद चैतन्य जी को अभिनंदन पत्र भेंट किया जा रहा है। ↓





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

↓ शांतिकुंज, हरिद्वार के व्यवस्थापक श्री बलराम सिंह परिहार मिशन की कवियित्री सुश्री माया वर्मा का अभिनंदन करते हुए



शांतिकुंज, हरिद्वार के व्यवस्थापक श्री बलराम सिंह परिहार ''गुरुकृपा'' स्मारिका का विमोचन करते हुए ↑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.




↑ श्री डा. सतीश शुक्ला मिशन के कवि श्री लाखनसिंह भदौरिया 'सौमित्र' का अभिनंदन करते हुए

↓ श्री डा. सतीश शुक्ला मिशन के कवि श्री मंगल विजय 'विजय वर्गीय' का अभिनंदन करते हुए






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



भिंड के परिजनों द्वारा स्थापित किए गए अपनी मार्गदर्शक सत्ता परमपूज्य गुरुदेव, वंदनीया माता जी और महाकालेश्वर का मंदिर
←



महाकालेश्वर मंदिर में महाकालेश्वर के साथ स्थापित माता पार्वती जी, गणेश जी, कार्तिकेय जी, हनुमान जी एवं नंदी जी की प्रतिमाओं के चित्र
←


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

परमपूज्य गुरुदेव पंडित श्रीराम शर्मा आचार्य जी की भिंड में स्थापित प्रतिमा का चित्र ↓

वंदनीया माता भगवती देवी शर्मा की भिंड में स्थापित प्रतिमा का चित्र ↓







**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



↑ पूज्य पंडित जी शिकागो गायत्री परिवार की बहिन सुश्री कुसुम बेन पटेल को ज्ञानयज्ञ की मशाल भेंट करते हुए

↓ पूज्य पंडित जी बहिन कुसुम बेन पटेल को दो लाख रुपयों की थैली सौंप कर निर्देश देते हुए





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભિંડની મશાલ શિકાગો પહોંચી

૪ એપ્રિલ ૧૯૯૮ના પં. લીલાપત શર્મા અમૃત મહોત્સવના શુભ અવસર પર ગાયત્રી શક્તિપીઠ, ભિંડના પરિજનોએ ચાંદીની જ્ઞાનયજ્ઞની મશાલ પૂજ્ય પં. લીલાપત શર્મા - વ્યવસ્થાપક યુગ નિર્માણ યોજના મથુરાને ભેટ આપી હતી. આ મશાલને તે દિવસથી ગાયત્રી તપોભૂમિ સ્થિત પૂજ્ય ગુરુદેવના મંદિરમાં રાખવામાં આવી હતી. તારીખ ૧૬ એપ્રિલ ૧૯૯૮ના સાંજે ૪ વાગે એક ભવ્ય સમારોહમાં પૂજ્ય પંડિતજીએ આ મશાલ શિકાગોસ્થિત બહેન શ્રીમતી કુસુમબેન સી. પટેલને ભેટ આપી હતી. બહેન કુસુમ પટેલે આ જ્ઞાનયજ્ઞની મશાલ સાથે જોડાયેલ જવાબદારીને પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો. તેમણે પૂરા વિશ્વમાં સાહિત્યના માધ્યમથી પૂજ્યવરના વિચારોને ફેલાવવાનો સંકલ્પ લીધો. આ માટે તેમણે ૨ લાખ રૂપિયાની થેલી પૂજ્ય પંડિતજીને ભેટ આપી. પૂજ્ય પંડિતજીએ આ રકમ પુનઃ બહેન કુસુમ પટેલને એ આશા સાથે પાછી આપી કે આ રકમનું સાહિત્ય છપાવી સમાજમાં વિદેશોમાં ફેલાવી દે. બહેન કુસુમ પટેલે આ રકમ વિચારક્રાંતિ અભિયાનના વ્યવસ્થાપક શ્રી દ્વારિકાપ્રસાદ ચૈતન્યજીને તે આશાએ સોંપી દીધી કે તેઓ આ રકમથી વિદેશોમાં વિતરિત કરાવવા યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરાવી ઉપલબ્ધ કરાવશે. બહેન કુસુમ પટેલ શિકાગો અશ્વમેધ યજ્ઞની સંયોજિકા રહ્યા હતા. તે 'યુગ દૃષ્ટા કી અમૃત વાણી' તથા 'નારી યુગ' પત્રિકાઓની સંપાદિકા તથા માલિક પણ છે. તેમણે શિકાગોમાં 'પ્રજ્ઞા યુગ લીટરેચર સેન્ટર' તથા ગાયત્રી મંદિરનું નિર્માણ પણ કરાવ્યું છે. ભિંડથી આવેલ જ્ઞાનયજ્ઞની મશાલ ગાયત્રી તપોભૂમિથી શક્તિ પ્રાપ્ત કરી શિકાગો ગઈ છે જે પૂજ્યવરના વિચારોના પ્રચંડ પ્રવાહને સંપૂર્ણ વિશ્વમાં દાવાનળની માફક ફેલાવશે.

### અમૃત મહોત્સવની વીડીયો કેસેટ તથા સ્મારિકા ઉપલબ્ધ

પં. લીલાપત શર્મા અમૃત મહોત્સવમાં ઘણા પરિજન નવરાત્રી હોવાના કારણે અથવા અન્ય કારણોસર પહોંચી ન શક્યા. આ અંકમાં અમે થોડા ચિત્ર તથા સમાચાર આપ્યા છે. પરંતુ જે પરિજન આ કાર્યક્રમની વીડિયો કેસેટ અથવા પ્રવચનની ઓડિયો કેસેટ મંગાવવા ઇચ્છે તે વ્યવસ્થાપક ગાયત્રી શક્તિપીઠ, પુરાના (જૂના) સર્રાફા, ભિંડ (મ.પ્ર.) થી મંગાવી શકે છે. આ કાર્યક્રમની સ્મારિકા 'ગુરુકૃપા' પણ ભિંડથી મંગાવી શકાય છે.

*આચાર્યજીનું કથન છે કે સાધના અને તપશ્ચર્યા બંને જુદી વસ્તુઓ છે. બંનેની શક્તિ અને મર્યાદાઓ પણ અલગ-અલગ છે. સાધના સામૂહિક પરિસ્થિતિઓમાં થઈ શકે છે. એથી માણસના સૂક્ષ્મ શરીરમાં સમાયેલ અન્નમયકોષ અને મનોમયકોષની શુદ્ધિ, પૃષ્ટિ અને અભિવૃદ્ધિ થઈ શકે છે અને સાધકના ગુણ, કર્મ અને સ્વભાવમાં સાત્ત્વિક પરિવર્તન થઈ શકે છે. આ પરિવર્તનથી ઉત્પન્ન થયેલી આંતરિક નિર્મળતાને કારણે ઈશ્વરીય પ્રકાશના દિવ્ય કિરણો સાધકના અંતઃકરણમાં આવે છે અને તેને પ્રકાશિત કરે છે. તે આત્મકલ્યાણના માર્ગે આગળ વધે છે અને શાંતિ પણ મેળવે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દસ હજાર પ્રાણવાન હીરાઓની શોધ

યુગ ઋષિ પરમ પૂજ્ય ગુરુદેવના સૂક્ષ્મ તથા કારણ શરીર રચનાત્મક ચિંતન તથા ભાવનાત્મક વિકાસના રૂપમાં સંસારના દરેક મનુષ્યના મસ્તિષ્ક તથા અંતઃકરણની યાત્રા કરવા ઇચ્છે છે. અમે અને તમે તે યુગ પુરુષના માનસ પુત્ર હોવાના કારણે શ્રવણકુમાર બની તેમની આ આકાંક્ષા અને ભાવનાને પૂરી કરવા માટે તીર્થયાત્રાની તૈયારીમાં લાગી જઈએ. પૂજ્યવર દરેક ઘરને તીર્થ તથા દરેક મનને મંદિર બનાવી દેવા માંગે છે, જ્યાં સ્વચ્છતા તથા પવિત્રતા વધુ હોય. આ કાર્ય ત્યારે પૂરું થઈ શકે જ્યારે અમે પૂજ્ય ગુરુદેવને ચિંતન અને ભાવનાના રૂપમાં જન-જન સુધી પહોંચાડવા પ્રબળ પ્રયાસ કરીએ. આ કાર્ય જ્ઞાનયજ્ઞના માધ્યમથી જ સંભવ છે.

પૂજ્ય ગુરુદેવે જ્ઞાનયજ્ઞની બે વિધિઓ બતાવી છે. સત્સંગ અને સ્વાધ્યાય. કોઈ સમયમાં જ્યારે સંત, ઋષિઓ તથા મહાપુરુષોનો સત્સંગ સુલભ હતો ત્યારે લોક સત્સંગના માધ્યમથી પોતાની માનસિક મૂંઝવણોને ઉકેલતા, પોતાની વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન તથા શ્રેષ્ઠજીવનનું માર્ગદર્શન મેળવતા હતા, પરંતુ હવે આ બધા અંતે અભાવ દેખાય છે. જ્યારે વક્તા માત્ર કલાકાર હોય ત્યારે તેના કહેવાનો કોઈ ઉપર શો પ્રભાવ પડશે ? જેમનું જીવન ત્યાગ, તપસ્યાથી સુધર્યું ન હોય તેમની વાણીમાં તે પ્રભાવશાળી શક્તિ ક્યાંથી મળે ? મનમાં આજે મૂંઝવણ છે તેનું સમાધાન મેળવવાનો અવસર ક્યારે મળશે ? આ બધી સમસ્યાઓનો ઉકેલ સ્વાધ્યાયના માધ્યમથી સંભવ છે. જે મહાપુરુષ આજે સ્થૂળ શરીરથી ઉપલબ્ધ નથી. તેમની સાથે પણ સ્વાધ્યાયના માધ્યમથી સત્સંગ સંભવ છે. તેથી આપણે સ્વાધ્યાય પરંપરાને પુનર્જીવન પ્રદાન કરવાનું છે. પરમ પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય વિશાળ સાગર છે જેમાં સેંકડો વર્ષો સુધી ગોથા ખાઈ શોધતા રહીશું ત્યારે મોતી અને હીરા ઝવેરાત શોધી શકીશું. અત્યાર સુધીની શોધમાં જે મણિ માણેક પ્રાપ્ત થયા છે તેમને પોકેટ બુક્સમાં સજાવી જન-જન સુધી પહોંચાડવાની યોજના બનાવી છે. આજની પરિસ્થિતિઓ માટે ઉપર્યુક્ત ચિંતન સમાજમાં ફેલાવવાનું છે. બધા આત્મીય પરિજનોએ એ સારી રીતે સમજી લેવું જોઈએ કે પૂજ્યવર માત્ર સાહિત્યકાર, લેખક તથા પ્રકાશક જ ન હતા, તે એક ક્રાંતિકારી હતા. તેમનું લેખન માત્ર મનોરંજન તથા સમય પસાર કરવા ને વાંચવા માટે નથી. તે જે કાંઈ વાંચવા ઇચ્છે છે તેને અમે આકર્ષક ઢંગથી પ્રસ્તુત કરીએ, એવો અમારો પ્રયત્ન હશે જેને લોકો વાંચી પોતાના ચિંતનમાં ઉચ્ચતાનો સમાવેશ કરી શકે. સદ્‌વિચારોના બીજોના અંકુર માટે આ દિવસોમાં અનુકૂળ મોસમ છે. પૂજ્યવરની સૂક્ષ્મ ચેતના લોકોના મનને ઉપજાઉ શક્તિ પ્રદાન કરી રહી છે. મહાકાળ પોતાનું કાર્ય કોઈનાથી પણ કરાવી શકે છે. પરંતુ જ્યારે પરમાત્મા પોતાની યોજનાને સાકાર કરવા જઈ રહ્યા હોય અને નિમિત્ત બનવાનું માત્ર અમારી અને તમારી જવાબદારી પર રાખવામાં આવ્યું હોય તો આવી પરિસ્થિતિમાં પાછા પડવું, બહાના બનાવવા, કાયરતા દેખાડવી કોઈ પણ રીતે ઉચિત નથી. આ આપત્તિકાળમાં જો આપણે આળસ અને પ્રમાદમાં સમય ગુમાવતા રહ્યા તો આવનાર સમય આપણને માફ નહીં કરે. એનાથી સારુ એ છે કે અમે પોતે, પોતાના ગુરુના અને મિશનના સન્માનની રક્ષા કરવા માટે જ્ઞાનયજ્ઞના માધ્યમથી યુગઋષિનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આળસ ન કરીએ. એકવીસમી સદીનો શેષ ત્રણ વર્ષોનો સમય વિશેષ મહત્ત્વનો છે. આ દિવસોમાં જે પરિજન પોતાના પુરુષાર્થને આ માટે નિયોજીત કરશે તે સૌભાગ્યશાળી હશે. આ યોજનાનો શુભારંભ પંડિત લીલાપત શર્મા અમૃત મહોત્સવના અવસર પર ભિંડ શક્તિપીઠના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિજનોએ કર્યો છે. ભિંડના પરિજનોએ ૮૭૦૦૦/- રૂપિયા પૂજ્ય પંડીતજીને ઉપહાર સ્વરૂપ પ્રદાન કર્યા હતા, જેને તેમણે તરત જ્ઞાનયજ્ઞમાં લગાવવાની ઘોષણા કરી દીધી. તેના સિવાય અમને પ્રાપ્ત ઉપહારમાં ૫૦૦૦/- રૂપિયા, ગાયત્રી પરિવાર આગરાના ૮૭૦૦/- રૂપિયા, ગાયત્રી પરિવાર ફિરોજાબાદના ૧૧૩૧/- રૂપિયા, ગાયત્રી પરિવાર શિકોહાબાદના ૪૧૫/- રૂપિયા તથા શ્રી હરીબાબુ ગુપ્તા, મહેશ રાઈસ મિલ, ગોહદના ૧૨૦૦ રૂપિયાથી 'મહાકાલ કા દિવ્ય ચિંતન' નામનું પુસ્તક નિઃશુલ્ક લોકો સુધી પહોંચાડ્યું છે. આ યોજનાની રૂપરેખા આપી છે, તેને વાંચી સારી રીતે સમજી અને તેના અનુસાર કાર્ય કરવાનું કષ્ટ કરશો.

## જ્ઞાનયજ્ઞની રૂપરેખા

યુગ નિર્માણ યોજના, મથુરાથી પ્રકાશિત સાહિત્યને સાહિત્ય કેન્દ્રો, પુસ્તકાલયો તથા જ્ઞાનમંદિરો માટે પરિજન નિરંતર મંગાવતા રહે છે. કેટલાક કેન્દ્ર સારી સક્રિયતાથી કામ કરી રહ્યા છે અને કેટલાક ધીમી ગતિથી. હવે સાહિત્યના માધ્યમથી વિચાર ફેલાવનાર પરિજનોની ભીડથી અમે પ્રાણવાન પરિજનોને નિયુક્ત કરવા માંગીએ છીએ. અમારે એવા ૧૦ હજાર હીરાઓની જરૂર છે. જે ચાર રૂપિયા મૂલ્યવાળી મહાકાલની નવીન સીરીજના પુસ્તકોને મંગાવવાનો એડવાન્સ ઓર્ડર આપી શકે. તેના માટે ઓછામાં ઓછા એક હજાર પુસ્તકોનો ઓર્ડર અનિવાર્ય રાખેલ છે. વધુ આપની શ્રદ્ધા, નિષ્ઠા, પુરુષાર્થ તથા સાધનો પર નિર્ભર છે. તેના માટે ૧૦૦૦ પુસ્તકોનું મૂલ્ય ૪૦૦૦/- રૂપિયામાંથી ૨૫ ટકા કમીશન ઓછું કરી ૩૦૦૦/- રૂપિયા અહીંયા જમા કરાવવાના. જે પ્રાણવાન ભાઈ આ યોજનામાં ભાગ લેશે, અમે તેમને જ્ઞાનયજ્ઞ પ્રચારક કહીશું. તેમના ૩૦૦૦/- રૂપિયા જમા રહેશે; જ્યારે કોઈપણ નવું પુસ્તક આ સીરીજનું નીકળશે, અમે તેમને વી.પી. દ્વારા મોકલીશું. છેલ્લે ૧૦૦૦ પુસ્તકોનો અંતિમ હપ્તો મોકલી આપની એડવાન્સ રકમ સમાયોજિત કરી દેવાશે. બધી જાગૃત શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, શાખાઓ તથા પ્રાણવાન પરિજન ૧૦૦૦ પુસ્તકો મંગાવી એડવાન્સ ઓર્ડર ૩૦૦૦/- રૂપિયા મોકલી દેવાનો પ્રયાસ કરે. જે પ્રજ્ઞાપીઠ, શક્તિપીઠ, શાખા અથવા પરિજન ૧૦૦૦ પુસ્તકોનો એડવાન્સ ઓર્ડર આપશે તેમને ૧૦,૦૦૦ પ્રાણવાન હીરાઓમાં સામેલ કરી તેમના અભિનંદન કરાશે.

એવા પરિજન તથા નાની શાખાઓ જે એક હજાર પુસ્તકો મંગાવવામાં અસમર્થ હોય તે ઓછામાં ઓછા ૧૦૦ પુસ્તકોનો એડવાન્સ ઓર્ડર ૩૦૦/- રૂપિયા મોકલી આપી શકે છે. તેમને અમે જ્ઞાનયજ્ઞ યોજનાના સહયોગી સમજીશું. તેમના સહયોગથી પણ બહુ મોટું કાર્ય સંપન્ન થશે. ૧૦૦ પુસ્તકો મંગાવવા માટે ૩૫/- રૂપિયા ટપાલ ખર્ચ આવે છે. ટપાલ ખર્ચના અપવ્યયથી બચવા માટે ૧૦ સહયોગી મળી એક સાથે ૧૦૦૦ પુસ્તકો મંગાવતા રહો તો ઉચિત રહેશે. જે પરિજન ૫૦૦૦ પુસ્તકો મંગાવવા ઈચ્છશે તેમના નામ-સરનામા પણ પુસ્તકમાં પ્રકાશિત કરી દઈશું. જો ૫ વ્યક્તિ મળી ૫૦૦૦ પુસ્તકો મંગાવશે તો પાંચેયના નામ પુસ્તકો પર પ્રકાશિત કરી દઈશું.

## પુસ્તકોને શું કરે ?

અમારો ઉદ્દેશ્ય લોકોને સદ્‌સાહિત્ય વંચાવવાનો છે. જેથી વ્યક્તિ યુગઋષિ ધારદાર, તીખા તથા પ્રભાવશાળી વિચારોથી પ્રભાવિત થઈ પોતાના ચિંતનને બદલી શકે. આ પુસ્તકોને વંચાવવાના નવા નવા ઉપાય અમારા પરિજનોએ પણ શોધવાના છે. અહીંયા અમે કંઈક માર્ગદર્શન દર્શાવ્યા છે.

૧. આ પુસ્તકોને વેચાણ દ્વારા ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પુસ્તકના વિષયમાં આપને પણ જ્ઞાન હોવું જોઈએ જેથી ગ્રાહકને કેટલીક વાતો બતાવી તેમને ખરીદવા માટે પ્રેરિત કરી શકો.

૨. સંપન્ન, સમર્થ વ્યક્તિ પોતાના પરિચિતો, મિત્રો, સંબંધીઓને ઉપહારમાં આપી શકો છો. હોળી, દિવાળી, નવવર્ષ, જન્મદિન, વિવાહદિન વગેરે અનેક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવસર એના માટે આવે છે. કોઈ ગોષ્ઠી તથા સંમેલનના અવસર પર ઉપસ્થિત પ્રબુદ્ધ પરિજનોને આ પુસ્તક ઉપહાર સ્વરૂપે આપી શકો છો. મોટી મોટી વ્યાવસાયિક સંસ્થાઓ તેને પોતાની પાસે રાખી અને ગ્રાહકોને ઉપહારમાં આપતા રહે તો તેમની આત્મીયતા વધશે અને સંબંધ ઘનિષ્ઠ થશે.

૩. જે પરિજન સમયના અભાવના કારણે પુસ્તકો વિતરિત કરી ન શકે, તે ૫૦૦૦ પુસ્તકો માટે ૧૦૦૦૦/- રૂપિયા મોકલે તો અમે તેમનું નામ, સરનામું છપાવી દઈશું અને પુસ્તકો અન્ય પરિજનોને એક રૂપિયો એક પુસ્તકના દરે વેચાણ કરીશું. પુસ્તક પર મૂલ્ય ૧/- રૂપિયો છપાયેલો હશે. જેથી તેને કોઈ વધુ મૂલ્ય લઈ વેચી ન શકે.

પૂજ્ય પંડિતજીના ૮૭ વર્ષના ઉપલક્ષ્યમાં ગાયત્રી શક્તિપીઠ ભિંડના પરિજનોએ જ્ઞાનયજ્ઞની લાલમશાલ ભેટ કરેલ છે. તેને પૂજ્ય પંડિતજી આ ૧૦૦૦૦ પ્રાણવાન હીરાઓને સમર્પિત કરવા માંગે છે. આ જવાબદારી નિભાવવા માટે પરિજનોએ બે ડગલા આગળ વધી મશાલ થામવા માટે આવવું જોઈએ.

પ્રાણવાન પરિજનોએ ક્ષેત્રમાં જઈ, ગોષ્ઠીઓ લઈ આ યોજના કાર્યકર્તાઓને સમજાવવી જોઈએ અને તેમને હીરાઓમાં સામેલ થવાની પ્રેરણા આપવી જોઈએ. જે પરિજન તમારા પરિચયમાં હોય અને આ યોજનામાં ભાગ લેવા માટે સક્ષમ હોય તેમના નામ સરનામા અમને મોકલશો જેથી અમે તેમને આ યોજના મોકલી શકીએ.

દ્વારિકાપ્રસાદ ચૈતન્ય
વ્યવસ્થાપક-વિચારક્રાંતિ અભિયાન
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

## જુલાઈ ૯૮ નો અંક-ગાયત્રી વિશેષાંક

*આત્મીય પાઠક બંધુઓને એ જાણી હર્ષ થશે કે યુગ શક્તિ ગાયત્રી જૂન '૯૮નો અંક યુગ ઋષિ પરમ પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યની પુણ્ય સ્મૃતિ ગાયત્રી જયંતીના ઉપલક્ષ્યમાં "ગાયત્રી વિશેષાંક"ના રૂપમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. ગાયત્રીના સિદ્ધ સાધક જેમના કણ કણ ગાયત્રીમય થઈ ગયા હતા, પરમ પૂજ્ય ગુરુદેવની પુણ્ય સ્મૃતિમાં પ્રકાશિત આ વિશેષાંક સંગ્રહણીય હશે. પાઠકોએ તેની વધારાની કોપીઓ મંગાવી પોતાના ઇષ્ટ મિત્રો, પ્રિયજનો તથા સંબંધીઓને મોકલવી જોઈએ.*

*નવીન ઓડિયો કેસેટ ઉપલબ્ધ "હારીએ ન હિંમત" તથા "પોતાને ઓળખો" ઓડિયો બુક્ત તથા સંગીતની કેસેટ "જીવન સુધા" યુગ નિર્માણ ફિલ્મ્સ પ્રા. લિ. જયપુર દ્વારા તૈયાર કરાવી છે. 'મહાભારત' સીરીયલના ઉદ્‌ઘોષક શ્રી હરીશ ભિમાણીના અવાજમાં એ બંને ઓડિયો બુક્સ તૈયાર કરી છે. તેનું મૂલ્ય એક કેસેટ ૨૨/- રૂપિયા છે. પરિજન રકમ મોકલી મંગાવી શકે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નવયુગના અભ્યુદય માટે યુગશક્તિનું અવતરણ

સ્થૂળરૂપે માણસનું જે સ્વરૂપ દેખાય છે તે તેની બુદ્ધિ, વ્યવહાર, મહેનત, લગની અને પુરુષાર્થનું સંમિશ્રણ જ છે. આ બાહ્ય સ્વરૂપના આધારે ઘણી બધી ભૌતિક સફળતા મેળવી શકાય છે. સાધારણ કે ગરીબ હાલતમાંથી ઊંચા આવીને અસામાન્ય કક્ષાએ પહોંચનારા માણસો પોતાની મહેનત, લગની, સમજણ, વ્યાવસાયિક કુશળતાનો ઉપયોગ કરે છે. પ્રખ્યાત અને અસામાન્ય કક્ષાના લોકો પોતાની સેવા, લોકસાધના, પ્રચાર, લોકસંપર્ક અને વ્યવહારકુશળતાના આધારે ખ્યાતિ મેળવતા હોય છે. અશક્તમાંથી સશક્ત બનવું, અજાણ્યામાંથી જાણીતા બનવું, અલ્પબુદ્ધિમાંથી બુદ્ધિમાન બનવું કે નિર્ધનમાંથી ધનવાન બનવું વગેરે સફળતાઓને બાહ્ય શક્તિની પ્રાપ્તિઓ કહી શકાય.

માણસની બાહ્ય પ્રાપ્તિઓ અને સફળતાઓ પણ નોંધપાત્ર તેમજ પ્રશંસનીય જ છે. પરંતુ આ ઉપલબ્ધિઓ જેટલી સરળતાથી મેળવી શકાય છે, તેટલી જ સહેલાઈથી ગુમાવી પણ શકાય છે. પોતાના પ્રયાસોમાં જરા સરખી ભૂલ થતાંની સાથે જ માણસ એ કક્ષાથી ઊતરી જાય છે. સરકસમાં દોરડા પર ચાલવાનો ખેલ બતાવનાર કલાકાર ખૂબ અભ્યાસ પછી તેવી સિદ્ધિ મેળવતો હોય છે. છતાંય નાની સરખી ભૂલ પણ તેને પછાડવા માટે પૂરતી હોય છે. આવી ઉપલબ્ધિઓ દીર્ઘકાલીન હોતી નથી.

આંતરિક રીતે સફળ અને શક્તિવાળી માણસો દરેક સંજોગોમાં સ્થિર દેખાતા હોય છે અને પોતાનાં ઉચ્ચ લક્ષ્યોમાં સતત સંલગ્ન રહેતા હોય છે. માણસની આંતરિક ક્ષમતાને જાગૃત કરવાના અને તેના સદુપયોગના વિજ્ઞાનનું નામ 'બ્રહ્મવિદ્યા' છે. માણસ બ્રહ્મવિદ્યાના આધારે જ જેના વડે મહાન કાર્યો થઈ શકે તે ઊર્જા પ્રાપ્ત કરે છે. તે ઊર્જાના બળથી કરેલાં કાર્યો કાયમી પરિણામો આપનારાં અને કેટલાય જીવો, સમુદાયો તેમજ બધા જ વર્ગોને પણ લાભ આપનારા હોય છે. ચોમાસામાં જ્યારે સર્વત્ર પાણી મળી રહેતું હોય ત્યારે સરોવર કે તળાવનું એટલું મહત્ત્વ હોતું નથી. પરંતુ ઉનાળાના સૂકા દિવસોમાં જ્યારે પાણી અલભ્ય બની જાય છે ત્યારે એ સરોવર-તળાવો પણ લગભગ સૂકાઈ જ જાય છે. અખૂટ જળસંપત્તિના જળભંડાર સમા હિમાલયમાંથી નીકળતી ગંગા-યમુના જેવી નદીઓ આવા સમયે પોતાની ઉપયોગિતા સાબિત કરે છે.

યુગપરિવર્તન જેવું મહાન કાર્ય, જેમણે બ્રહ્મવિદ્યાને પોતાના જીવનનો આધાર બનાવ્યો હોય અને જેમણે આ મહાન કાર્ય કરી શકવા જેટલી સમર્થ એ મહાશક્તિ સાથે પોતાનો સંબંધ જોડ્યો હોય તેવા શક્તિશાળી અંતઃકરણવાળા માણસોથી જ શક્ય બનશે. આવાં કાર્યો સંપાદિત કરવા માટે શીખવી અને સિદ્ધ કરવી પડતી બ્રહ્મવિદ્યાના બીજમંત્રનું નામ ગાયત્રી છે. ગાયત્રીના એક એક અક્ષરમાં જેની વ્યાખ્યા સમસ્ત બ્રહ્મવિદ્યાનો વિસ્તાર આવરી લે છે તેવું તત્ત્વજ્ઞાન સમાયેલું છે.

ભૌતિક સંપત્તિ અને શક્તિ એની રીતે ઉપયોગી છે. પરંતુ માત્ર તેના જ આધારે જીવી ના શકાય. વ્યાપક પરિવર્તનના મહાન ઉદ્દેશ્યો આવાં સાધનોથી પાર પાડવા શક્ય નથી. કેટલાય દેશોમાં સાધનો અને શક્તિઓ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દ્વારા પરિવર્તન સાધવાના પ્રયાસો થયા પણ છે. પરંતુ તેમાં બહુ ઓછી સફળતા મળી છે. આવી આંશિક સફળતા પણ બાહ્ય દબાણ અને દંડના ભયને કારણે મળી છે. બાકી દરેક જણ ગમે ત્યાં અને ગમે ત્યારે, જેને રાષ્ટ્રીય કે સામાજિક અપરાધ ગણી શકાય તેવા અંગત સ્વાર્થ સાધવાની એકેય તક ચૂકતો નથી. માણસને પ્રભાવિત કરી, તેને દિશાસૂચન આપીને ચોક્કસ દિશામાં વાળવાના પ્રયાસોનો અભાવ એ તેનું એક માત્ર કારણ છે.

આવા પ્રયાસો માત્ર આત્મબળસંપન્ન માણસો જ કુશળતાથી કરી શકે. માણસ બહારથી દેખાય છે એટલો જ નથી હોતો. બલ્કે જેમાં શ્રદ્ધાઓનાં મૂળ રહેલાં હોય છે અને જ્યાં નિષ્ઠાનાં બીજ રોપાય છે અને અંકુરાય છે તે ચેતના એ તેની મૂળ શક્તિ છે. શ્રદ્ધાઓ અને નિષ્ઠાઓનો સુધારો અને શુદ્ધીકરણ કર્યા વગર સુધારણાના તમામ પ્રયત્નો બેકાર સાબિત થાય છે. આસ્થાઓનું શુદ્ધીકરણ એ નવનિર્માણનો મૂળ આધાર છે અને એનું કાર્ય આત્મબળસંપન્ન માણસો દ્વારા જ થઈ શકે એવું છે. શરીરબળ, બાહ્યબળ, સંપત્તિબળ અને મનોબળ પોતે પોતાની રીતે મહત્ત્વનાં છે. પરંતુ તેના ઉપયોગની દિશા માણસની ચેતના ઉપર આધારિત હોય છે. માણસની ચેતના જો ઉતરતી કક્ષાની હશે તો તે આ બળનો ઉપયોગ કરીને પોતાનું અને સમાજનું ભારે નુકસાન જ કરશે. બહારથી ગમે તેટલા પ્રતિબંધો લાદવા છતાંય તેના પ્રયાસો રોકવા મુશ્કેલ હશે અને કદાચ રોકી શકાય તો એ બળ વપરાયા વગરની સંપત્તિની માફક નકામું પડ્યું રહેશે. તેનાથી ઊલટું જો શુદ્ધ થયેલી ચેતના વડે આ બળોનો ઉપયોગ કરવામાં આવે તો તેના દરેક ક્ષેત્રે સત્પરિણામો મેળવી શકાય છે.

માણસની વ્યક્તિગત અને સમષ્ટિગત ચેતનાને આત્મબળ વડે શુદ્ધ કરીને જે નવા યુગના અવતરણની ચર્ચા અહીં કરવામાં આવી છે તેની વ્યાખ્યા જો એક સૂત્રમાં આપવી હોય તો એ સૂત્ર – 'મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણ.' – આવું હશે. ગાયત્રીના પ્રત્યેક અક્ષરમાં આ લક્ષ્યને પ્રાપ્ત કરવાનું અને આ સ્વપ્ન સાકાર કરવાનું માર્ગદર્શન સમાયેલું છે.

ગાયત્રીને ગુરુમંત્ર કહેવાય છે. તેમાં 'ગુરુ' તત્ત્વ દ્વારા મળતી શ્રદ્ધા, પ્રેરણા, સંવેદના અને શિસ્તનો પ્રકાશ સમાયેલો છે. એટલા માટે તેને ગુરુમંત્ર કહેવામાં આવે છે. વૈદિક, પૌરાણિક કે તાંત્રિક–મંત્રો તો ઘણા બધા છે. મંત્રોની સંખ્યાનું અનુમાન બાંધવું પણ મુશ્કેલ છે. આ બધામાંથી ગાયત્રી જ શા માટે ગુરુમંત્ર કહેવાય છે ? એ વિચારવાલાયક બાબત છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુની વ્યાખ્યા કરતાં તેનાં બે મહાન કાર્યો બતાવ્યાં છે. પહેલું જ્ઞાનમાં વધારો કરવો અને બીજું અશુભનું નિવારણ કરવું. ગાયત્રીની શક્તિના પણ બે પાસાં છે. એક સર્જનાત્મક છે તો બીજું વિનાશાત્મક. ગાયત્રીની સર્જનશક્તિને બ્રહ્મવિદ્યા કહેવાય છે અને વિનાશાત્મક શક્તિને બ્રહ્માસ્ત્ર કહેવાય છે. સાધકની સરખામણી, જેની ઉપર બિરાજમાન ગાયત્રી સાધકનું કલ્યાણ કરે છે અને કષ્ટદાયી વિઘ્નોનો નાશ કરે છે એવા રાજહંસ સાથે કરવામાં આવી છે.

જ્યારે આ શક્તિઓની ચર્ચા યુગશક્તિના અવતરણના સંદર્ભમાં કરવામાં આવે છે ત્યારે 'પરિત્રાણાય સાધુનામ્' અને 'વિનાશાય ચ દુષ્કૃતામ્'ની અવતાર પ્રતિજ્ઞા પૂરી થાય છે. સર્જન અને વિનાશ બંને એકબીજાની પૂરક પ્રક્રિયા છે. કશુંક નવું નિર્માણ કરવું હોય તો પહેલાં 'જૂના'નો નાશ કરવો પડે છે. ખેતરમાં પાક ઉગાડવો હોય તો પહેલાં અગાઉથી ઊગેલા ઘાસ-ફૂસને નીંદવા પડે છે. કાપડને રંગવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે પહેલાં ધોવું પડે છે. કોઈ પણ ક્ષેત્રમાં સર્જનકાર્ય કરતાં પહેલાં ત્યાં રહેલા ગંદકી, કચરો, ભંગાર અને મનોવિકારોને હટાવવા જોઈએ.

ભારતીય શાસ્ત્રોમાં જે ચોવીસ અવતારોનો ઉલ્લેખ થયેલો છે તે તમામની કાર્યશૈલી આવી જ હતી— અધર્મ, અનીતિ અને આતંકનું નિરાકરણ અને ધર્મ, નીતિ અને સારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન. આ સંદર્ભમાં એક બીજી વાત પણ ઉલ્લેખનીય છે. અવારનવાર ઘણી વિભૂતિઓ અવતાર લેતી રહે છે અને સર્જનકાર્ય કરતી રહે છે. તેમ છતાંય અવતારો ચોવીસ જ શા માટે ગણાવાયા છે ? આમાં કોઈ ચોક્કસ નામ કે જગ્યાનું મહત્ત્વ નથી. હકીકતમાં તે યુગશક્તિના રૂપમાં અવતરિત થતી રહેતી મહાશક્તિ ગાયત્રીનો સંકેત છે. તેને નામ અને રૂપ ભલે બીજા ગમે તે અપાતા રહ્યાં હોય પણ ગાયત્રીની મહાશક્તિ જ અવતાર લેતી રહે છે.

જેના આધારે યુગ બદલી નાખનારાં પરિવર્તનો થઈ શકે છે એ બધા જ સિદ્ધાંતો ગાયત્રીના ચોવીસ અક્ષરમાં સમાયેલા છે. જ્યારે પરિવર્તન સિવાય બીજો કોઈ આરો ના હોય એવા દરેક સંક્રાન્તિકાળમાં ઈશ્વરીયશક્તિ અવતાર લેતી રહે છે. તેના સ્વરૂપ અને કાર્યશૈલી બદલાતાં રહે છે. જ્યારે હિરણ્યાક્ષ રાક્ષસ પૃથ્વીને લઈને દરિયામાં સંતાઈ ગયો ત્યારે ઈશ્વરે વારાહ અવતાર લીધો. હિરણ્યકશિપુને તે મનુષ્યથી નહીં કે પશુથી નહીં, ઘરમાં નહીં કે બહાર નહીં, શારીરિક યુદ્ધમાં નહીં કે શસ્ત્રયુદ્ધમાં નહીં — કોઈ રીતે તે ના મરી શકે તેવું વરદાન હતુ. એટલે ઈશ્વરે માણસ અને સિંહના મિશ્રણ જેવું નરસિંહ રૂપ ધારણ કરીને તેને ઉંબરામાં નખથી ફાડીને તેનો સંહાર કર્યો હતો. આ જ રીતે અત્યાચારીઓનો વધ કરવા માટે પરશુરામના, મર્યાદાની સ્થાપના કરવા માટે રામના, યોગનું કર્મપ્રધાન રૂપ સમજાવવા માટે કૃષ્ણના અને બૌદ્ધિક ક્રાંતિ લાવવા માટે બુદ્ધના રૂપમાં અવતારો લેવા પડ્યા હતા. આ અવતાર પ્રક્રિયામાં ક્યાંય જડતા નથી. અધર્મનો વિનાશ અને ધર્મની સ્થાપના એ જ બધા અવતારોનું મુખ્ય ધ્યેય રહ્યું છે.

હાલની પરિસ્થિતિઓ સાવ ભિન્ન છે. પહેલાં આસુરી તત્ત્વો સીધો હુમલો કરીને સમાજવ્યવસ્થા વેરણછેરણ કરી નાખતા હતા. આજે અસુરતાએ છુપા આક્રમણની રણનીતિ અપનાવી છે. અનીતિ લોકમાનસમાં વિકારો ઉત્પન્ન કરી રહી છે. આદર્શો અને મર્યાદાઓનું ઉલ્લંઘન એટલું વ્યાપક અને છડેચોક થઈ રહ્યું છે કે, એને માટે પ્રતિબદ્ધ વ્યક્તિઓ અપવાદ બનતી જાય છે. ઈશ્વરના અસ્તિત્વને માનનારા અને મંદિરોમાંની મૂર્તિઓ સામે માથું નમાવનારા માણસોનો તોટો નથી. અભાવ તો જેનો સાચા અર્થમાં આસ્તિક કહી શકાય તેવા માણસોનો છે. ઈશ્વરના અસ્તિત્વને નહીં માનનારાઓ, તેને માનવા છતાંય આદર્શો અને મર્યાદાનું ઉલ્લંઘન કરનારાઓ કરતાં ઓછા નાસ્તિક ગણાય. પરિણામે આજે ચારે બાજુ જેટલી મુશ્કેલીઓ અને સમસ્યાઓ દેખાય છે તેનાં મૂળ કારણો શોધતાં શ્રદ્ધાનો અભાવ - આસ્થાસંકટ એ આજની મોટામાં મોટી મુસીબત છે એ સ્પષ્ટ જણાઈ આવે છે.

આવે વખતે પણ નવયુગની એટલે કે યુગશક્તિ ગાયત્રીની અવતારપ્રક્રિયા પણ અસુરતાના નાશ અને દેવત્વના ઉદયના સનાતન ઉદ્દેશ્ય વડે જ પૂર્ણ થશે. પરિસ્થિતિઓ અનુસાર એ ચેતનાના ઉદય માટેના પ્રયત્નોનું સ્વરૂપ પણ જુદું જ હશે. અનિચ્છનીયતાઓ અને અસુરતાઓનો નાશ કરવાનું આ ધર્મયુદ્ધ ધર્મક્ષેત્રમાં અંતઃકરણના ઊંડાણમાં ઊતરીને જ લડાવાનું છે અને લોકમાનસના શુદ્ધીકરણ દ્વારા, શ્રદ્ધાઓની સુધારણા દ્વારા નવયુગના નિર્માણમાં ગોપ-ગોવાળિયાઓની અને રીંછવાનરોની ભૂમિકા ભજવવા માટે દરેક જાગૃત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્માઓએ આગળ આવવાનું છે.

ગાયત્રી તત્ત્વજ્ઞાનની જાણકારી લોકો સુધી પહોંચાડવી એ યુગશક્તિના વિસ્તારનો પહેલો તબક્કો છે. અત્યાર સુધી આ પ્રયત્ન કલમ અને વાણી દ્વારા થતો રહ્યો છે. લાખો સાધકોએ વ્યક્તિગતરૂપે આ તત્ત્વજ્ઞાનને અપનાવવાની તૈયારી દર્શાવી છે. તેના ઇચ્છિત પરિણામો પણ આવ્યાં છે. તાજેતરમાં એ પ્રયાસોમાં સંગઠનનો સમાવેશ કરવામાં આવ્યો. એને આ યુગની વિશિષ્ટતા કે નવીનતા કહી શકાય. વ્યક્તિગત સફળતાઓ તો અનેક છે અને ઉત્સાહજનક પણ છે. પરંતુ વધારે મહત્ત્વ સામૂહિક પ્રયાસનું છે. સાધના સુવર્ણજયંતી વર્ષમાં એક લાખ સાધકોએ સાથે મળીને દરરોજ ચોવીસ કરોડ ગાયત્રી જાપનું અભિયાન આદર્યું હતું. એ આ યુગનો અદ્વિતીય અને એકમાત્ર પ્રયાસ હતો. ૧૯૭૯માં શરૂ થયેલું યુગસંધિ મહાપુરશ્ચરણ અભિયાન તો વિશેષ પરિણામો આપનારું નીવડ્યું છે. એ અભિયાનનો લોકો ઉપર અને વાતાવરણ ઉપર જે સૂક્ષ્મ પ્રભાવ પડ્યો છે તેનું ગંભીરતાથી વિવેચન કરવામાં આવે તો તે સ્પષ્ટરૂપે જોઈ શકાય છે. ગાયત્રી યજ્ઞો, દીપયજ્ઞો અને અશ્વમેધોના રૂપે સામૂહિક અભિયાનોની જે હારમાળા શરૂ થઈ છે તેનું વાતાવરણ ઘડવામાં અને અંતઃકરણના પરિવર્તનમાં વિશિષ્ટ પ્રદાન છે.

આવાં સૂક્ષ્મ પરિવર્તનો ચોક્કસ થતાં હોવા છતાંય નરી આંખે દેખી શકાતાં નથી. જ્યારે પરિવર્તન પ્રક્રિયા પૂરી થઈ જશે, આસુરી તત્ત્વો નિષ્પ્રાણ થઈ અને દૈવી શક્તિઓ ચારે બાજુ ગતિમાન થયેલી દેખાશે ત્યારે આવા પ્રયત્નોની ફળશ્રુતિ તારવી શકાશે. જે રીતે અસુરતાનું આક્રમણ પ્રત્યક્ષ જોઈ શકાયું નથી તે જ રીતે તેનો વિનાશ પણ સ્થૂળ દૃષ્ટિએ જોઈ નહીં શકાય. પરંતુ જે લોકો યુગશક્તિના અવતરણને ઓળખી શક્યા છે અને તેના પ્રચાર અને ફેલાવામાં જોડાયેલા છે તેનો પોતાની જાતને કૃતકૃત્ય અને ધન્ય અનુભવશે એ નક્કી છે.

*સાધુ સ્વામીનાથનની ઝૂંપડી ગામની નજીક જ હતી. ગામલોકો મોટેભાગે રોજ સાંજે તેમની પાસે જતા અને ધર્મચર્ચાનો લાભ મેળવતા હતા.*

*જ્યારે સાંજના ભજનનો સમય થતો ત્યારે ગામના બે તોફાની છોકરાઓ આવી ચડતા ને કહેતા, "મહાત્મા, અમે તમારી પાસે જ્ઞાન મેળવવા આવ્યા છીએ. આમ કહીને પછી ગપાટા મારવા લાગતા. વચ્ચે વચ્ચે સાધુને ખીજવતા જતા અને તેમને ગુસ્સો આવે તેવી વાતો પણ કરતા જતા. તેમને તો મનોરંજન થતું હતું પણ સાધુના ભજનપૂજનનો વખત બગડતો હતો. આવું મહિના સુધી ચાલતું રહ્યું તેમ છતાંય સાધુ ગુસ્સે ના થયા. એ પણ છોકરાઓ સાથે વાતો કરતા ગયા અને હસતા જ રહ્યા.*

*ઘણા દિવસો સુધી એ છોકરાઓ સાધુને ગુસ્સે કરવામાં સફળ ના થયા. તેથી તેમને પોતાની જાત ઉપર ક્ષોભ થયો. તેમણે માફી માગીને પૂછ્યું, "મહાત્મા, અમે જાણી જોઈને તમને ચીડવવાની કોશિશ કરતા હતા, તેમ છતાંય તમે ક્યારેય ખીજાયા કે ગુસ્સે કેમ ના થયા ?"*

*સાધુએ હસીને કહ્યું, 'બેટા, જો હું પોતે જ ગુસ્સે થઈ જાઉં તો તમને શીખવાડી ક્યાંથી શકું ?"*

***પોતે આવેશમાં આવીને સમતુલા ગુમાવનારાઓ બીજાને સુધારી નથી શકતા.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દારૂ અંદર ને અક્કલ બહાર
## (નશો નોતરે નાશ)

દારૂ પીવાની લત ભલે ગમે તે કારણે પડી હોય પણ તેના સેવનની માનવજીવન અને સમાજજીવન ઉપર બહુ માઠી અસરો પડી છે. દારૂ પીનારા પોતાના જીવનને તો જોખમમાં મૂકે જ છે. ઉપરાંત બીજા માટે પણ તે જોખમકારક સાબિત થાય છે. વૈજ્ઞાનિક સંશોધનોથી એ સાબિત થઈ ચૂક્યું છે કે લાંબા સમય સુધી દારૂનું સેવન કરવાથી શરીરમાં કેટલાંય નુકસાનકારક રાયાસણિક પરિવર્તનો થઈ જાય છે. શરીરના કોષો અને ઉત્સેચકો પણ ધીમે ધીમે દારૂ પર આધારિત થવા માંડે છે અને એના અભાવે બરાબર કામ કરવાનું બંધ કરી દે છે. જ્યારે માણસ દારૂ પીને પોતે શાંતિ મેળવે છે એમ માને છે ત્યારે, હકીકતમાં તો તે પોતાના શરીરને નુકસાન પહોંચાડતો હોય છે. છેવટે તે પોતાના શરીરના અગત્યના અવયવોની કામગીરી ખોરવીને અકાળે મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે. માણસ દારૂ પીને પશુ કરતાં પણ બદતર થઈ જાય છે. તેની બુદ્ધિ અને વિવેક બહેર મારી જાય છે. માણસની રીતે વિચારવાનું તો દૂર રહ્યું, પણ પોતે મનુષ્ય છે એનું ભાન પણ ભૂલી જાય છે.

કોઈ પણ નશો માણસના આરોગ્ય, શક્તિ અને ચરિત્રને નુકસાન પહોંચાડે છે. તેની બુદ્ધિ અને વિચારશક્તિને કુંઠિત કરી નાખે છે. દારૂની સૌથી પહેલી અસર તેના મગજ ઉપર પડે છે. દારૂમાં રહેલું ઝેરી તત્ત્વ શરીરનાં બીજાં કાર્યોને તો ખોરવે જ છે પણ મગજના, શરીરના બીજા અવયવોનું નિયમન કરતાં કેન્દ્રો ઉપર સૌથી પહેલાં અસર કરે છે. પરિણામે શરીરના અન્ય અવયવો ઉપરથી મગજનો કાબૂ જતો રહે છે. દારૂ પીનારાઓની જીભ થોથવાય છે, હાથપગ લડખડવા માંડે છે, એની પાછળ આ જ કારણ છે. તે બરાબર ચાલી પણ શકતો નથી અને પડતો આખડતો જાય છે. એ ઉપરાંત મદ્યપાનને કારણે માણસની વિચારવા સમજવાની ક્ષમતા પણ નષ્ટપ્રાય થઈ જાય છે અને તેથી તે પોતાની જાતને નિર્બંધ-મુક્ત-સ્વચ્છંદ સમજવા લાગે છે. આવી હાલતમાં દારૂડિયાને થોડી ઉત્તેજનાનો આભાસ પણ થતો હોય છે. માણસ જો હસમુખો હોય તો દારૂ પીધા પછી જરૂર કરતાં વધારે ઠઠ્ઠા-મશ્કરી અને બકવાસ કરવા માંડે છે તેમજ કજિયાખોર પણ થઈ જાય છે. નાની અમથી વાતમાં ગાળાગાળી અને મારામારી ઉપર ઊતરી આવે છે. માણસ જો એકલવાયો હોય તો તે મૌન, ઉદાસ અને સુસ્ત બની જાય છે. આવી ઉદાસી પણ નુકસાનકારક હોય છે. નશાને કારણે ઉદાસ રહેતો માણસ પોતાને એટલો એકલવાયો દુઃખી અને હતાશા અનુભવે છે કે તેને આપઘાતના વિચારો આવે છે. દારૂ પીને પોતાના દુઃખોને બૃહદ્ સ્વરૂપે જોઈને પોતાની મેળે જ જીવન ટૂંકાવી નાખતા હોય એવા ઘણા માણસો જોવા મળે છે.

મદ્યપાન માણસની વિચારશક્તિ, સમજણ અને વિવેકબુદ્ધિનો નાશ કરે છે. એટલા માટે તેને માણસજાતનો દુશ્મન ગણવામાં આવ્યો છે. માણસ વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ ધરાવે છે એ તેની સૌથી મોટી શક્તિ અને વિશેષતા છે. માનવીય મગજની આવી વિશેષતાને કારણે જ તે બીજાં પ્રાણીઓ કરતાં વિશિષ્ટ તરી આવે છે. જ્યારે આ શક્તિનો હ્રાસ થઈ જાય છે ત્યારે તે પૂરો માણસ પણ નથી રહેતો કે પૂરો પશુ પણ નથી રહેતો. એટલા માટે 'દારૂ શરીરની અંદર દાખલ થઈને સૌથી પહેલાં માણસને બહાર ધકેલી દે છે.' આ કથન શબ્દશઃ સાચું છે.

દારૂડિયો પોતાની માનસિક સમતુલા ગુમાવીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની જાતને, પોતાના કુટુંબને, પાડોશીઓને અને સમાજને પણ નરક જેવા બનાવી મૂકે છે. એનાથી સંપત્તિ વેડફાય છે તેમજ માણસ પોતાની પ્રમાણિકતા ખોઈ બેસે છે અને છેવટે એક દિવસ સાવ નકામો થઈને માનસિક પીડાનો શિકાર બની જાય છે. દારૂની લતને કારણે કેટલાંય કુટુંબો પાયમાલ થઈ ગયાં છે.

મદ્યપાનને કારણે 'કોસીકોફ' નામનો એક માનસિક રોગ થવાની સંભાવના વધારે રહે છે. આના ભોગ બનેલા માણસની સ્મરણશક્તિ નબળી પડી જાય છે, સાવ નષ્ટ થઈ જાય છે. 'અર્નેકી' નામનો બીજો એક રોગ થવાનો પણ ભય રહે છે. તેમાં બધું એકના બદલે બબ્બે દેખાય છે. એક જાણીતા હૃદયરોગ નિષ્ણાતના મતાનુસાર મોટા ભાગના દારૂડિયાઓનાં હૃદય તેનાં સામાન્ય કદ કરતાં થોડાં મોટાં થઈ જાય છે. એના કારણે તેમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય છે. દારૂ જઠર અને આંતરડાની અંદરની દીવાલોને પણ નુકસાન પહોંચાડે છે. ઍસિડનું પ્રમાણ વધી જવાને કારણે અલ્સર થવાનો ભય રહે છે. વધારે દારૂ પીવાથી ક્યારેક લોહીની ઊલટીઓ પણ થાય છે.

આમ દારૂના સેવનથી કોઈ જાતનો ફાયદો નથી. નર્યું નુકસાન જ છે. તેનાથી થાક ઉતારવાની અને સ્ફૂર્તિ મેળવવાની વાતમાં પણ તથ્ય નથી. તેની ટેવ ભલે શોખ ખાતર પડતી હોય, પણ આગળ જતાં એ મજબૂરી કે વ્યસનનું રૂપ ધારણ કરી લે છે. એટલા માટે કોઈએ ફેશન ખાતર, દેખાદેખીમાં, સોબતમાં કે થાક ઉતારવાના અથવા બીજા કોઈ પણ બહાના હેઠળ દારૂને હાથ પણ ન લગાડવો જોઈએ. જેમને દારૂની લત પડી ગઈ હોય તેમને પણ તેના ગેરફાયદા સમજાવવા જોઈએ. લાંબા સમયથી પોષવામાં આવેલું વ્યસન સહેલાઈથી છોડવાનું શક્ય નથી, એ સાચું, પરંતુ માણસ પાસે સંકલ્પબળ નામની એવી તાકાત છે કે જેના ઉપયોગથી તે અશક્યવત્ કઠિન કાર્યો પણ ચપટીમાં કરી શકે છે, એ ના ભૂલવું જોઈએ. સમજદાર અને વિચારશીલ માણસોએ દારૂના વ્યસનથી છૂટવા માંગતા હોય પણ આદત કે મજબૂરીના કારણે છોડી ના શકતા હોય તેવા લોકોમાં આવી સંકલ્પશક્તિ જાગૃત કરવી જોઈએ. આવા પુણ્ય-પ્રયત્નો કરીને અકાળે મોતના મોંમાં ધકેલાઈ જતા કેટલાય માણસોના જીવનમાં નવી ખુશાલી આણવાનું શ્રેય સહજતાથી મેળવી શકાય છે. આવા ઉચ્ચ કક્ષાના પરમાર્થકાર્યમાં આપણે સૌએ ઉત્સાહથી સહયોગ આપવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

દુનિયાના કેટલાય મુખ્ય દેશોમાં સરકાર દ્વારા અને અસંગઠિત ક્ષેત્રોમાં ત્યાંના બુદ્ધિજીવીઓ દ્વારા દારૂબંધી માટે કરાતા પ્રયત્નો ઉપર નજર નાખવાથી એક બાબત સ્પષ્ટ થઈ જાય છે કે, ભારતમાં આજે દારૂબંધી માટે વાતાવરણ ઊભું કરવામાં આવે છે, તે એક દેશને લગતી જ બાબત નથી, પરંતુ એ વિશ્વવ્યાપી સમસ્યાનો સર્વમાન્ય સિદ્ધાંત છે. એ સિદ્ધાંત સામાજિક જાગૃતિ અને સરકારી નીતિ-નિયમોના સંયુક્ત પ્રયાસોથી જ અમલમાં મૂકી શકાશે.

સમાજના વિચારો, સમાજની પ્રવૃત્તિઓ અને પરંપરાગત માન્યતાઓને બદલવા માટે સ્વૈચ્છિક સંગઠનોના પ્રયાસો જ સફળ નીવડે છે. એમાં કાયદાની જોગવાઈઓ ખાસ ઉપયોગી નીવડતી નથી. દેશમાં આવાં સંગઠનોની જરૂરિયાત છે. જો આપણા સમાજનો પ્રબુદ્ધ વર્ગ આગળ આવે અને સમૃદ્ધ વર્ગ આર્થિક સહયોગ આપે તો આવાં વધુ ને વધુ સંગઠનો બનાવવાં જોઈએ. આવાં સંગઠનોએ મદ્યપાન વિરોધી વિચારધારાનો પ્રચાર કરવો જોઈએ. તેમણે આંદોલનો કરવાં જોઈએ. દારૂની બદીમાં સપડાયેલાઓને તેના ગેરફાયદા સમજાવવા જોઈએ. સમાજ અને સરકારને જોડતી કડી તરીકે કામ કરવું જોઈએ અને જરૂર લાગે ત્યાં સરકારી ક્ષેત્રોનું ધ્યાન દોરીને કાયદાની મદદ પણ લેવી જોઈએ. સાધનસંપન્ન અને સમાજસુધારણાના ઇચ્છુક માણસો હિંમત કરીને આગળ આવશે તો તેમના પ્રયાસો દારૂબંધીની દિશામાં વૈચારિક ક્રાંતિ ફેલાવવામાં ખાસ્સા મદદરૂપ નીવડશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૈસાદારોને પ્રમાણિક સલાહ

કેટલાક પૈસાદાર માણસો એમ કહેતા હોય છે – અમારી પાસે બહુ પૈસા છે. અમે ખર્ચ કરી શકીએ છીએ. તો પછી લગ્ન જેવા આનંદના અવસરે ખર્ચ શું કામ ના કરીએ ? ગરીબો અમારી નકલ શું કામ કરે છે ? તેઓ પોતાની ક્ષમતા અને કક્ષા પ્રમાણે કરકસરથી લગ્ન કેમ કરતાં નથી ? અમારે અમારી દીકરીને કશું આપવું હોય તો કેમ ના આપીએ ? કુતર્કની દૃષ્ટિએ તેમની વાત સાચી લાગે, પણ થોડી ગંભીરતાથી વિચારીએ તો તેમની આવી દલીલની પોકળતા છતી થઈ જાય છે. વાત એમ છે કે, મોટા ભાગના સામાન્ય લોકો વિવેકશીલ નથી હોતા, માત્ર આંધળું અનુકરણ કરનારા જ હોય છે. લોકમાનસનું વલણ એવું હોય છે કે લોકોને મોટા માણસની નકલ કરતા રોકી શકાતા નથી. બાળકો રામલીલાના દિવસોમાં હનુમાન કે રાક્ષસોનું પાત્ર ભજવનારાઓનું જોઈને તેમની નકલ કરતા હોય છે. તેઓ ગમ્મત ખાતર એવું કરતા હોય છે. ચહેરા ઉપર લગાવવાના મહોરાં, તીરકામઠાં, ગદા કે મગદળ વગેરેના પૂંઠાનાં રમકડાં ત્યાં મળતાં હોય છે, તે ખરીદી લાવે છે અને એના વડે ઘરમાં રામલીલાની રમત રમતા હોય છે. એ જ પ્રમાણે લોકોમાં સામાન્ય રીતે મોટાઓની નકલ કરવાની બાળકબુદ્ધિ જોવા મળે છે. આ નબળાઈને દૂર કરવી મુશ્કેલ છે.

કોઈ જમાનામાં રાજામહારાજાઓ રાજમુગટ પહેરીને બંદૂક તલવારો સહિત સેના લઈને વાજતે-ગાજતે લગ્ન કરવા જતા હશે. આજે જમાનો વીત્યા પછી અને સંજોગો બદલાઈ ગયા પછી પણ એનું જ પુનરાવર્તન થઈ રહ્યું છે. વરરાજા સાફો પહેરીને, જાણે તે રાજા હોય અને કોઈકની દીકરીને યુદ્ધમાં જીતીને લાવવાનો હોય એમ હાથમાં તલવાર કે બરછી લઈને જાય છે. લોકો લગ્નોમાં બંદૂકો પણ એટલા જ માટે લઈ જતા હશે. દારૂગોળાના ધડાકાભડાકા, બંદૂકોના અવાજ, આ બધું પેલા રાજાશાહી યુગનું આંધળું અનુકરણ જ છે. એ દિવસોમાં લગ્નો વખતે લડાઈ- ઝઘડા ઊભા થતા હશે અને દારૂગોળાનો છૂટથી ઉપયોગ થતો હશે. હવે લોકો, જો વરરાજા કોઈ રાજકુમાર કે રાજા નથી તો પછી તેણે એવો મુગટ પહેરવાની શી જરૂર ? એમ વિચારતા નથી. આવા પ્રેમમિલનના ધાર્મિક અવસરે બંદૂક કે દારૂગોળાની શી જરૂર ? પણ જો લોકોમાં એટલી સમજણ હોય તો એને જનતા ના કહેવાય. એ તો 'લકીરની ફકીર' હોય છે. એ તો મોટાનાં કાર્યોને રિવાજ કે પરંપરા માની બેસે છે. જે રીતે બાળકો મોટેરાઓની નકલ કરતા હોય છે. તે જ રીતે સમાજના નાના માણસો, કહેવાતા મોટા માણસોની નકલ કરતા હોય છે. જાનૈયાઓ, સમાજના કહેવાતા મોટા અને અમીર માણસોની નકલ કરવા સિવાય મહાનતાની બીજી કોઈ વ્યાખ્યા સૂઝતી ન હોવાથી, પોતાની કક્ષા કરતાં વધારે કીમતી કપડાં પહેરતા હોય છે. એટલા માટે મોટા ગણાતા લોકોએ, જેની નકલ કરીને નાના માણસો કોઈ મુશ્કેલીમાં ફસાઈ જાય, એવું કોઈ પણ કામ ન કરવું એ તેમની સામાજિક અને નૈતિક જવાબદારી થઈ જાય છે. સદ્નસીબે કે બદનસીબે આજે ધનવાનોને જ મોટા માણસ માનવામાં આવે છે. એટલા માટે અનુકરણપ્રિય જનતાને બરબાદ થતી બચાવવાનાં પોતાના કર્તવ્યનું ધ્યાન રાખવાની અને જેનાથી બાળબુદ્ધિ ધરાવતા સામાન્ય લોકોને એની નકલ કરવાનું મન થાય અને મુશ્કેલીમાં મુકાવું પડે એવું કોઈ કામ ન કરવાની જવાબદારી ધનવાનોના શિરે છે. અમીર લોકો વધુ સુધારાવાદી, સંયમી અને આદર્શ કાર્યશૈલી અપનાવે એ સામાજિક કર્તવ્યોની માગ છે, જેથી સામાન્ય લોકો તેની નકલ કરીને પોતાનું નુકસાન નોતરવાથી દૂર રહે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દીકરીને જે આપવું હોય તે લગ્ન પછી કોઈ જાતનો દેખાડો કર્યા સિવાય પણ આપી શકાય છે. બાપ-દીકરી વચ્ચે આપવા-લેવાનો વ્યવહાર હોય તેની સામે કોઈને શું વાંધો હોઈ શકે ? વાંધો તેના બેહૂદા પ્રદર્શન સામે છે જેના કારણે દેખાદેખીથી કુરિવાજો ચાલી નીકળે છે અને એક છાપરેથી બીજા છાપરે ફેલાતી આગની માફક સમાજ બરબાદ થાય છે. ધનવાનો પોતાના પૈસા ગમે તે રીતે ખર્ચે તેને કોણ રોકી શકે ? પરંતુ તેમની આવી ઉદ્ધત સ્વચ્છંદતા સમાજ માટે ખોટા આદર્શો ઊભા કરનારી હોવાના કારણે વિક્ષોભનું કારણ જ બનશે અને તેમને કશું મળવાને બદલે તેઓ નુકસાનમાં જ જશે.

આજે લોકોની વિચારવાની રીત બદલાઈ ગઈ છે. ધનવાનો પ્રત્યે સામાન્ય લોકોનો રોષ વધતો જ જાય છે અને માન ઘટતું જ જાય છે. દરેક જણ ઉપર સામ્યવાદી વિચારસરણીની થોડીઘણી અસર છે. એને કારણે ધનવાનો ચોરની કક્ષામાં ગણાવા લાગ્યા છે. આજે આર્થિક તંગીમાં ફસાયેલા બધા જ લોકો આ અમીરો જ ગરીબી ફેલાવે છે એવું માનતા હોય છે. કોઈ ભલે પ્રમાણિકતાની કમાણીથી પૈસાદાર થયો હોય, છતાંય તેણે કોઈકનું લોહી ચૂસીને પૈસા એકઠા કર્યા હશે એમ જ માનવામાં આવે છે. આવી વિચારસરણીએ ગરીબ અને અમીર વચ્ચે એક વર્ગભેદ ઊભો કરી દીધો છે. જ્વાળામુખી ભલે નથી ફાટ્યો પણ આગ ધૂંધવાયા કરે છે. મજૂર અને માલિકો વચ્ચે વારંવાર થતા સંઘર્ષો પાછળ આ જ લાગણી કામ કરે છે. આવા કપરા સમયે ધનનું વરવું પ્રદર્શન કરવું એ કોઈ પણ ધનવાન માટે વાજબી નથી. તેનાથી તેમના વિરુદ્ધ વધારે ઈર્ષ્યા અને દ્વેષનું વાતાવરણ ઉત્પન્ન થતું જશે. દરેક કર્મચારી પગારવધારાની માગણી કરશે, દાન માગનારાઓ વધારે ફાળો માંગશે અને સરકાર પણ વધુ કર વસૂલ કરશે. તેઓ તો એવું જ સમજવાના કે જે લોકો લગ્ન પાછળ ધૂમ ખર્ચો કરી શકે છે તેની પાસે ઘણી સંપત્તિ હશે, એટલે વધારે વસૂલ કેમ ના કરવું ? જ્યારે કોઈ કારણસર આપવાની ના પાડવામાં આવે ત્યારે તમે લગ્નોમાં આટલો બધો ખર્ચ કરી શકો છો, તો પછી આવા ઉપયોગી કાર્યમાં કેમ નથી ખર્ચી શકતા ? આવા પ્રશ્નનો સામનો કરવો પડે છે.

## ધનનું વરવું પ્રદર્શન નુકસાનકારક

ધનનું બેહૂદું પ્રદર્શન કરવું એ આજના યુગમાં કોઈનેય માટે વખાણવાલાયક વાત નથી. પરંતુ તેની વિરુદ્ધ ઘૃણા અને દ્વેષનું વાતાવરણ ઊભું કરે તેવી વખોડવાલાયક વાત છે. આવા સંજોગોમાં તેણે ઠંડા દિમાગથી વિચારવું જોઈએ કે, તેની ધામધૂમ તેના માટે ફાયદાકારક છે કે નુકસાનકારક છે ? તેનાથી તેમની મોટાઈ વધશે કે વિરોધનું વાતાવરણ ઊભું થશે ! જેઓ વિચારી ના શકતા હોય તેની વાત જુદી છે. બાકી ભગવાને જેને બુદ્ધિ આપી છે, તેમણે વિચારવું જોઈએ કે લગ્નોમાં ધૂમ ખર્ચો કરવાનો તેમનો ઉત્સાહ યોગ્ય છે કે અયોગ્ય છે ? જે વાત ગેરવાજબી અને નુકસાનકારક હોય તેને છોડવી જ જોઈએ. રિવાજ પડી ગયો છે માટે અમે નુકસાનકારી નીતિ જ આચરીશું એ કોઈ ડહાપણની કે તર્કસંગત વાત નથી.

ધનવાનો પોતાની ફાજલ સંપત્તિ લોકકલ્યાણનાં કામોમાં ખર્ચે અને મધ્યમ વર્ગના માણસો જેવું જીવન જીવે એવી લોકમતની અપેક્ષા છે. આમ કરવાથી જ તેમની વિરુદ્ધ ભભૂકતી ઈર્ષ્યાની આગ શાંત પડશે. જે આમ ના કરી શકે તેમણે કમ સે કમ એ આગમાં ઘી હોમવાનું કામ તો ન જ કરવું જોઈએ. લગ્નોમાં ધનનો બેફામ ખર્ચ એ ચોક્કસ એવી અણસમજનું કામ છે કે, એનાથી લોકોમાં તેઓ વધારે સ્વાર્થી અને વધારે અહંકારી હોવાની છાપ ઊભી થાય છે. હવે લોકમતની સાવ ઉપેક્ષા કરી શકાય તેવો જમાનો નથી રહ્યો. જે લોકમતથી સરકારો ઊથલી પડે છે તેનાથી દરેકને નુકસાન થઈ શકે. ખર્ચાળ લગ્નો કરતી વખતે ધનવાનોએ આ બધી બાબતો વિષે પણ વિચારવું જોઈએ. નહીંતર તેઓ બમણા નુકસાનમાં રહેશે અને એક દિવસ તેમને સામાજિક શાણપણ ના દેખાડવાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભૂલ ઉપર પસ્તાવાનો વારો આવશે.

આપણે સૌએ આદર્શ લગ્નોની દૂરંદેશી અપનાવવા માટે તૈયાર રહેવું જોઈએ. આ જમાનાની માંગ છે. યુગની આવશ્યકતા છે. બુદ્ધિનો તકાજો છે. અર્થશાસ્ત્રનો સાર છે. એમાં જ માણસનું વ્યક્તિગત હિત અને સમાજનું ભલું છે. જે યોગ્ય છે. જે વાજબી છે. એનો અમલ કરવામાં બિનજરૂરી વિલંબ શા માટે ?

દરેક સચેતન રાષ્ટ્ર, જીવંત સમાજ અને પ્રબુદ્ધ વ્યક્તિ સ્વતંત્ર વિચારો કરવાની હિંમત કેળવે અને પોતાની વધારાની નબળાઈઓ શોધીને તેને દૂર કરવા માટે તત્પર રહે એ તેની જાગરૂકતાની નિશાની છે. કોઈ ખરાબ બાબત છોડવી નહીં અને સારી બાબત અપનાવવી નહીં એ જડતાની નિશાની છે. જડતાથી પ્રગતિ અવરોધાય છે. આપણને આજે જડતાએ ઘેરી લીધા છે. માનસિક જડતામાં ઘેરાયેલો માણસ કે સમાજ હંમેશાં અવદશામાં જ સબડ્યા કરે છે. આપણે વસ્તુસ્થિતિને સમજવી જોઈએ. જો આપણે આપણા અસ્તિત્વને ટકાવી રાખવું હોય તો જાગૃત માણસની જેમ વિચારવા અને પ્રબુદ્ધ માણસની જેમ કાર્યશીલ થવા માટે તૈયાર થવું જોઈએ. આમ કરવા માટે સૌથી પહેલું કામ આપણે સામાજિક કુરિવાજોનો કચરો સાફ કરવો પડશે. એમાં સૌથી પહેલો વારો લગ્નમાં બેફામ ખર્ચની સર્વનાશી ઘેલછાનો આવશે કારણ કે એ સૌથી વધુ નુકસાનકારક, દુઃખદાયક અને મૂર્ખામીયુક્ત છે. જો આપણી મનોવૃત્તિ સુધારણાની દિશામાં વળશે અને મનમાં જડ પરંપરાઓની વિરુદ્ધ વિચારવાની હિંમત આવશે તો આવનારા દિવસોમાં મોટા પગલાં ભરવાં શક્ય બનશે.

***કર્તવ્યપાલન ઉપર આધારિત આકાંક્ષાઓ અંગે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તેમાં બીજા કોઈનો હસ્તક્ષેપ ના હોય. પોતાની જેવી યોગ્યતા છે અને પરિસ્થિતિ છે તે મુજબ જ દરેક માણસ કર્તવ્યપાલન કરી શકે છે અને સાથે સાથે સંતોષ પણ પ્રાપ્ત થઈ શકે છે. ગીતાકારે વારંવાર એ સ્પષ્ટ કર્યું છે કે "મનુષ્યનો અધિકાર માત્ર કર્તવ્યપાલન સુધી જ સીમિત છે, પરિણામો ઉપર તેનો કોઈ અધિકાર નથી." જે વસ્તુ ઉપર આપણો અધિકાર નથી તેની ઉપર પોતાની પ્રસન્નતાનો આધાર રાખવો તે ભૂલ છે. પોતાના આનંદને બીજાના હાથમાં વેચી દેવા જેવું છે. તેથી જીવનને સુખી બનાવવા માટે આપણે જીવનને સર્વાંગી ઉન્નતિ તરફ આગળ ધપાવવા માટે પૂરી સચ્ચાઈ અને શ્રમશીલતા સાથે પ્રયત્ન કરીએ તેવી નીતિ જ સર્વોત્તમ ગણાય. આ પ્રયત્નશીલતાને પોતાનો ધર્મ અને કર્તવ્ય માનીએ અને પ્રત્યેક પળે એ વાતનો સંતોષ અને ગર્વ અનુભવીએ કે કર્તવ્યપાલનમાં આપણે પૂરી તત્પરતા અને ઈમાનદારી સાથે જોડાયેલાં છીએ. આપણા સંતોષ અને આનંદ માટે આટલું જ પૂરતું છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુદ્ધની ઘેલછા આટલી વિનાશક હોઈ શકે ?

આજકાલ જીવનના દરેક ક્ષેત્રમાં વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. આપણા પૂર્વજો પાસે જે જ્ઞાન, માહિતી અને સાધન-સગવડો હતાં એના કરતાં આપણી ઉપલબ્ધિઓ ક્યાંય વધારે છે. જો આવી પ્રાપ્તિઓને જ પ્રગતિ માની લઈએ તો માનવીય સંસ્કૃતિએ પ્રગતિ કરી છે એમ માનવામાં કશું ખોટું નથી. પરંતુ જો પ્રગતિને દિશાની રીતે મૂલવીએ અને પૂછીએ કે પ્રગતિ કઈ દિશામાં થઈ છે ? ઉત્થાનની દિશામાં કે પતનની દિશામાં ? તો ચોક્કસ વિચારવા જેવી ચિંતાજનક હાલત જ દેખાશે કારણ કે પ્રગતિ ચડતી કે પડતી એમ બંને દિશામાં હોઈ શકે. પ્રગતિ એટલે ગતિ કરવી. તો ગતિ આગળ પણ હોઈ શકે અને પાછળ પણ. માનવજાત આગળ વધી છે કે પાછળ ? એનું વિશ્લેષણ કરવાથી ખ્યાલ આવે કે આજકાલ વિનાશ વિગ્રહ અને પતનનાં સાધનો પણ સુખસગવડનાં સાધનો જેટલી જ ઝડપે, બલ્કે તેનાથી પણ વધુ ઝડપે વિકસ્યાં છે, તો કાંઈ આશ્ચર્ય ના થવું જોઈએ. અત્યારની પ્રગતિ કઈ દિશામાં થઈ છે ? તેમાંથી મનુષ્યે શું મેળવ્યું છે ? શાંતિ, સુરક્ષા, વ્યવસ્થા અને પ્રગતિની દૃષ્ટિએ માણસે શું-શું મેળવ્યું છે ? આ બધું વિચારવાલાયક છે. વિજ્ઞાને માણસને શાંતિ, સુરક્ષા અને પ્રગતિનાં જેટલાં સાધનો આપ્યાં છે તેના કરતાં ઘણા વધારે વિનાશક શસ્ત્ર-અસ્ત્રનો ભંડાર ખડકી દીધો છે. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રકાશિત થયેલા આંકડાઓ અનુસાર અત્યારે દુનિયાનાં શક્તિશાળી રાષ્ટ્રોએ પૃથ્વીની એક વખત નહીં પણ સાત વખત બરબાદી કરી શકે એટલા વિપુલ પ્રમાણમાં દારૂગોળો જમા કરેલો છે.

પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં કેટલી ખુવારી થઈ હતી, એ સૌ કોઈ જાણે છે અને પછી હવે ત્રીજા વિશ્વયુદ્ધમાં થનારા વિનાશનો કોઈ અંદાજ લગાડી શકાય તેમ નથી. કોઈએ એક વાર પ્રખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને ત્રીજા વિશ્વયુદ્ધ વિષે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે ત્રીજા વિશ્વયુદ્ધ વિષે તો હું કશું ચોક્કસ કહી ના શકું પરંતુ ચોથા વિશ્વયુદ્ધ વિષે થોડી ઘણી કલ્પના કરી શકાય એમ છે.

આ કલ્પના વિષે ચોખવટ કરતાં આઈન્સ્ટાઈને કહ્યું હતું કે, જો કદાચ ત્રીજા વિશ્વયુદ્ધ પછી થોડાઘણા માણસો બચશે અને જો કદાચ તેમની વચ્ચે ફરી ક્યારેક યુદ્ધ થશે તો તે જરૂર ઈંટ-પથ્થરોથી લડાશે. એટલે કે ત્રીજા વિશ્વયુદ્ધમાં એવો પ્રલયકારી વિનાશ સર્જાશે કે માણસ જાતનું અસ્તિત્વ બચી જવા વિષે પણ શંકા છે. જો કદાચ કોઈ રીતે માણસનું અસ્તિત્વ ટકી શકે તો પણ માનવીય સભ્યતા અને સુસંસ્કૃતિ તો ચોક્કસ ખતમ થઈ જશે એ નક્કી છે. આજકાલ શાંતિ અને સુરક્ષાના નામે જે સાધનો બનાવાઈ રહ્યાં છે તેની આડશમાં ખરેખર તો વધુ સરળ રીતે અને વધુ જલદીથી મૃત્યુના મુખમાં ધકેલવાનાં સાધનોનો જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે, એ એક કડવું સત્ય છે. લાઠી-તલવારથી થતી ખુનામરકીની સરખામણીમાં એને ચોક્કસ પ્રગતિ કહી શકાય. જો સસ્તી અને સરળ રીતે વ્યાપક વિનાશ નોતરવાને જ પ્રગતિ કહેવાતી હોય તો આવા સાધન-સરંજામની માલિકી, સંચાલન અને નિયંત્રણ પર એકાધિકાર ભોગવતા કોઈ એક માણસ ઉપર થોડા સમય પૂરતો જો ઉન્માદ સવાર થઈ જાય તો આ સુંદર દુનિયા ભસ્મીભૂત થવામાં પળવારેય ના લાગે.

આવો, આપણે આવાં વિનાશક સાધનો વિષે થોડું વિગતે જાણીએ. અત્યારે અમેરિકાએ એક આધુનિક મિસાઈલવાહક વિમાન વિકસાવ્યું છે. એ વિમાનમાં અણુબૉંબ સહિતનાં મિસાઈલો ગોઠવાયેલાં છે, જેને ગમે તે લક્ષ્ય ઉપર આકાશમાંથી જ સીધા છોડી શકાય છે. અત્યાર સુધી આવા મિસાઈલો માત્ર જમીન ઉપરથી જ છોડી શકાતા હતા. એક દેશ વિરોધી દેશના આવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અણુબૉબ ફેંકી શકે તેવાં મથકો કયાં છે તે જાસૂસો દ્વારા શોધી શકતો હતો. એ જાણકારીના આધારે તેમનો નાશ કરવાની યોજના બનાવાતી હતી. અણુબૉબ ફેંકવા માટે અને દુશ્મનોના પ્રહારથી બચવાની યોજના અત્યાર સુધી આના જ આધારે બનાવાતી હતી. પરંતુ હવે બી-૧ નામના આધુનિક વિમાનોએ નવી મુશ્કેલી ઊભી કરી છે. તે અણુબૉબ જોડે સંકળાયેલાં મિસાઈલો લાદીને આકાશમાંથી જ લક્ષ્ય ઉપર બૉબ ફેંકી શકાશે. આવા બૉબવર્ષક વિમાનો એટલી ઊંચાઈએ ઊડતાં હશે કે, તેને કોઈ તોપગોળા આંબી નહીં શકે. આવાં વિમાનોને પાઇલોટ સુરેખ ગતિમાં નહીં ચલાવવાના. એટલે તેને રૉકેટથી તોડી પાડવા પણ મુશ્કેલ હશે. તેને આકાશમાં ડાબે-જમણે, ઉપર-નીચે, ધીમે-ઝડપથી, એમ આડીઅવળી દિશામાં ઉડાડવામાં આવશે એટલે જમીન ઉપરથી રૉકેટ છોડીને તેને તોડી પાડવાનું મોટેભાગે શક્ય નહીં હોય. આમ આવા બૉબવર્ષક વિમાનો કોઈ જાતના જોખમ સિવાય પોતાની સંહાર કામગીરી કરી શકશે.

કેલિફોર્નિયાના રૉસવેલ ઇન્ટરનેશનલ પ્લાન્ટે જ્યારે આ બી-૧ વિમાનને પહેલી વાર ઉડાડ્યું ત્યારે એ બૉબવર્ષક જેટ વિમાન કલાકના ૨૪૦૦ કિ.મી.ની પ્રચંડ ઝડપે ઊડ્યું હતું. તેની રેન્જ લગભગ ૧૦,૦૦૦ કિ.મી. સુધીની છે. તેનું વજન ૧ લાખ ૧૫ હજાર પાઉન્ડ છે અને કિંમત લગભગ ૫૦ કરોડ ડોલર છે. તેની લંબાઈ ૧૪૪ ફૂટ, પહોળાઈ ૩૪ ફૂટ અને પાંખોનો ફેલાવો ૧૩૭ ફૂટ જેટલો છે. એનું હજી વધારે આધુનિકીકરણ થવાનું છે. વાત જો આકાશમાંથી અણુબૉબ ફેંકવા પૂરતી જ મર્યાદિત હોત તોય ઠીક હતું પરંતુ આજકાલ તો યુદ્ધમાં દુશ્મનને મારી પછાડવા માટે એનાથીયે આગળ નિતનવા અખતરાઓ થતા રહે છે.

યુદ્ધનો હેતુ કાયમ શત્રુદેશના જાનમાલને વધુને વધુ નુકસાન પહોંચાડવાનો જ હોય છે, એ યાદ રાખવું જોઈએ. અત્યાર સુધીના યુદ્ધમાં કયા કયા દેશો વચ્ચે લડાઈ ચાલે છે એ સ્પષ્ટ રહેતું હતું, પણ હવે દરેક દેશ પ્રગટ થયા વગર જ કોની કોની વચ્ચે લડાઈ ચાલે છે એનો ખ્યાલ પણ ન આવે તે રીતે દુશ્મન દેશને મોટાપાયે કઈ રીતે બરબાદ કરી શકાય તેના પેંતરા ઘડતો હોય છે. આની ચોકસાઈ માટે યુદ્ધની નવી નવી રીતો શોધાઈ રહી છે. અત્યાર સુધી શોધાયેલી રીતોમાં જીવાણુયુદ્ધ તથા ભૂગર્ભીય યુદ્ધ સૌથી આધુનિક છે.

જીવાણુયુદ્ધો વિષે અવારનવાર ચર્ચા થતી રહે છે અને એના કારણે થનારા ભયંકર વિનાશ વિષે પત્રિકાઓમાં લેખો પ્રસિદ્ધ થતા રહે છે. દુશ્મન દેશને નુકસાન પહોંચાડવાની આ રણનીતિમાં કોઈ દેશ હુમલો કરતો હોય એવું જણાતું નથી અને ક્યાંય કોઈ હથિયારોનો ઉપયોગ થતો પણ દેખાતો નથી. ચૂપચાપ કોઈ જાતની ધમાલ વગર યુદ્ધપ્રક્રિયા ચાલતી રહે છે. સ્થિતિ ઉપરછલ્લી નજરે જોવાથી સાવ શાંત જણાય છે પણ પડદા પાછળ વિનાશ તેનું તાંડવનૃત્ય કરતો જ રહે છે; જેનાં અસાધારણ પરિણામો પાછળથી જોવા મળે છે. આમાં ઝેરી બૅક્ટેરિયાઓને બીજા દેશોમાં ચૂપચાપ ફેલાવી દેવામાં આવે છે. આ બૅક્ટેરિયાઓ સામાન્ય રીતે શક્તિશાળી ગણાતા સૂક્ષ્મદર્શક યંત્ર વડે પણ જોઈ ના શકાય અને સોયના નાકા જેટલી જગ્યામાં લાખોની સંખ્યામાં સહેલાઈથી સમાઈ જાય એટલા સૂક્ષ્મ હોય છે. તેમને કોઈ માણસના નખ ઉપર લગાડીને પણ બીજા દેશોમાં સહેલાઈથી ઘૂસાડી શકાય છે.

જે-તે દેશમાં પહોંચી ગયા બાદ આ વિષાણુઓ જ્યારે સક્રિય થાય છે ત્યારે રોગચાળોરૂપે અસાધ્ય બીમારીઓ ફેલાવે છે. આવા રોગચાળાના ચોક્કસ કારણ કે ઉદ્‌ગમસ્થાનની કોઈને ખબર પણ નથી પડતી અને તે એટલી ઝડપે ફેલાય છે કે લાખો લોકો મોતના મુખમાં ધકેલાઈ જાય છે. અત્યાર સુધીનાં યુદ્ધોમાં સેનાઓ અંદરોઅંદર લડતી અને એકબીજા ઉપર દારૂગોળો તેમજ આગ્નેય શસ્ત્રોનો પ્રયોગ કરતી. એમાં માત્ર સૈનિકો જ મરાતા. પરંતુ હવે પછીના દિવસોમાં જે યુદ્ધો લડાશે તેમાં લાખો નિર્દોષ માણસો પણ હણાઈ જશે.

જીવાણુયુદ્ધ ઉપરાંત બીજા પ્રકારનાં યુદ્ધોમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભૂગર્ભયુદ્ધ પણ ઓછું વિનાશક નથી. આવાં યુદ્ધોમાં પૃથ્વીના પેટાળમાં રહેલી ઊર્જાનો વૈજ્ઞાનિક સાધનો વડે ઉપયોગ કરીને ધરતીકંપો લાવીને વાતાવરણમાં મોટો ફેરફાર કરીને તેમજ જમીન અને જળમાં ફેરફાર લાવીને બીજા દેશોને બરબાદ કરવાની યોજનાઓ હશે. જનજીવન ઉપર અમુક ક્રિયાઓની અસર તરત જણાશે તો અમુકની લાંબેગાળે દેખાશે. આવી અસર ભલે તાત્કાલિક હોય કે લાંબા ગાળાની હોય, પણ અત્યંત વિનાશકારી હશે, એ નક્કી છે.

આવાં યુદ્ધોમાં સૌરઊર્જાના ઉપયોગની પણ સંભાવના છે. સૂર્ય ૭ લાખ મેગાવોટ અણુબૉંબ જેટલી ઊર્જા રોજ પૃથ્વી ઉપર આયાત કરે છે એ યાદ રાખવા જેવું છે. આ અસાધારણ ઊર્જાનો એક મોટો હિસ્સો પ્રકૃતિનાં વિભિન્ન રૂપોમાં શોષાઈ જાય છે. સમુદ્રજળ અને વાતાવરણ આ ઊર્જાનો મોટોભાગ શોષી લે છે, જેને કારણે પૃથ્વી ઉપર ઋતુચક્ર રચાય છે. સમુદ્ર અને વાતાવરણમાં શોષાતી ઊર્જાનું પ્રમાણ સરખું નથી હોતું. ક્યાંક ક્યાંક આ ઊર્જા વધુ પ્રમાણમાં કેન્દ્રિત થઈ જાય છે. આ કેન્દ્રિત ઊર્જાને કારણે સમુદ્રમાં તોફાન કે ચક્રવાત થતા રહે છે. એક દરિયાઈ તોફાનને કારણે પાંચ હજાર ટન દારૂગોળાના વિસ્ફોટથી થઈ શકે એટલો વિનાશ થાય છે. આવા તોફાનનાં કેન્દ્રો સમુદ્રમાં પથરાયેલાં હોય છે અને ફરતાં રહે છે. યુદ્ધ અંગેના વૈજ્ઞાનિક સંશોધકો આવાં કેન્દ્રોને ધારેલી દિશામાં ગતિ આપવાના અને તેને ધારેલી જગ્યાએ કેન્દ્રિત કરવાના પ્રયોગો કરી રહ્યા છે. યુદ્ધમાં આવી આધુનિક ટેક્નૉલોજીનો સમાવેશ થવાથી કેટલાં વિનાશક પરિણામો આવી શકે એનું અનુમાન હવે લગાડી શકાશે.

અવકાશમાં પરિભ્રમણ કરતી અનેક ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતી હોય છે. એમાંની મોટાભાગની ઉલ્કાઓ તો વાતાવરણના તાપમાન અને ઘર્ષણથી સળગીને નાશ પામે છે. પરંતુ તેમાંની જે ઉલ્કાઓ પૃથ્વી પર પડે છે તેની સજીવસૃષ્ટિ અને પ્રાકૃતિક તત્ત્વો ઉપર ચોક્કસ અસરો થાય છે. આવી ખરી પડતી ઉલ્કાઓને ધારી દિશામાં વાળીને ધારેલા દેશ ઉપર પાડવાના વૈજ્ઞાનિક પ્રયાસો ચાલી રહ્યા છે. તેનાથી પણ ઘણો વિનાશ થઈ શકે છે. કુદરતી રીતે પડેલી ઉલ્કા તો વેરાન કે વસ્તીવાળી જગ્યાએ ગમે ત્યાં પડી શક. પરંતુ જો તેનો વૈજ્ઞાનિક રીતે યુદ્ધના માધ્યમ તરીકે ધારી જગ્યાએ પાડવામાં ઉપયોગ કરવામાં આવે તો નક્કી તેને ભરચક માનવવસ્તીવાળી જગ્યાએ જ પાડવામાં આવે. પૃથ્વી ઉપર ઉલ્કાપાતે વેરેલા વિનાશનાં ચિહ્નો ઠેકઠેકાણે મોજૂદ છે. આ સંદર્ભમાં કેટલાંક વર્ષો પહેલાં આફ્રિકામાં થયેલા એક ઉલ્કાપાતને કારણે પડેલો મહાકાય ખાડો 'એરિઝોના ફેટલ' ખાસ ઉલ્લેખનીય છે. એનો વ્યાસ ૧ માઈલ જેટલો છે અને એ ઉલ્કાની કરચો માઈલો સુધી વેરાયેલી જોવા મળે છે. જો આ રીતે ઉલ્કાઓની દિશા બદલીને તેને માનવવસ્તીવાળા ભાગોમાં પાડવામાં આવે તો વિનાશનું કેટલું અને કેવું તાંડવ રચાશે એની કલ્પના પણ કરી ના શકાય.

આજના સમયમાં બરફને ઓગાળીને જમીન ઉપર જળપ્રલય લાવવાના, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ કરાવવાના, ઋતુઓમાં અતિશય ઠંડી કે ગરમી કૃત્રિમ રીતે લાવવાના વગેરે કુદરતી પરિવર્તનોના સફળ વૈજ્ઞાનિક પ્રયોગો થઈ રહ્યા છે. યુદ્ધની આવી આધુનિક પદ્ધતિઓ પ્રાચીન અને વર્તમાન તમામ પદ્ધતિઓ કરતાં વધારે સંહારક-વિનાશક છે. આ બધું જોતાં માણસે વિકાસની દિશાને બદલે વિનાશની દિશામાં વધારે પ્રગતિ કરી હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે. આ હકીકતોથી બીજું એક સત્ય પણ ઊપસી આવે છે કે માણસ બુદ્ધિ અને સાધનોના ક્ષેત્રમાં ભલે ગમે તેટલી પ્રગતિ કરી લે તેમ છતાંય ચેતના અને અંતઃકરણમાં સુધારો કર્યા વગર એ પ્રગતિ અધૂરી એકાકી અને વિનાશક જ બની રહે છે.

આવા સંજોગોમાં માનવીય અસ્તિત્વને ટકાવી રાખવાની દિશામાં પગલાં ભરવા અનિવાર્ય છે. કુદરતી ઊથલપાથલો, પરિવર્તનો, ભય અને સંકટોથી તો બચી શકાય તેમ નથી કારણ કે એ પ્રકૃતિના નિશ્ચિત ક્રમ પ્રમાણે થતા જ રહેવાના. બાકી આવનારા દિવસોમાં વ્યાપક ક્રાંતિઓની વચ્ચે નવા યુગનું આગમન નક્કી થવાનં છે એ વિષે સક્ષ્મ દષ્ટાઓમાં કોઈ બેમત નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કલ્પવૃક્ષોના નવા રોપ ઊગી રહ્યા છે

અવતારોનો પણ ક્રમિક વિકાસ થયો છે. તેમની કળાઓ ક્રમશઃ વધતી રહી છે. કચ્છાવતાર અને મત્સ્યાવતાર એક એક કળાના હતા. વારાહ અને વામન અવતાર બબ્બે કળાના હતા. નરસિંહ અને પરશુરામને ત્રણ ત્રણ કળાના માનવામાં આવ્યા છે. રામને બાર કળાંના, કૃષ્ણને ૧૬ કળાના અને બુદ્ધને વીસ કળાના માનવામાં આવ્યા છે. નિષ્કલંક અવતાર ૨૪ કળાનો હશે એમ કહેવાયું છે. આ ક્રમિક વિકાસ છે. સંપૂર્ણ કળાઓ ૬૪ છે એમ માનવામાં આવ્યું છે. સૃષ્ટિના ક્રમમાં અવતારોની હારમાળા સતત ચાલતી રહે છે અને વિશ્વના વિકાસની સાથે સાથે તેમની કળાઓ વધતી રહેશે.

અગાઉ થયેલા પ્રારંભિક અવતારોનું કાર્યક્ષેત્ર માત્ર ભૌતિક પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાનું જ હતું. ત્યાર પછીના અવતારોને અત્યાચારીઓ સામે લડવું પડ્યું. ત્યાર પછી સ્થાપનાનો ક્રમ ચાલ્યો. રામને મર્યાદા પુરુષોત્તમ અને કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ તેમજ બુદ્ધને વિવેકના દેવતા તરીકે ઓળખવામાં આવે છે. તેમનાં ચરિત્ર અને કાર્યો ઉચ્ચ આદર્શોની સ્થાપના માટેના છે. અધર્મના નાશ માટે તેમણે જે પ્રયત્નો કર્યા છે તેના કરતાં આદર્શોની સ્થાપનાનાં કાર્યો વધારે કર્યાં છે. કૃષ્ણે ગીતા ઉપદેશ દ્વારા અને બુદ્ધિના શરણે જવાના મહાન આંદોલન દ્વારા લોકજીવનને સાચી દિશા અને લોકમાનસને યોગ્ય પ્રેરણા આપવામાં તેમના પૂર્વાવતારોની સરખામણીમાં સિંહફાળો આપ્યો છે. પ્રજ્ઞાવતારનું કાર્ય ધાર્યા કરતાં વધારે વ્યાપક અને વધારે કઠિન છે. તેમણે સામયિક સમસ્યાઓ સામે અને વ્યક્તિગત ઉદ્દંડતાઓ સામે લડવાનું છે. ઉપરાંત લોકમાનસમાં સત્‌યુગ જેવી ભાવના અને રામરાજ્ય જેવી વ્યવસ્થા માટે જરૂરી અંતઃપ્રેરણા વિશાળ પાયે ઉત્પન્ન કરી શકે તેવા આદર્શોનું બીજારોપણ, સંવર્ધન, પરિપોષણ અને અમલીકરણ પણ કરવાનું છે. પ્રજ્ઞાવતારનું ધ્યેય તેમજ કાર્યનું ગૌરવ તેમજ વ્યાપકતા જોતાં તેમની કળાઓ ચોવીસ હોય તે સ્વાભાવિક છે. સમુદ્રમંથનમાંથી ચૌદ રત્નો નીકળ્યાં હતાં. હૃદયમંથનની હાલની ભાવચેતનામાંથી અસંખ્ય નરરત્નો મળી આવશે તે ચોક્કસ છે. સમુદ્રમંથનમાંથી નીકળેલાં રત્નોએ સૃષ્ટિના આરંભકાળે વિપુલ ઉત્કૃષ્ટ સાધનો પ્રસ્તુત કર્યાં હતાં. સમુદ્રમંથનમાંથી સંપત્તિ (લક્ષ્મી), સૂર્ય (જ્ઞાન), ચંદ્ર (સમતોલન), અમૃત (આત્મજ્ઞાન), ધનવન્તરી (શમન), વજ્ર (શિસ્ત), અશ્વ (ઉત્સાહ), ઐરાવત (પરાક્રમ) અને રંભા (કલા) – જેવા અનેક દિવ્ય વૈભવો ઉત્પન્ન થયા હતા. તેને કારણે તે વખતની પરિસ્થિતિઓમાં ચમત્કારી પરિવર્તનો થયાં હતાં. આ દિવસોમાં પણ એવું જ કાંઈક બની રહ્યું છે. અંતઃકરણમાંથી જન્મેલું આત્મજ્ઞાન અને ભાવાવેશ માણસોને કશુંક ઉમદા વિચારવા અને ઉત્તમ કાર્યો કરવાં માટે ફરજ પાડશે. પહેલ કરનારાઓ કાયમ પોતાના અનુયાયીઓ બનાવતા જાય છે અને એમ કરીને નવીન પરંપરાઓ પાડતા જાય છે. જાગૃત આત્માઓ દ્વારા થયેલી યુગસાધનાનો પ્રવાહ તેના અનુકરણ માટે લોકમાનસને અનાયાસે જ આકર્ષિત કરશે. છેલ્લા કેટલાક સમયથી આદર્શવાદના ધર્મ અને અધ્યાત્મ એ બંને પાયા વિવાદ અને વહીવટની વિટંબણાઓમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘેરાયેલા રહ્યા છે. હવેના સમયમાં તેમને પોતાનું તેજ ઝળકાવવાનો અને પ્રત્યક્ષ કાર્યરત્ થવાનો મોકો મળશે. જ્યારે એન્જિન ચાલે છે ત્યારે ડબ્બાઓ અનાયાસે જ તેની પાછળ સરકવા માંડે છે. વાવાઝોડું ફૂંકાય ત્યારે ઘાસ-પાંદડાં આપોઆપ જ ઊડવા લાગે છે. પૂર આવે છે ત્યારે ઘણી બધી વસ્તુઓ એના પ્રવાહમાં આપોઆપ જ ઢસડાતી હોય છે. જ્યારે જાગૃત આત્માઓના ઉદાત્ત અભિગમ અને ઉદાર ચરિત્રમાંથી લોકશ્રદ્ધા ઉત્પન્ન થશે ત્યારે અનેક માણસો અને સત્પ્રવૃત્તિઓને પ્રગતિના પંથે હરણફાળ ભરતા જોઈ શકાશે.

આપણા યુગની સમસ્યાઓ ભલે સંજોગોમાંથી જન્મેલી હોય એમ લાગતું હોય, પરંતુ હકીકતમાં તે વિકૃત મનોદશામાંથી જ ઉત્પન્ન થયેલી હોય છે, આ સત્યને બરાબર સમજી લેવું જોઈએ. તેના મૂળ સુધી પહોંચવાથી જ તેનું સમાધાન શોધી શકાશે. મનોભૂમિકા બદલવાથી જ પરિસ્થિતિઓ બદલી શકાશે. ગટર સાફ કરવાથી જ માખી, મચ્છર અને દુર્ગંધ ફેલાવનારા બૅક્ટેરિયાથી છૂટકારો મળી શકશે. લોહીના વિકારોનો કાયમી ઉપચાર કર્યા વિના કાયમ થયે રાખતા ગુમડાઓથી પીછો છોડાવી નહીં શકાય. સમસ્યાઓ અનેક છે. તેના બાહ્ય ઉપચારો પણ અસંખ્ય હોઈ શકે. આવા પ્રયત્નો થતા રહ્યા છે અને થઈ રહ્યા છે. પરિણામો અને અનુભવ પણ પ્રત્યક્ષ છે. સમાધાનો શોધવામાં સરકાર અને અર્થતંત્ર એકેય નોંધપાત્ર સફળતા મેળવી શક્યા નથી. ત્રણ સાંધીએ ત્યાં તેર તૂટે એવી હાલતમાં ગૂંચવણો ઉકેલવાનું ક્યાંથી શક્ય બને ? આજકાલ બુદ્ધિ કે સંપત્તિ, સાધન કે ક્ષમતા-શેનીયે તંગી નથી. સૃષ્ટિની ઉત્પત્તિથી માંડીને આજ સુધીના ઈતિહાસમાં આજે માણસ અગાઉ ક્યારેય ન હતો એટલો સમૃદ્ધ અને તાકાતવાન છે. સાથે સાથે આજે માણસ અગાઉ ક્યારેય વેઠવી પડી નથી એટલી વિપત્તિઓમાં ઘેરાયેલો છે, એ પણ એટલું જ સાચું છે.

સમસ્યાઓ ઉકલશે, તો વારાફરતી નહીં પણ બધી એકસાથે જ ઉકલશે કારણ કે તેનું ઉદ્ભવસ્થાન એક જ છે. બીમારી દૂર થવાની હશે તો તે માત્ર સંયમથી કે ખાનપાનની પરેજીથી જ કાબૂમાં આવી જશે. અસંયમ ચાલુ રહેશે અને ખાનપાન વૈભવશાળી બનતું જશે તો સારવારના મસમોટાં સાધનો ઊભાં કરવાં છતાંય કોઈ કાયમી ઉકેલ આવશે નહીં. નિતનવી ઔષધિઓ શોધાતી જશે અને રોજ નવી હૉસ્પિટલો ખૂલે રાખશે, પરંતુ નબળાઈ અને બીમારી ઉપર વિજય મેળવવાનું સપનું રોજ દૂર ને દૂર ઠેલાતું જશે.

માણસની તૃષ્ણાઓ આંતરિક સમાધાન, સમતોલન અને સંતોષના વિચારોથી જ શાંત પડશે. બાકી નાની નાની બાબતોમાં ઉન્માદ અને ઉદ્વેગના જ્વાળામુખી ફાટતા રહેશે. વિપુલ સાધનો હોવાં અને બધા માણસો અનુકૂળ હોવા એ સ્વપ્ન સમાન છે. વ્યાવહારિક જીવનમાં આવું ક્યારેય શક્ય નથી. દરેક જણે બાંધછોડ કરતાં કરતાં બીજા માણસો તેમજ પરિસ્થિતિઓને અનુકૂળ થઈને જીવવું પડે છે. હક સાથે ફરજને, આવક સાથે સંતોષને, સંઘર્ષ સાથે સહકારને, ઉપભોગ સાથે સંયમને જોડી દેવાથી જ માનસિક સમતોલન જાળવી શકાય છે. જો માનસિક તાણથી છૂટકારો મેળવવો હશે તો પરિસ્થિતિઓ અનુકૂળ થાય તેની રાહ જોવાની જરૂર નથી. વિચારને હકારાત્મક બનાવવાથી અને દૃષ્ટિકોણને ઉન્નત બનાવવાથી પણ કામ પાર પડશે. મનની વ્યાકુળતા અને અસંતોષનું સમાધાન એ રીતે જ મળી શકશે. અનુકૂલન મેળવવા માટે પુરુષાર્થ કરવો એ ત્યાર પછીનો તબક્કો છે.

પશ્ચિમી દેશોમાં કુટુંબ નાનું રાખવાના પ્રયોગો મોટાપાયે ચાલી રહ્યા છે. આધુનિક કુટુંબ એટલે પતિ-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પત્ની અને બે બાળકો. સંયુક્ત કુટુંબને આફત સમાન ગણીને તેને વિભક્ત કરવામાં આવ્યું, તેમ છતાંય સમસ્યા ઉકલતી નથી. નાનાં કુટુંબોમાં પણ અંધાધૂંધી પ્રવર્તે છે અને સ્નેહ-સૌજન્યની તંગી વરતાય છે. જ્યારે કેટલાંય મોટાં કુટુંબો પણ સ્નેહસભર સહકારી સંસ્થાના રૂપમાં સાર્થક અને સફળ થતા જોવા મળે છે. કૌટુંબિક સમસ્યાઓ તો અનેક છે, પરંતુ તેના મૂળમાં વૈચારિક દારિદ્રયનું મુખ્ય કારણ જ રહેલું હોય છે. વિપુલ સાધનો દ્વારા, રૂપ કે યુવાની દ્વારા અથવા વ્યવસ્થા દ્વારા કૌટુંબિક સુખ મળી રહેશે એવું બધાય ધારતા હોય છે. પરંતુ જ્યાં આવાં સાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ હોય ત્યાં પણ અસંખ્ય મતભેદો અને મનભેદો જોવા મળે છે. હકીકતો વિષે ઊંડો વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે વિચારોની દરિદ્રતા જ કુટુંબોને વિભક્ત અને અભાવગ્રસ્ત બનાવે છે. એનું નિરાકરણ થઈ શકે તો ઓછાં સાધનોવાળાં કુટુંબોમાં પણ માણસો દેવ જેવા સ્નેહ અને સૌજન્યનો લાભ મેળવીને જીવી શકે છે.

સમાજમાં અનેક કુરિવાજો પ્રચલિત છે. આમાં રિવાજો કરતાં તેની ઓથે બીભત્સ નૃત્ય કરતી દુષ્ટતા વધારે વિનાશક હોય છે. દહેજ પોતે કોઈ સમસ્યા નથી. દીકરીને વળાવતી વખતે વડીલો પોતાની સંપત્તિનો અમુક ભાગ ભેટ તરીકે આપે તેમાં કશું ખોટું નથી. કોડભરી કન્યાઓને ભરખી જતા દહેજના રાક્ષસનું રૂપ તો તેની પાછળ રહેલા નિષ્ઠુર અહંકાર અને સ્વાર્થે ઉત્પન્ન કર્યું છે. જો આ તત્ત્વોને દૂર કરવામાં આવે તો નવવધૂને સ્ત્રીધનના રૂપમાં કાંઈક ભેટસોગાદ મળવાથી હળવાશ અને આનંદનો જ અનુભવ થશે. આ જ બાબત બીજા બધા કુરિવાજોને લાગુ પડે છે. કુરિવાજો બદલવા જરૂરી છે પણ સાથે સાથે એ યાદ રાખવું પણ એટલું જ જરૂરી છે કે, જો દુષ્ટતા નાબૂદ નહીં કરીએ તો સુધારણાના નામે થતા પ્રયત્નો સંતોષકારક રીતે સફળ નહીં થઈ શકે. દહેજ સિવાયના આદર્શ કહેવાતાં લગ્નોનું ચલણ આજે વધવા માંડ્યું છે. એમાંય આજે પડદા પાછળની લેણદેણના વ્યવહારો પોષાઈ રહ્યા છે. તેને સુધારવાદિતાનું કમનસીબ જ ગણી શકાય. સમાજસુધારણાના બાહ્ય ઉપચારો ભલે ગમે તેટલા જરૂરી હોય, પરંતુ સદ્ભાવના જીવંત હોય તો જ તે સાર્થક નીવડે છે. સદ્ભાવના એ કોઈ રિવાજ કે પરંપરા નથી. એ તો આધ્યાત્મિક ઉપલબ્ધિ છે. સમાજમાં ફેલાયેલા અનેક કુરિવાજો નાબૂદ તો થવા જ જોઈએ. પરંતુ જ્યાં સુધી અંતઃકરણમાં સદ્ભાવનાઓની હરિયાળી ના છવાઈ જાય ત્યાં સુધી તેનાં અંતિમ પરિણામોની રાહ જોવી જોઈશે.

સરકારી સત્તા કયા પક્ષ પાસે છે તેનો સવાલ નથી, સવાલ સરકારી શાસનકર્તાઓની કક્ષાનો છે. ઘોષણાપત્રો અને સાઈનબોર્ડો બદલવાથી અને થોડાક માણસોના જૂથની અહીંથી ત્યાં ફેરબદલ કરવાથી સ્વચ્છ શાસનની અપેક્ષા સંતોષાતી નથી. મતદારોથી માંડીને રાજનેતાઓ સુધી સૌ કોઈની દાનત સુધરે તો કાંઈક નક્કર પરિણામ આવી શકે. પ્રગતિ માટેની યોજનાઓ યોગ્ય સંચાલનના અભાવે કેટલી હદે નિષ્ફળ જાય છે તેના દાખલા ડગલે ને પગલે જોવા મળે છે. ગુનાખોરી ઉપર નિયંત્રણ મેળવવામાં પોલીસ, કોર્ટ અને જેલનું માળખું બહુ અલ્પ પ્રમાણમાં સફળ નીવડે છે. ગુનાખોર માનસને નાથવાથી અને તંત્રસંચાલકોના નિર્લોભી અને કર્તવ્યનિષ્ઠ બનવાથી જ હેતુ સરશે. નહીંતર અપરાધો એની રીતે વધે રાખશે અને તેના નિયંત્રણનું માળખું ઠેરનું ઠેર ઊભું રહીને તમાશો જોયે જ રાખશે. અનીતિનાં વ્યક્તિગત અને સામાજિક રૂપો ઘણાંબધાં છે. એ બધાં ઉપર લગામ રાખવાનો એક માત્ર ઉપાય માણસના અંતઃકરણમાં દૃઢ ધર્મભાવનાનું નિરૂપણ કરવાનો જ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દરેક ક્ષેત્રમાં આગેવાનીની જરૂર છે. પરંતુ તેને પ્રતિભા અને ચાલાકીના આધારે મેળવવાના પ્રયાસો થાય છે. પરિણામે નેતાગીરી અભિનેતાઓ જેવા કૌતુલ-કુતૂહલો દાખવીને અટકી જાય છે. કાયમીપણું તો વિચારો અને કાર્યોમાં છવાયેલા ગૌરવ કે જેમાં ભ્રષ્ટ ચિંતન, દુષ્ટ ચરિત્ર, છળકપટ કે સ્વાર્થવૃત્તિ માટે કોઈ અવકાશ જ ના હોય — એમાં છે. આવા ઉચ્ચ કક્ષાના નેતૃત્વનો ઉદય જ જ્યાં અટકી ગયો છે ત્યાં લોકચેતનાને જાગૃત કોણ કરશે ? પોતે ભટકતા અને બીજાને ભટકાવનારા લોકો જ હળીમળીને નેતા અને અનુયાયીઓનાં ટોળાં બનાવીને લોકકલ્યાણના નામે શાલીનતાનું ઘડતર કરવા નીકળી પડ્યા છે. પરિસ્થિતિઓ બીજી કોઈ રીતે બદલી શકાશે નહીં. પ્રજ્ઞાવતારની પ્રેરણામાંથી જન્મેલી ઉત્કૃષ્ટ મનોદશા જ નેતૃત્વની કમી પૂરી શકવા સમર્થ પુરવાર થઈ શકશે.

સરળ આર્થિક વ્યવસ્થા માટે ઉપલબ્ધિઓને સંપીને ભોગવવાની અને તેનો માત્ર યોગ્ય માર્ગે અને યોગ્ય રીતે જ ઉપયોગ કરવાની ધારણા, સાધનોની વિપુલતા કરતાં વધારે જરૂરી છે. મહેનત, પ્રામાણિકતા અને કરકસર જેવા સદ્ગુણોની ગેરહાજરીમાં જ દરિદ્રતાનું દુઃખ ભોગવવું પડે છે. બાકી માણસની જરૂરિયાતો બહુ ઓછાં સાધનો વડે પણ સરળતાથી પૂરી થઈ શકે એટલી થોડી છે. એમ કરવાથી દરેકને, જેના વડે તે આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ માટે ઘણું થણું કરી શકે, એટલા સમય અને સાધનો મળી જ રહેશે.

નજર ફેલાવીને વાસ્તવિકતા શોધવાથી તમામ સમસ્યાઓનું એક જ કારણ દેખાઈ આવે છે — શ્રદ્ધાનો અભાવ અને હલકા વિચારો. તેનું નિરાકરણ આજે એક જ ઉપાય વડે થઈ શકે તેમ છે. અંતઃકરણનું ઉર્ધ્વીકરણ અને અભ્યુદય. પ્રજ્ઞાવતારનાં ક્રાંતિકારી કાર્યો લોકોના અંતઃકરણને ઢંઢોળીને તેને શાલીનતા અને સદાશયતા કરતાં બીજું કશુંય વધારે કીમતી ના લાગે તેવી દિશામાં હડસેલી મૂકશે. પ્રજ્ઞાવતાર મૂર્ધન્ય દેવસમાન મનુષ્યો — મહાત્માઓના માધ્યમથી આસ્થાસંકટને નિવારવાના પ્રયત્નો કરી રહ્યો છે. આવા મહામાનવોનાં કલ્પવૃક્ષો ધાર્મિક ક્ષેત્રની નર્સરીમાં જ ઊગી નીકળશે. અત્યારે પણ તેની સાબિતીરૂપે કલ્પવૃક્ષોના નવા રોપાઓ ઊગી-ઉછરી રહ્યા છે.

*સુખી જીવનની મહેચ્છા દરેકને હોય છે. તે ઉચિત અને સ્વાભાવિક પણ છે. પણ તેની પ્રાપ્તિ ત્યારે જ શક્ય છે જ્યારે આપણે આપણા દષ્ટિકોણમાં રહેલી ત્રુટિઓને સમજીએ અને તે સુધારવાનો પ્રયત્ન કરીએ. સુધરેલો દષ્ટિકોણ નજીવાં સાધનો અને કઠિન પરિસ્થિતિઓમાં પણ શાંતિ અને સંતોષને સ્થિર રાખી શકે છે. ગરીબીમાં પણ લોકોને શાંતિ અને સ્વર્ગનો આનંદ મેળવતાં જોઈએ છીએ. પરંતુ જો દષ્ટિકોણ અયોગ્ય છે તો સંસારનાં બધાં જ સુખ અને સાધનો મળવા છતાં પણ આપણને તે સુખી બનાવી શકતાં નથી. તેથી જ સુખી જીવનની મહેચ્છા રાખનાર પ્રત્યેક મનુષ્યને માટે ઉચિત એ છે કે તે પોતાના દષ્ટિકોણને સુધારવા માટેના નિરંતર પ્રયાસો કરતો રહે.*

•

***સન્માર્ગ ઉપર ચાલતી વખતે મરવાથી ડરો નહીં, હાનિ થવાની પણ ચિંતા કરો નહીં.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

— પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી —

# પ્રજ્ઞાવતારની શક્તિની હૈયાધારણ

(પ્રજ્ઞાપરિવારના સભ્યો માટે સંદેશ)

ગાયત્રી મંત્ર અમારી સાથે —

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્.**

દેવીઓ અને સજ્જનો ! આપ સૌ જાણો છો કે રાત્રિ સમાપ્ત થયા બાદ પૂર્વ દિશામાંથી જ સૂરજ ઊગે છે. સૂર્ય ઊગવા માટે બીજી કોઈ દિશા છે જ નહીં. જ્યારે ચોમેર અંધકાર છવાયેલો હોય ત્યારે માણસ જ્યાં-ત્યાં ઠોકર ખાતો ફરે છે. તેને દિશાનું, વસ્તુનું કે જગ્યાનું - શેનુંય ભાન રહેતું નથી. સર્વત્ર ઘોર અંધકાર છવાયેલો હોય છે. તે વખતે ઘુવડ, સાપ, ચોર, વીંછી, ભૂત-પલિત અને નિશાચરોનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. ભલા માણસો નસકોરાં બોલાવતાં ઊંઘતા હોય છે. આવા અંધકારના સમયે ચોમેર નિસ્તબ્ધતા છવાયેલી હોય છે. ક્યાંય હલનચલનનું નામોનિશાન હોતું નથી. તે સમયે બધા ઊંઘના ઘેનમાં હોય છે. સર્વત્ર સુનકાર છવાયેલો હોય છે. આવા ઘોર અંધકારને દૂર કરવા માટે જ્યારે પણ સૂરજ ઊગે છે, બ્રાહ્મમુહૂર્ત આવે છે, પરોઢ આવે છે. ત્યારે આપણે પ્રકાશ માટે સૂરજ સામે જોવું જ પડે છે. રાત્રિ પોતાની સાથે પરોઢ લાવે છે. પ્રાતઃકાળમાં જ સૂરજની લાલી ચમકે છે અને જે ઘોર અંધકારને દૂર કરવાની કોઈની તાકાત હોતી નથી તે કેવળ રાત્રિના ગર્ભમાંથી પ્રગટ થતા સૂરજ વડે જ દૂર થઈ શકે છે.

મિત્રો ! તેમ છતાંય એક બાબત એવી છે કે એ તમને જવલ્લે જ જોવા મળે છે. ક્યારેક સમય એટલો બદલાઈ જાય છે કે ચારે બાજુ માણસના મન ઉપર માઠી અસર કરે તેવી પરિસ્થિતિઓ ઉત્પન્ન થતી હોય છે. તેને સામાજિક જવાબદારીઓનું કે અંગત કર્તવ્યોનું ભાન રહેતું નથી. આવી અચોક્કસ સ્થિતિમાં, આજે તમે ચારે બાજુ જે મુશ્કેલીઓ અને ધાસ્તીભર્યું વાતાવરણ જોઈ રહ્યા છો એવી મુશ્કેલીઓ ઉત્પન્ન થઈ જાય છે. આજે અણુબૉંબની ભયાનકતાએ લોકોમાં દહેશત પેદા કરી છે. તમે રોજ સમાચારપત્રોમાં એના વિષે વાંચતા હશો. વાતાવરણ પ્રદૂષિત થવાના અને દુનિયાનું તાપમાન વધી રહ્યું હોવાના સમાચારો તમે રોજ વાંચો છો. આ બધું તમારા ધ્યાન બહાર નથી. તમને આ બધી બાબતોની માહિતી છે. અણુબૉંબમાંથી હવામાં ફેલાયેલા વિકિરણને કારણે વિનાશનો કાળો ડિબાંગ ઓછાયો ચોમેર ફેલાયેલો છે. એ તમે ક્યાં નથી જાણતા ?

આ વિકિરણને કારણે, વાયુપ્રદૂષણને કારણે આપણી આવનારી પેઢીઓ નબળી અને પાંગળી થઈ જવાની છે. બીમારીઓ અને રોગચાળો ફાટી નીકળવાનો છે. વધી ગયેલી જનસંખ્યાને કારણે ઊભી થયેલી સમસ્યાઓની તમને ખબર છે. જો આમનું આમ ચાલતું રહેશે તો થોડા જ દિવસોમાં ધરતી ઉપર હરવાફરવા જેટલી જગ્યા પણ નહીં વધે. બકરાનો વધ કરવાનો સમય જેમજેમ નજીક આવતો જાય તેમતેમ તેનામાં થોડીથોડી વારે ફેરફાર થતા રહે છે. તે અટકી અટકીને ચારો ખાતો હોય છે.

## ભારતીય સંસ્કૃતિ વિશ્વસંસ્કૃતિ બનશે

લગભગ આવી જ હાલત આજે માણસની થઈ ગઈ છે. એક અજ્ઞાત ભય તેના માથા ઉપર છવાયેલો છે. આજે માણસના વિચાર, વર્તન અને વ્યવહાર એટલા હલકા બની ગયા છે કે કુદરત પણ તેનાથી નારાજ થઈ ગઈ છે. રોજબરોજ કોઈ ને કોઈ કુદરતી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકોપની વાત જોવા કે વાંચવા મળે છે. કુદરત રૂઠે ત્યારે વારંવાર બીમારીઓ કે રોગચાળો જોવા મળે છે. અદૃશ્ય જગતમાં ડરામણું વાતાવરણ પેદા થઈ ગયું છે. કુદરતના કોપને કારણે છાશવારે ધરતીકંપો થતા રહે છે. નિતનવી મુસીબતો ઊભી થતી રહે છે. આપણી ચારે બાજુ આફતોના ઓળા ઊતરી આવ્યા છે. મહાયુદ્ધ પછી આપણું શું થશે ? તેના ભવિષ્યની કલ્પના કોઈ કરી શકતું નથી. વધતી જતી વસ્તીને કારણે કાલે આપણું શું થશે ? એ કોઈ જાણતું નથી. અરાજકતા આજે જે રીતે માઝા મૂકીને માણસને હેરાનપરેશાન કરી રહી છે તેનાં પરિણામો કેવાં આવશે ? આજે પણ આપણી સ્થિતિ કાંઈ સારી તો નથી જ. છતાંય હવે પછીના દિવસો વધારે ખરાબ આવવાના છે.

અપરાધો બેફામ વધી રહ્યા છે. માણસનો સ્વભાવ તેની મનોવૃત્તિ વધુને વધુ અપરાધી અને ઉચ્છૃંખલ બનતી જાય છે. આજે કેટલી બધી દુર્ઘટનાઓ અને ન કરવા જેવાં કાર્યો થઈ રહ્યાં છે. જેમાં મર્યાદાઓનું ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેવાં કાર્યો થઈ રહ્યાં છે. સૃષ્ટિના નિયમો બદલાઈ ગયા છે. વાવે તેવું લણે એ સૃષ્ટિનો નિયમ છે. દરેકને પોતાના કર્યાં ભોગવવાં જ પડે છે. ઝેર ખાધા પછી બચવાની આશા ક્યાંથી રાખી શકાય ? આજે ધનવાન, સંપન્ન, ગરીબ, ભારતીય, વિદેશી, પ્રવાસી અને બીજા તમામ લોકો બરાબર એવી જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે.

તો ગુરુજી ! શું આ દુનિયાનો વિનાશ થશે ? ના બેટા, સર્જનહારે આ સુંદર અને ઉત્તમ દુનિયાની રચના કરી છે. આના જેવી સુંદર દુનિયા બીજી નથી બનાવી. શું ઈશ્વર પોતાની રચેલી આવી સુંદર દુનિયાનો નાશ થવા દે ખરો ?નહીં. જ્યારે એને ખ્યાલ આવ્યો કે, માણસ આ સુંદર દુનિયાનો નાશ કરવાના પ્રયત્નો કરી રહ્યો છે, આ દુનિયાને રસાતાળમાં લઈ જવાની તૈયારીઓ થઈ ચૂકી છે ત્યારે ઈશ્વરે રાષ્ટ્રપતિ શાસનની માફક એનાં સંચાલન સૂત્રો પોતાના હાથમાં લઈ લીધાં છે અને ત્યાર પછી એણે ફરીથી આ સંસારને વ્યવસ્થિત બનાવી દીધો છે. અવતારો પણ આ જ પ્રકારે થયા છે. અવતાર કઈ રીતે અને ક્યાંથી થાય છે ? એ તમે બધા જાણો છો. દસમો અવતાર કહો કે ચોવીસમો, બધા અવતારો ભારતમાં જ થયા છે. સૂરજ નીકળવાની એક જ દિશા હોય છે. વિનાશ ભલે ગમે તે રીતે થયો હોય. પરંતુ એ બધાના ઉપાયની જગ્યા એક જ છે, કે જ્યાંથી આ બધાની સંભાળ રાખી શકાય છે. આજે ફરી એકવાર એવો સમય આવી ચૂક્યો છે કે જે લોકોએ દુનિયાને વિનાશમાં ધકેલી દીધી છે તેમને સીધા કરવાનું કામ ભારતભૂમિ કરી બતાવવાની છે. અગાઉ પણ ભારતે એ કામ કરેલું છે. તમે સત્યુગની વાતો જરૂર વાંચી અને સાંભળી હશે કે આ ધરતી પર કેવું સ્વર્ગ જેવું વાતાવરણ છવાયેલું હતું. તમે ભારતભૂમિના રામાયણ, મહાભારત, ગીતા, વેદ અને પુરાણ વગેરે ઇતિહાસ વાંચ્યા હશે. તમને એ વિષે થોડીઘણી જાણકારી હોવી જોઈએ. પ્રાચીનકાળમાં જેને સત્યુગ કહી શકાય એવો સમય ઘણા લાંબા અરસા સુધી ચાલ્યો હતો. એવો સત્યુગ ફરી એકવાર આવવાનો છે.

શું આવાને આવા મુસીબતના દિવસો ચાલ્યા કરશે ? શું આમને આમ વિનાશનું તાંડવ ચાલ્યા કરશે ? શું આવીને આવી રીતે આ સુંદર દુનિયાનો વિનાશ થતો રહેશે ? શું આવોને આવો સમય રહેશે ? નહીં, જે કલાકારે પોતાની સમસ્ત કલાને નિચોવીને આ દુનિયા બનાવી છે, તે એને બરબાદ થવા નહીં દે. એટલા માટે હવે તેનો છેલ્લો અવતાર થવાનો છે. ત્યાર પછી ડહાપણ, જવાબદારી અને પ્રમાણિકતાનું વાતાવરણ ઊભું થવાનું છે. એક એવો ઈશ્વરીય અવતાર થવાનો છે. જે સર્વત્ર 'વસુધૈવ કુટુંબકમ્'નો સિદ્ધાંત અમલી બનાવશે. હવે અત્યારની વિભક્તતા ફરીથી એક્તામાં બદલાઈ જાય એ દિવસો બહુ દૂર નથી. હવે આખી દુનિયાને એક થઈને, સંગઠિત થઈને રહેવું પડશે. 'વસુધૈવ કુટુંબકમ્'ના સિદ્ધાંતને અપનાવવો પડશે. આખી દુનિયાને એક રાષ્ટ્રના રૂપમાં, એક ભાષા, એક ધર્મ, એક સંસ્કૃતિના અનુયાયીના રૂપમાં રહેવું પડશે. દુનિયાને એક વ્યવસ્થાના, એક કાયદાના અનુશાસનમાં રહેવું પડશે. આવનારા દિવસોમાં આવી વ્યવસ્થા લાગુ કરવી પડશે. આવી વ્યવસ્થા ક્યાંથી આવશે, તેની તમને ખબર છે ? આવી વ્યવસ્થા માત્ર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભારતીય સંસ્કૃતિમાં છે. આવનારા દિવસોમાં જેમાં બધી રીતે સુખશાંતિ હોય અને જે બધી રીતે શાનદાર હોય એવી એક વ્યવસ્થા બનાવવી પડશે. આવી વ્યવસ્થા જેને આપણે દેવસંસ્કૃતિ કહીએ છીએ તે આપણી ભારતીય સંસ્કૃતિમાં છે. દેવસ્થિતિની આ વિશેષતા છે કે, માણસની મનોવૃત્તિ તેમજ તેના વ્યવહારને આખી દુનિયામાં સુખશાંતિ ફેલાય તેવા બનાવવા જોઈએ કારણ કે સાચા સુખશાંતિ મનોવૃત્તિ જ આપે છે.

સારી પરિસ્થિતિઓના નિર્માણ માટે મનોવૃત્તિ સુયોગ્ય હોવી ખૂબ જરૂરી છે. આ કામ ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિનું છે. એને કઈ સંસ્કૃતિ કહીશું ? એને માનવીય સંસ્કૃતિ કહો કે ભારતીય સંસ્કૃતિ કહો, ખરેખર તે કોઈ એક દેશની સંસ્કૃતિ નથી. એ હકીકતમાં માનવીય સંસ્કૃતિ છે. હવે એના વિસ્તૃતીકરણનો સમય આવી પહોંચ્યો છે. આવનારા દિવસોમાં ભારતીય સંસ્કૃતિ દરેક જગ્યાએ ફેલાશે. આ સંસ્કૃતિ ભારતીયોના માધ્યમથી સ્નેહ આપીને આખી દુનિયાના લોકોને તેને અનુસરવાની ફરજ પાડશે એ દિવસ હવે દૂર નથી, પરંતુ નજીક આવી ગયો છે. થયું છે શું, કે ભારતભૂમિ પર અગાઉથી આ પ્રકાશ ફેલાઈ ચૂક્યો છે. જાણે કોઈએ અગાઉથી યોજના બનાવી મૂકી હોય ! પરોઢ ઊગે ત્યારે કોઈ તૈયારી કરે છે ખરું ? પૂર્વ દિશામાંથી લાલ રંગના વાદળા પાછળથી સૂર્ય ઊગે છે. આ બધી સૂરજદેવતાના આગમનની તૈયારીઓ છે. ભગવાનના આગમનની તૈયારીને પરિણામે થોડાક જ વખતમાં અંધકાર દેખાતો નથી. ઘુવડ પણ દેખાતાં નથી, ચોરો કે ચામાચીડિયાં પણ દેખાતાં નથી. ઊંઘતા માણસોનું ઘેન પણ અદૃશ્ય થઈ જાય છે. દરેક જગ્યાએ જાગૃતિની લહેર ફેલાઈ જાય છે.

બરાબર આવી જ જાગૃતિની લહેર ભારતભૂમિમાંથી ફૂટી નીકળી છે. શું તે ભારત પૂરતી જ સીમિત રહેશે ? સૂરજ સીમિત રહી શકે ખરો ? સૂરજ પૂર્વમાંથી ઊગે છે ખરો, પણ થોડાક સમયમાં જ તે ઊંચો ચાલ્યો જાય છે. આખી દુનિયાને અંધકારમાંથી બહાર કાઢીને ઉજાસની મજા ચખાડે છે. ભારતીય સંસ્કૃતિના ઉદયનો સમય આવી પહોંચ્યો છે. દેવસંસ્કૃતિના ઉત્થાનનો સમય નજીક આવી પહોંચ્યો છે. દેવસંસ્કૃતિ દ્વારા સત્યુગના પુનરાગમનનો સમય આવી પહોંચ્યો છે. જે લોકોએ માણસજાતને પાયમાલ કરી નાખનારી પરિસ્થિતિઓ ઊભી કરી છે તેમને પડકારશે. જેમણે વિનાશક અણુબૉંબ બનાવ્યા છે, જેમણે અસમાનતા ફેલાવી છે. જેમણે અપરાધોને ઉત્તેજન આપ્યું છે, જેમણે અંધાધૂંધીને પ્રોત્સાહન આપ્યું છે, જેમણે અશ્લીલ ફિલ્મો બનાવી છે, જેમણે માણસને બરબાદ કરી નાખનારા કુરિવાજો બનાવ્યા છે — હવે આ બધાને તે લલકારશે. લલકાર કોના તરફથી છે ? ભગવાન તરફથી, પ્રજ્ઞાવતાર તરફથી છે, હવે બિલકુલ સમીપ આવી પહોંચેલા નવા યુગ તરફથી છે.

આની જવાબદારી કોની છે ? ભારતની. આ જવાબદારી ફરી એકવાર ભારતે ઉપાડી લીધી છે. જે પૌર્વાત્ય સંસ્કૃતિનાં આપણે સંતાનો છીએ એણે ઉપાડી લીધી છે. તો પછી આ જવાબદારી આપણી નહીં તો બીજા કોની થાય ? પૂર્વમાંથી નીકળતા સૂર્યની જવાબદારી કોણ ઉપાડી લે છે ? તેનાં કિરણો જ ઉઠાવે છે. કિરણો જ ફેલાય છે. એ જ ગરમી આપે છે. સૂર્યકિરણોએ દરેક વસ્તુમાં પ્રકાશ અને ઉલ્લાસ ભરવાનો છે. તમે અને અમે, આપણે બધા તેનાં કિરણો છીએ. કોના ? સૂર્યનાં. કયો સૂર્ય ? ભારતીય સંસ્કૃતિનો સૂર્ય. તમે ભારતમાં કે ભારત બહાર, ગમે ત્યાં હો. તેથી શું ? તમે બધા ભારતીય સંસ્કૃતિનાં કિરણો છો. તમે બધા તેના અનુયાયીઓ છો. તમે ગમે ત્યાંના નાગરિક હો, દેશની દૃષ્ટિએ ગમે ત્યાંના 'સીટીઝન' હો. મારે તમને શું કહેવું ? તમે તો ભારતીય સંસ્કૃતિના પુત્ર છો અને રહેવાના છો. તમારી રગોમાં ઋષિઓનું લોહી ફરી રહ્યું છે અને રહેવાનું છે. તમે ગમે તે દેશમાં રહેતા હો, કે ગમે તે કામ કરતા હો. તમારી ઉપર મોટી જવાબદારી છે. તમને તમારી એ જવાબદારીનું ભાન કરાવવા માટે અમે તમારી સેવામાં હાજર થયા છીએ. અમે એટલા માટે જ તમારી સમક્ષ વારંવાર આવીએ છીએ અને અમારા કાર્યકરોને તમારી પાસે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભારતીય સંસ્કૃતિના ખેપિયા તરીકે, સત્‌યુગના ટપાલી તરીકે, ઉજ્જ્વળ માનવીય ભવિષ્યના કાસદ તરીકે મોકલતા રહીએ છીએ. તમારી પરંપરા કેટલી મહાન છે ? તમે કેટલા મહાન છો ? તમારી સંસ્કૃતિ કેટલી મહાન છે ? એ બતાવવા માટે તમારે તમારી મહાન પરંપરાનો નિર્વાહ કરવાનો છે.

આ મહાન પરંપરાને જીવંત રાખવાનું કારણ એ કે એની હવા માત્ર હિંદુસ્તાનમાં જ નહીં, પરંતુ આખી દુનિયામાં ફેલાવાની છે. તે તમારે જ ફેલાવવાની છે. તમારે જ એ જવાબદારી નિભાવવાની છે. જે લોકો ઇંગ્લેન્ડ, અમેરિકા, જર્મની, હૉલેન્ડ વગેરે દેશોમાં રહે છે તેની જવાબદારી તમારે સંભાળવાની છે. જે લોકો આફ્રિકાના કેન્યા કે યુગાન્ડા જેવા ભાગોમાં રહે છે એટલે કે બિનનિવાસી ભારતીયો છે તે બધા અમારા રાજદૂત તરીકે આ કાર્ય કરશે. ભારતીય સંસ્કૃતિના સમર્થકોને આપણે ઇચ્છીએ તો રાજદૂત કહી શકીએ. સ્વામી વિવેકાનંદ ભારતીય રાજદૂત હતા. કોના ? ભારતીય સંસ્કૃતિના, ભારત સરકારના નહીં. તમે આફ્રિકા, અમેરિકા, જાપાન કે ઇંગ્લૅન્ડ કે અન્ય કોઈ જગ્યાએ ભલે વસતા હો, એનાથી કશો ફરક પડતો નથી. આપણા પ્રવાસી ભારતીયો ૭૪ દેશોમાં વસેલા છે. તમારે લોકોને નવયુગના પુનરાગમન વિષે ભારતીય સંસ્કૃતિ વિષે જણાવવાનું છે. તમારે ખાલી માહિતી જ આપવાની નથી. પરંતુ દરેક જણને આ કાર્ય માટે પ્રોત્સાહિત કરવાના છે. આ કામ તમારે જ કરવાનું છે. તમે જો આ કામ નહીં કરો તો તમારો અંતરાત્મા તમને એની ફરજ પાડશે.

સાથીઓ ! તમારી આવનારી પેઢીઓ તમારી પાસેથી એટલી જ અપેક્ષા રાખશે કે, તમે યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરો. તમે એમ કરવા માટે કમર કસીને તૈયાર રહો. તમે ગમે તે દેશમાં વસતા હો, ગર્વભેર જીવો. બધા તમારાં વખાણ કરે છે. ભારતીયોને તમારા ઉપર ગર્વ છે. પ્રવાસી ભારતીયોએ પોતાના દેશોમાં જે કામ કર્યું છે, તે પ્રશંસનીય છે. તમે અમારાથી ઘણા દૂર રહો છો. અમને ભારતવાસીઓને તમારી પાસે ઘણી અપેક્ષાઓ છે. તમને તમારી અંગત જવાબદારીઓ પણ છે. બાળકોની, તેમના અભ્યાસની, માતાપિતાની સારસંભાળની — આ બધી જવાબદારી પણ નિભાવો. પરંતુ એની સાથે સાથે ભારતીય પરંપરા, ભારતીય સંસ્કૃતિનું જતન કરવા માટે પણ એટલી જ મહેનત કરો. તમે આ કાર્ય હસતા મોંઢે ઉપાડી લેશો એવો અમને પૂરો વિશ્વાસ છે. અમે અમારા કાર્યકરો દ્વારા તમારા સુધી આવીએ છીએ. તમને જાગૃત કરીએ છીએ, ઢંઢોળીએ છીએ અને સમજાવીએ છીએ. તમને ક્યારેક ખુશ કરીએ છીએ, ક્યારેક નારાજ કરીએ છીએ. ક્યારેક આ અણમોલ અવસરનું મૂલ્ય સમજવા માટે મનાવીએ છીએ. તમારે હજી ઘણાં કામ કરવાનાં છે. એટલા માટે અમે તમને વિપુલ સાહિત્ય અને પુસ્તકો પહોંચાડ્યાં છે. તેમાં તમારે પ્રવાસી ભારતીયોએ શું કરવાનું છે તેનું માર્ગદર્શન છે. તમારે એક સ્વાયત્ત ભારતીય એકમ તરીકે વર્તવાનું છે. માત્ર સંતાનરૂપેના એકમ તરીકે નહીં, પણ ભારતીય સંસ્કૃતિના રખેવાળરૂપે રહેવાનું છે. તમારે તમારા દેશના લોકોને ભારતમાતાનો માણસાઈનો સંદેશ પહોંચાડવાનો છે. વસુધૈવ કુટુંબકમ્‌નો સંદેશ, ભારતીય સંસ્કૃતિનો સંદેશ પહોંચાડવાનો છે. આ બધાં કાર્યો તમારે કરવાનાં છે.

મિત્રો ! અમે તમને ઘણી વાતો કહી છે. તેમાંથી અમુક કામ તમારે તાત્કાલિક જરૂર હાથ ધરવાનાં છે. એ કામ ક્યાં છે ? સૌ પ્રથમ તમારે પોતપોતાના ક્ષેત્રના ભારતીય વંશના રહેવાસીઓનું એક સંમેલન બોલાવવાનું છે. 'યુગ નિર્માણ સંમેલન' અથવા 'પ્રજ્ઞા અભિયાન સંમેલન' — ગમે તે નામ રાખો — નામથી શું ફેર પડે છે ? જો તમે વિરાટ સંમેલનનું આયોજન કરી શકો એમ ના હો તો, વિભાગીય સંમેલન કરો. એના માધ્યમથી તમે જાહેર કરી શકશો કે તમે હળીમળીને રહેશો, એકબીજાની સહાયતા કરશો અને ભારતીય સંસ્કૃતિને જીવનમાં ઉતારશો. એટલું જ નહીં, પરંતુ તમે નવયુગના આગમન વિષે પણ લોકોને માહિતગાર કરશો. આ કાર્ય માટે એક સભા કે સંમેલન ભરવું જરૂરી છે. તમને ખબર હશે કે, આજથી વીસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વર્ષ પહેલાં ગાયત્રી તપોભૂમિમાં હજારકુંડીય યજ્ઞ કરવામાં આવ્યો હતો. તેમાં બધા ધર્મપ્રેમી અને સમજુ માણસોએ સહકાર આપ્યો હતો. અમે તમને વારંવાર જેની તરફથી સંદેશો આપીએ છીએ તેના પ્રેરણા અને સહયોગ વડે એ યજ્ઞ અભિયાન સંપન્ન થયું હતું. તમારે પોતપોતાના ક્ષેત્રમાં એક સંમેલન જરૂર ભરવું જોઈએ. તેનાથી પરસ્પર સ્નેહ વધશે, જાણકારીનો વિનિમય થશે અને એકબીજાનો સહકાર મળશે. એટલા માટે ભાવનાત્મક એક્તાની દૃષ્ટિએ એક સંમેલન અવશ્ય ભરવું જોઈએ. આ કોઈ એકલાથી થઈ શકે તેવું કાર્ય નથી. તેથી તમારે સૌએ હળીમળીને જ એ કામ પાર પાડવાનું છે. ભગવાન શ્રીરામે પણ રીંછવાનરોની મદદ લીધી હતી. શ્રીકૃષ્ણને પણ ગોપ-ગોવાળિયાઓનો સહયોગ મળ્યો હતો. ગાંધીજીએ પણ સત્યાગ્રહીઓનો સાથ માગ્યો હતો. જો તમે હળીમળીને કામ નહીં કરો તો પરસ્પર કેમ કઈ રીતે વધશે ? એટલા માટે તમારે બધાએ ભેગા મળીને સંમેલન ભરવાનું છે.

બીજું કામ એ છે કે તમે પ્રજ્ઞાવતાર મિશન – જેને પ્રજ્ઞાઅભિયાન પણ કહી શકાય, નિષ્કલંક અવતાર મિશન પણ કહી શકાય, નવયુગનો સંદેશ પણ કહી શકાય – એના વિષે માહિતી આપવા માટે નાની નાની પુસ્તિકાઓ છપાવી શકો છો. તમે સારા સાહિત્યની મદદથી ઘણી જાણકારી લોકો સુધી પહોંચાડી શકો છો. આ મિશનનો ઉદ્દેશ્ય શું છે ? આપણે અત્યાર સુધીમાં શું-શું કર્યું છે ? આ બધામાં ઈશ્વરીય પ્રેરણા કઈ રીતે સંકળાયેલી છે ? તેના માટે સ્મરણિકા બહાર પાડવી જોઈએ. સ્મરણિકાથી શું થશે ? સ્મરણિકાથી જાહેરાતો મળે છે. તેનાથી વિજ્ઞાપનદાતાઓને ફાયદો થાય છે. સ્મરણિકાના માધ્યમથી નાના મોટા દરેક જણને વગર પૈસે જાણકારી મળે છે. એક વાતાવરણ ઊભું થાય છે. સૌ કોઈ સહેલાઈથી જાણી શકશે કે, આ સંસ્થા શું છે ? તેનો ઉદ્દેશ્ય શું છે ? આ સંસ્થા કેટલી ગૌરવવંતી છે ? તેણે શું-શું કર્યું છે ? અને હવે ક્યા મહત્ત્વનાં કાર્યો કરવાની છે ? તમે જો આ વાત જાહેર નહીં કરો તો, તેના સમર્થકો કઈ રીતે ઊભા થશે ? તમને સહયોગ ક્યાંથી મળશે ? એટલા માટે તમારે સંમેલનની સાથે સાથે સ્મરણિકા જરૂર પ્રકાશિત કરવી જોઈએ.

આ સિવાય જેના વગર અમારું કાર્ય પૂરું નહીં થાય, જે તમારે ખાસ કરવા જેવા છે એવાં કાર્યો બીજા ઘણાં છે. તમે ભારતીય સંસ્કૃતિનો નવયુગનો સંદેશ દરેકને આપો. તેનો પ્રકાશ દરેક જગ્યાએ ફેલાવો. વિનાશની ભયંકરતા વિષે તમે લોકોને જાણકારી આપીને તેમને સાવધાન કરો. તમે દુનિયાના નવનિર્માણ માટે સારા દિવસો લાવવા માટે સારા લોકોએ શું કરવું જોઈએ ? તેની લોકોને જાણકારી આપો. આ બધાં કાર્યો તમે જ્યારે લોકોને સંમેલનના નેજા હેઠળ ભેગા કરશો ત્યારે જ થઈ શકશે. સંગઠનમાં સ્થિરતા લાવવા માટે, લોકોનો ઉત્સાહ ટકાવી રાખવા માટે કાયમ કંઈને કંઈ રચનાત્મક કાર્યો થતા રહેવાં જોઈએ. પૂર્વમાંથી નવેસરથી ઉદય પામી રહેલી ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કરવામાં તમે ત્યાગ, ઉત્સાહ અને હિંમતથી અમારી મદદ જરૂર કરશો તેવી આશા છે. પ્રજ્ઞા અભિયાનો ગાયત્રી પરિવારના સંગઠનને મજબૂત કરશે અને તેના વિચારોને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવામાં મદદ કરશે. જો તમે આ કામ કરશો તો અમે તમારી પાસેથી જેની આશા રાખતા હતા તે કામ તમે કેટલી સરળતાથી કરી શકો છો, તેનો તમને ખ્યાલ આવશે. જો તમે આ કાર્ય કરશો તો તમને મજા આવશે. તમને બધાને પ્રાથમિક પગલાં લેવાની પ્રાર્થના કરીને આજની વાત અહીં સમાપ્ત કરીએ છીએ. તમને બધાને ખૂબખૂબ સ્નેહ, ઘણા ઘણા આશીર્વાદ. તમે ભલે ગમે તેટલા દૂર રહેતા હો, પરંતુ ભાવનાની, વિચારોની અને હૃદયની રીતે અમારી સાવ નજીક છો. તમે ઘણા પ્યારા છો, મિત્ર છો, સહયોગી છો, કુટુંબીજન છો. તમે સૌ સુખી બનો. ઉન્નત બનો અને તમારા સંપર્કમાં આવનારાને પણ ઉન્નત બનાવો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

**સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા.**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત.**

**– ૐ શાન્તિ**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.